અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

26 FEBRUARY-2026 THURSDAY | Vol. : 17 | Issue : 235 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ભારતીય સોલર પેનલ પર અમેરિકાએ 126% ડ્યુટી લગાવી: કહ્યું- ચીન ભારત દ્વાર સસ્તા ઉત્પાદનો મોકલી રહ્યું છે....

4

બોમ્બ સાઈક્લોન : અમેરિકાને ભીંસમાં લેનારો સફેદ દૈત્ય

6

VIROSHના લગ્નમાં આવનારા મહેમાનોનું લિસ્ટ! સાઉથ અને બોલિવૂડની સેલિબ્રિટીઓ...

7

સોનું 3 દિવસમાં ₹5 હજાર મોંઘું થયું: 10 ગ્રામનો ભાવ ₹1.60 લાખ પર પહોંચ્યો, ચાંદી 6,455 વધીને ₹2.69 લાખ પ્રતિ....

# પીએમ મોદી 9 વર્ષ પછી ઇઝરાયલ પહોંચ્યા

## નેતન્યાહૂ અને તેમના પત્નીએ એરપોર્ટ પર સ્વાગત કર્યું, આજે સંસદને સંબોધિત કરશે

**તેલ અવીવ, તા.25**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાત માટે ઈઝરાયલ પહોંચ્યા છે. ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્નીએ એરપોર્ટ પર મોદીનું સ્વાગત કર્યું. રાષ્ટ્રગીત સાથે પીએમનું સ્વાગત કરવામાં આવ્યું. છેલ્લા નવ વર્ષમાં આ તેમની ઈઝરાયલની બીજી મુલાકાત છે. અગાઉની મુલાકાત જુલાઈ 2017માં હતી. પીએમ મોદી આજે નેતન્યાહૂ સાથે પ્રાઈવેટ વાતચીત કરશે. તેઓ ઈઝરાયલી સંસદને પણ સંબોધિત કરશે, આવું કરનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. તેઓ એક ભારતીય સમુદાય કાર્યક્રમમાં પણ હાજરી આપશે અને ટેકનોલોજી પ્રદર્શનની મુલાકાત લેશે. મોદીની મુલાકાત દરમિયાન ચર્ચાઓ ભારત-ઈઝરાયલ ડિફેન્સ ડીલ પર કેન્દ્રિત થવાની સંભાવના છે, જેમાં ડ્રોન અને એન્ટી-બેલિસ્ટિક મિસાઈલ સિસ્ટમનો સમાવેશ થાય છે. નેતન્યાહૂએ અગાઉ રવિવારે કહ્યું હતું કે તેઓ તેમના પ્રિય મિત્રની ઈઝરાયલ મુલાકાતની રાહ જોઈ રહ્યા છે.

ઈઝરાયલી અખબાર, ધ જેરુસલેમ પોસ્ટે, પીએમ મોદીના સ્વાગત માટે એક ખાસ ફ્રન્ટ પેજ છાપ્યું. ફ્રન્ટ પેજ પર હિન્દી શબ્દ 'નમસ્તે' સાથે વડાપ્રધાન નરેન્દ્ર



મોદીનો ફોટો છે. PM મોદી તેમની બીજી મુલાકાતે ઈઝરાયલ પહોંચ્યા છે, જ્યાં તેમનું સ્વાગત ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂએ કર્યું હતું. ઈઝરાયલી સંસદમાં થનાર મોદીનું ભાષણ સ્થાનિક રાજકારણના વિવાદમાં ઘેરાઈ ગયું છે. ઈઝરાયલનો વિપક્ષ બુધવારે સંસદના વિશેષ સત્રનો બહિષ્કાર કરવાની યોજના બનાવી રહ્યો છે. વિવાદ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ આઈઝેક અમીતને આમંત્રિત ન કરવાને લઈને છે.

ઈઝરાયલી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સંસદના સ્પીકર અમીર ઓહાનાએ વિશેષ સત્રમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને આમંત્રિત કર્યા નથી. પરંપરા અનુસાર, આવા ઔપચારિક સત્રોમાં ચીફ જસ્ટિસને બોલાવવામાં આવે છે. આને લઈને સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચેનો સંઘર્ષ તેજ બન્યો છે.

વિપક્ષી નેતા અને પૂર્વ વડાપ્રધાન યેર લેપિડે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ પાસે હસ્તક્ષેપની માગ કરી છે. તેમણે X પર લખ્યું કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસનો બહિષ્કાર ખરેખર વિપક્ષનો પણ બહિષ્કાર છે.

લેપિડે કહ્યું કે તેઓ ભારતને શરમાવવા માંગતા નથી, જ્યાં 1.5 અબજની વસ્તીવાળા દેશના વડાપ્રધાન અડધી ખાલી સંસદને સંબોધિત કરે. પ્રવાસના બીજા દિવસે મોદી 26 ફેબ્રુઆરીએ ઈઝરાયલના ઐતિહાસિક હોલોકોસ્ટ સ્મારક 'યદ વાશેમ'ની મુલાકાત લેશે. આ સ્મારક જર્મનીમાં હિટલરના નાઝી શાસનમાં માર્યા ગયેલા 60 લાખથી વધુ યહૂદીઓની યાદમાં બનાવવામાં આવ્યું છે. જેમાં લગભગ 15 લાખ બાળકો પણ સામેલ હતા.

સ્મારક પરિસરમાં પીડિતોના નામ, દસ્તાવેજો અને ઐતિહાસિક રેકોર્ડનો વિશાળ સંગ્રહ છે. અહીં રાખવામાં આવેલી 'બુક ઓફ નેમ્સ'માં લાખો પીડિતોની વિગતો નોંધાયેલી છે. વડાપ્રધાન આ રેકોર્ડ્સનું અવલોકન કરશે અને હોલોકોસ્ટના પીડિતોને શ્રદ્ધાંજલિ આપશે.

યાદ વાશેમ પછી વડાપ્રધાન મોદી ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગને મળશે. બેઠકમાં રાજકીય, સાંસ્કૃતિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થશે. બંને નેતાઓ પ્રાદેશિક સ્થિરતા, પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ અને વૈશ્વિક પડકારો પર ચર્ચા કરશે. રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કર્યા પછી તરત જ મોદી, નેતન્યાહુ સાથે બેઠકમાં જોડાશે. BBCના રિપોર્ટ અનુસાર આ દરમિયાન ભારત અને ઈઝરાયલ વચ્ચે ડ્રોનની ખરીદી અને સંયુક્ત ઉત્પાદન સહિત અનેક મોટા સંરક્ષણ કરારો પર સહમતિ બની શકે છે.

ફોર્બ્સ ઈન્ડિયા અનુસાર 2026માં બંને દેશો વચ્ચે 8.6 અબજ ડોલરનો સંરક્ષણ કરાર શક્ય છે. આમાં પ્રિસિઝન ગાઈડેડ બોમ્બ અને મિસાઈલ સિસ્ટમ સાથે એડવાન્સ ડ્રોન પણ શામેલ હોઈ શકે છે. રિપોર્ટ્સ અનુસાર ભારત હેરોન MK-2 MALE ડ્રોન ખરીદવાની યોજના બનાવી રહ્યું છે. આ ડ્રોન 45 કલાક સુધી સતત ઉડાન ભરી શકે છે, 470 કિલોગ્રામ વજન ઉઠાવી શકે છે અને 35 હજાર ફૂટની ઊંચાઈ સુધી જઈ શકે છે.

આ ઉપરાંત આતંકવાદ વિરુદ્ધ સહયોગ, ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC), વેપાર અને રોકાણ, એડવાન્સ ટેકનોલોજી અને ઈનોવેશન જેવા મુદ્દાઓ પર પણ વાતચીત શક્ય છે. જોકે, સંભવિત કરારો અંગે હજુ સુધી સત્તાવાર જાહેરાત થઈ નથી.

ઈઝરાયલ ભારત સાથે તેની એડવાન્સ એર ડિફેન્સ સિસ્ટમ આયર્ન ડોમની ટેકનોલોજી શેર કરી શકે છે. આ માહિતી મુંબઈમાં IANS ને આપેલા ઈન્ટરવ્યુમાં ઈઝરાયલના કોન્સુલ જનરલ યાનિવ રેવાચે આપી હતી. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના એજન્ડામાં આયર્ન ડોમ અંગેની વાતચીત પણ સામેલ છે. તેમણે કહ્યું કે ઈઝરાયલ આ ટેકનોલોજીને ભારત સાથે શેર કરવા તૈયાર છે.

# રાહુલ ગાંધી અને કોંગ્રેસ ભારત વિરોધી તાકાતોના હાથની કઠપૂતળી

## પીયૂષ ગોયલનો આરોપ- વારંવાર જૂઠું બોલીને રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન કરી રહ્યા છે

**નવી દિલ્હી, તા.25**

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે બુધવારે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી અને તેમની પાર્ટી ભારત વિરોધી તાકાતોના હાથની કઠપૂતળી બની રહ્યા છે. ભાજપ મુખ્યાલયમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા ગોયલે આરોપ લગાવ્યો કે ગાંધી પરિવાર એક સમાધાનકારી પરિવાર છે અને કોંગ્રેસ સમાધાનકારી રાજકીય પક્ષ છે. ગોયલે કહ્યું, 'પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના સમયથી જ ગાંધી પરિવારે હંમેશા દેશના હિતો સાથે સમાધાન કર્યું છે.' ગોયલે આરોપ લગાવ્યો કે ગાંધીએ ભારત વિરોધી તાકાતો સાથે હાથ મિલાવીને 'રાષ્ટ્રીય હિત' સાથે સમાધાન કર્યું છે.

ગોયલે આરોપ લગાવ્યો કે ગાંધી અને તેમની પાર્ટી દેશની પ્રગતિને અસ્થિર કરવા માટે 'નાની રાજનીતિ' રમી રહ્યા છે. તેમણે આગળ કહ્યું, 'રાહુલ ગાંધી નકારાત્મક રાજનીતિના પ્રતીક બની ગયા છે.'

ગોયલે કહ્યું કે તમે જોયું કે મનમોહન સિંહની સરકાર દરમિયાન પણ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ કઈ રીતે બંધારણથી અલગ શક્તિઓનો ઉપયોગ કર્યો. ઘણી વાર તો તેમણે



પ્રેસ સામે કેબિનેટના નિર્ણયોને ફાડી પણ દીધા. વડાપ્રધાનનું અપમાન કરવું, રાષ્ટ્રીય સલાહકાર પરિષદ દ્વારા સરકાર ચલાવવી અને દેશ પર વામપંથી વિચારધારા થોપવી? સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સમાંતર કેબિનેટ ચલાવતા હતા અને દેશને નુકસાન પહોંચાડતા હતા.

અમે પ્રેસ સાથે રાહુલનું વર્તન જોયું છે. તમે રાહુલ ગાંધીને કોઈ અસ્વસ્થતાભર્યો પ્રશ્ન પણ પૂછી શકતા નથી, નહીં તો તમને ભાજપ સાથે સંકળાયેલા પત્રકાર તરીકે ઓળખાવવામાં આવશે. તેઓ ફક્ત સુનિયોજિત પ્રેસ કોન્ફરન્સ ઈચ્છે છે. તેઓ લેખિતમાં આપેલા પ્રશ્નો સિવાય અન્ય કોઈ પ્રશ્ન લેતા નથી. રાહુલ દેશવાસીઓના હિતોને સંપૂર્ણપણે દાવ પર લગાવી રહ્યા છે અને કદાચ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા, નવા ભારત, ઉભરતી અર્થવ્યવસ્થા અને ઉભરતા વિશ્વમાં ભારતના પ્રભુત્વને સહન કરી શકતા નથી. તેથી, તેઓ વારંવાર જૂઠું બોલીને રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન કરી રહ્યા છે. ફક્ત સોનિયા અને રાહુલ ગાંધી જ નહીં, જેમણે દેશને નુકસાન પહોંચાડ્યું. તેમણે ફક્ત વડાપ્રધાન તરફથી પોતાની રાજનીતિ ચલાવીને જ દેશને નુકસાન પહોંચાડ્યું નથી. રાજીવ ગાંધી પણ દેશને નુકસાન પહોંચાડવામાં ક્યારેય પાછળ હટ્યા નથી. રાજીવ ગાંધીના ઈશારે વિદેશ મંત્રીએ સ્વીડિશ અધિકારીઓને બોફોર્સ કૌભાંડની તપાસ રોકવા વિનંતી કરી હતી. આપણે બધા જાણીએ છીએ કે પોતાના મિત્ર ઓટાવિયો ક્વાત્રોચીને બચાવવા માટે નિષ્પક્ષ તપાસને કેવી રીતે રોકવામાં આવી હતી. બોફોર્સ કાંડમાં કોંગ્રેસ અને રાજીવ ગાંધીની શું ભૂમિકા હતી, તે કોઈને ખબર નથી. ગાંધી પરિવારે દુનિયા સામે દેશની છબી ખરાબ કરી અને બદનામ કર્યો.

ઈન્દિરા ગાંધી પણ દેશના હિતો સાથે સમાધાન કરવામાં પાછળ ન રહ્યા. અમે જોયું કે રાજદૂત મોયનિહાને આ વાતની પુષ્ટિ કરી કે સીઆઈએ વારંવાર કોંગ્રેસ પાર્ટીને ચૂંટણી માટે ભંડોળ પૂરું પાડ્યું અને કોંગ્રેસ પાર્ટી સીઆઈએ દ્વારા પોતાની રાજનીતિ ચલાવતી હતી.

# BJP નેતાએ યુટ્યુબરને ગાડીમાંથી ઉતારી માર માર્યો: કવરેજ કરવા બદલ લાફો ઝીંક્યો

## કથિત પત્રકારના ઘરે હુમલો, કાર-બાઈક-વોશિંગ મશીન તોડ્યા

**રાજગઢ, તા.25**

મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લામાં એક યુટ્યુબર સહિત 3 લોકોને ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષે જોરદાર માર માર્યો છે. કોલર પકડીને લાફા માર્યા. રસ્તા વચ્ચે ગાળો આપી. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. તે જ સમયે, મારપીટનો વીડિયો વાઈરલ થવાના શકમાં એક કથિત પત્રકારના ઘરમાં તોડફોડ કરવામાં આવી છે. પોલીસ બંને મામલાની તપાસ કરી રહી છે. જાણકારી અનુસાર, શાજાપુર જિલ્લાના કાલાપીપલ નિવાસી યુટ્યુબર વિશ્વાસ ચંદ્રવંશી પોતાના બે સાથીઓ જીતેન્દ્ર નાયક અને ધર્મેન્દ્ર બામનિયા સાથે કવરેજના સિલસિલામાં રાજગઢ જિલ્લાના ઈકલેરા ગ્રામ પંચાયત પહોંચ્યા હતા. તેમણે સરપંચ શ્રવણ પાટીદારને મળવા માટે ફોન કર્યો હતો. ફરિયાદ મુજબ, પાછા ફરતી વખતે તેમને ફોન કરીને રસ્તામાં રોકવામાં આવ્યા. આરોપ છે કે સરપંચ પોતાના સમર્થકો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. ત્રણેયની પૂછપરછ કરી. આ દરમિયાન મોબાઈલ ફોન અને કારની ચાવી છીનવી લીધી. કારમાંથી ઉતારીને યુટ્યુબરને લાફો માર્યો. યુટ્યુબરે પોતાની ફરિયાદમાં એવો પણ આરોપ લગાવ્યો છે કે મારપીટ બાદ તેમને એક ગોડાઉનમાં લઈ જવામાં આવ્યા



હતા. મારપીટ પણ કરવામાં આવી હતી. ગોડાઉનમાં ઘટના વિશે કોઈને ન જણાવવાની ધમકી આપવામાં આવી હતી. ત્યાં તેમનો એક વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. આ દરમિયાન વીડિયોમાં ભાજપ નેતા અને તેમના સમર્થકોએ કહેવડાવ્યું કે તેમની સાથે કોઈ મારપીટ થઈ નથી. આ મામલે વિશ્વવાસ ચંદ્રવંશીએ એસપી કાર્યાલયમાં સરપંચ સહિત અન્ય લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બીજી ઘટના તલેન પોલીસ સ્ટેશન વિસ્તારની છે. ઈકલેરા નિવાસી પત્રકાર સંજયે આરોપ લગાવ્યો કે યુટ્યુબર સાથે મારપીટનો વીડિયો વાઈરલ થયા બાદ તેમના પર શંકા વ્યક્ત કરવામાં આવી. ફરિયાદ અનુસાર, સોમવારે રાત્રે લગભગ 11 વાગ્યે સરપંચ તેમના સાથીઓ સાથે તેમના ઘરે પહોંચ્યા. વીડિયો વાઈરલ કરવાનો આરોપ લગાવીને ઘરમાં તોડફોડ કરી.

# ભારત બનાવી રહ્યું છે બેબી બ્રહ્મોસ, 20 ગણી ઓછી કિંમત: ભવિષ્યના યુદ્ધની તૈયારી, સુરક્ષાનું નવું ફોર્મ્યુલા

**નવી દિલ્હી, તા.25**

રશિયા-યુક્રેન અને પશ્ચિમ એશિયાના સંઘર્ષોએ સ્પષ્ટ કરી દીધું છે કે ભવિષ્યના યુદ્ધો હવે મહિનાઓ અને વર્ષો સુધી ચાલશે. આ વાસ્તવિકતા જોઈને ભારત પણ તૈયારીમાં લાગી ગયું છે. સેનાનું ધ્યાન હવે માત્ર મોંઘી મિસાઈલો પર નહીં, પરંતુ તેના 'મિની મોડલ્સ'ના મોટા ભંડાર પર છે.



તાજેતરમાં પિનાકા રોકેટ સિસ્ટમના 'હવાઈ સંસ્કરણ'ના પરીક્ષણને આ જ કડીનો એક ભાગ માનવામાં આવી રહ્યો છે. ખરેખરમાં, બ્રહ્મોસ જેવી અચૂક સચોટતા અને મારક ક્ષમતાને કારણે તેને 'બેબી બ્રહ્મોસ' પણ કહેવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આ બદલાવને જરૂરી ગણાવતા કહ્યું કે જો આપણી પાસે સસ્તા પરંતુ ઉચ્ચ ટેકનોલોજીવાળા હથિયારો હશે, તો આપણે લાંબા યુદ્ધ (હાઈ ડેન્સિટી વોર)માં કોઈપણ મોટા દુશ્મનને પાછળ ધકેલવામાં સક્ષમ થઈશું.

સંસદની સંરક્ષણ સંબંધિત સ્થાયી સમિતિએ પણ તેના તાજેતરના અહેવાલમાં આ વ્યૂહરચના પર સકારાત્મક વલણ દર્શાવ્યું છે. સમિતિએ ભારપૂર્વક જણાવ્યું છે કે ભીષણ અને લાંબા યુદ્ધની સ્થિતિમાં ભારતને એવા હથિયારોની જરૂર છે જે મોટા પાયે અને ઓછા ખર્ચે દેશની અંદર જ બનાવી શકાય. આ નીતિ હેઠળ, બજેટમાં ફાળવેલ રકમનો મોટો હિસ્સો સ્વદેશી ખરીદી માટે સુરક્ષિત રાખવામાં આવ્યો છે જેથી યુદ્ધના સમયે વિદેશી સપ્લાય ચેઈન પર નિર્ભર ન રહેવું પડે.

ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં ઈઝરાયલને થોડા હજારના રોકેટ તોડી પાડવા માટે 50 લાખની મિસાઈલો ખર્ચ કરવી પડી. યુક્રેન-સુદાનમાં સસ્તા ડ્રોન્સે કરોડોના ટેન્કોને કાટમાળમાં ફેરવીને ચોંકાવી દીધા. જ્યારે, મ્યાનમારમાં વિદ્રોહીઓએ જુગાડથી મોટા હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. આના પરથી બોધપાઠ મળ્યો કે યુદ્ધ ફક્ત મોટા હથિયારોથી નહીં, પરંતુ સસ્તા, સ્વદેશી અને હથિયારોના મોટા ભંડારથી જીતી શકાય છે.

સ્વદેશી તાકાત સાથે ભારત ઈઝરાયલ પાસેથી 'આયર્ન બીમ' જેવી લેસર આધારિત પ્રણાલી મેળવવા તરફ આગળ વધી રહ્યું છે. આ ટેકનોલોજી થોડા રૂપિયાની વીજળી ખર્ચીને રોકેટને હવામાં બાળી નાખે છે.

બીજી તરફ, ભારત નાના હથિયારોનું હબ બનવાની દિશામાં પણ આગળ વધી રહ્યું છે. આર્મેનિયા પછી હવે ફ્રાન્સે પિનાકા રોકેટ સિસ્ટમ (બેબી બ્રહ્મોસનું વર્ઝન) માં ઊંડો રસ દાખવ્યો છે.

# 30 હજારની લાંચે કરોડોના કૌભાંડનો ભાંડો ફોડ્યો: ડેપ્યુટી ડાયરેક્ટરના ઘરેથી 4.27 કરોડ રોકડા મળ્યા

**કટક, તા.25**

ઓડિશા વિજિલન્સે બુધવારે કટક સર્કલના ડેપ્યુટી ડાયરેક્ટર (માઈન્સ) દેબબ્રત મોહંતીના ઘરેથી 4.27 કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા. મોહંતીને લાઈસન્સવાળા કોલસા વેપારી પાસેથી 30 હજારની લાંચ લેતા પકડવામાં આવ્યો હતો. આરોપ છે કે તે કોલસાના ડેપોને અવિરત ચલાવવા અને કામ સરળ બનાવવાના બદલામાં લાંચ લઈ રહ્યો હતો. આ ટ્રેપ ઓપરેશન ઓડિશા વિજિલન્સ દ્વારા લાંચ માંગવાની ફરિયાદ મળ્યા બાદ કરવામાં આવ્યું હતું. ધરપકડ બાદ વિજિલન્સની ટીમોએ મોહંતી અને તેના નજીકના લોકોના અનેક ઠેકાણાઓ પર દરોડા પાડ્યા. વિભાગે મઠાશાહીમાં મોહંતીના પૈતૃક ઘર અને ભુવનેશ્વરના પાટિયા વિસ્તારમાં આવેલા ફ્લેટ પર દરોડા પાડ્યા. ભુવનેશ્વરના ફ્લેટમાંથી સૂટકેસ, ટ્રોલી બેગ અને કબાટોમાંથી નોટોના ઢગલા મળ્યા. આ ઉપરાંત, તેની ઓફિસમાંથી 1.20 લાખ રોકડા પણ મળી આવ્યા. નોટોની ગણતરી માટે કરન્સી કાઉન્ટિંગ મશીનો લાવવામાં આવી. વિજિલન્સના ભુવનેશ્વર ડિવિઝનના એસપી સરોજ કુમાર સમલે જણાવ્યું કે અત્યાર સુધીમાં 4.27 કરોડની ગણતરી થઈ ચૂકી છે. તપાસમાં સામે આવ્યું છે કે મોહંતી પાસે ભુવનેશ્વરમાં બે માળનું મકાન છે. આ ઉપરાંત અધિકારીના નામે લગભગ 130 ગ્રામ સોનું અને 2400 ચોરસ ફૂટનો પ્લોટ છે, જેના પર બે માળની ઈમારત બની રહી છે. મોહંતીના નામે 10 બેંક ખાતા અને લોકર પણ છે, જેની તપાસ કરવામાં આવી રહી છે. વિજિલન્સ અધિકારીઓએ તેને



ઓડિશા વિજિલન્સના ઈતિહાસની સૌથી મોટી રોકડ જપ્તી ગણાવી છે. આ પહેલા વિજિલન્સની સૌથી મોટી રોકડ જપ્તી 3.4 કરોડ હતી, જે 7 એપ્રિલ 2022ના રોજ ગંજામ જિલ્લામાં લઘુ સિંચાઈ વિભાગના એક આસિસ્ટન્ટ એન્જિનિયરના ઘરેથી મળી હતી. એસપી સમલે જણાવ્યું કે મોહંતી વિરુદ્ધ 2009માં પણ ભ્રષ્ટાચારનો કેસ નોંધાયો હતો. તે કેસની સુનાવણી મયુરભંજ જિલ્લા કોર્ટમાં હજુ ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે મોહંતીએ 2004માં 8 હજારના પગાર પર જુનિયર માઈનિંગ ઓફિસર તરીકે સરકારી સેવા શરૂ કરી હતી. તેઓ બોલાંગીર, બારીપદા અને બરહામપુરમાં કામ કરી ચૂક્યા છે અને હાલમાં કટકમાં ફરજ પર હતા. આ મામલાને લઈને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભક્ત ચરણ દાસે ભાજપ પર હુમલો કર્યો. તેમણે કહ્યું કે આ જપ્તી રાજ્યમાં ચાલી રહેલી "ડબલ એન્જિન સરકાર" દરમિયાન ફેલાઈ રહેલા મોટા ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે.



# 'વાયુશક્તિ-2026'માં 120 ફાઇટર જેટ્સનું શક્તિપ્રદર્શન: રાફેલ-તેજસ, પ્રચંડના સોનિક બૂમથી દુશ્મનોને કડક સંદેશ, પોખરણમાં ગુંજી IAFની ગર્જના

**જેસલમેર, તા.25**

વિશ્વભરમાં ભારતીય વાયુસેના સર્વશ્રેષ્ઠ છે અને એની સાબિતી મળી જેસલમેર નજીક પોખરણની ચંદન ફાયરિંગ રેન્જમાં યોજાયેલી વાયુશક્તિ-2026 કવાયત દરમિયાન. ભારતીય વાયુસેના દ્વારા યોજાયેલી આ મેગા એક્સર્સાઈઝમાં અત્યાધુનિક ફાઈટર જેટ, હેલિકોપ્ટર અને મિસાઈલ સિસ્ટમ્સની દિલધડક કામગીરી જોવા મળી હતી. વાયુશક્તિ 2026માં સોનિક બૂમથી ગુંજી ઊઠેલું આકાશ, રાત્રિ ઓપરેશનમાં નિપુણતા અને સ્વદેશી શક્તિનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું.



રાજસ્થાનના રણમાં આવેલું પોખરણના ચંદન ફાયરિંગ રેંજ ફરી એક વખત ફરી ભારતની વ્યૂહાત્મક શક્તિનું કેન્દ્ર બન્યું હતું. વાયુશક્તિ 2026 અંતર્ગત ભારતીય વાયુસેનાએ પોતાનાં અત્યાધુનિક લડાકુ વિમાનો દ્વારા શક્તિનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. સૌપ્રથમ આકાશમાં ગર્જના કરી રાફેલે સોનિક બૂમ સાથે સ્વાગત કર્યું અને નિશાનાઓ પર સચોટ પ્રહાર કરીને એની ઘાતક ક્ષમતા દર્શાવી. બાદમાં સુખોઈ SU-30MKI અને મિરાજ 2000 HAL દ્વારા આધુનિક શસ્ત્રો સાથે ટાર્ગેટને ડિસ્ટ્રોય કરવામાં આવ્યા હતા. સ્વદેશી વિમાનોની તાકાત હવે વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યું છે. આમ, 'મેક ઈન ઈન્ડિયા'ની શક્તિ આકાશમાં ગુંજી ઊઠી હતું.

ફક્ત ફાઈટર જેટ જ નહીં, પરંતુ હેલિકોપ્ટર વિંગ પણ એટલું જ પ્રભાવશાળી રહ્યું હતું. ભારતમાં બનેલા HAL પ્રચંડ, HAL ધ્રુવ મિસાઈલે પોતાની મારક ક્ષમતાનું પ્રદર્શન કર્યું, સાથે જ બોઈંગ AH-64 અપાચે બોઈંગ, ચિનોક દ્વારા યુદ્ધ જેવી પરિસ્થિતિમાં હથિયારો અને હોવિત્ઝર તોપનું પરિવહન કરી બતાવાયું કે કેવી રીતે IAF કોઈપણ ભૌગોલિક સ્થિતિમાં ઓપરેશન પાર પાડી શકે છે.

વાયુશક્તિ 2026ની ખાસિયત એ રાત્રિ ઓપરેશનમાં પણ શ્રેષ્ઠ છે. જગુઆર અને સુખોઈ જેવાં લડાકુ જહાજ દ્વારા રાત્રિના અંધકારમાં સચોટ પ્રહાર માટે ખૂબ જ ઉપયોગી છે, સાથે જ ભારતીય વાયુ સેનાના ગરુડ કમાન્ડો ફોર્સ દ્વારા બિલ્ડિંગમાં છુપાયેલા આતંકવાદીઓનો સફાયો કરી લાઈવ ડ્રિલ બતાવવામાં આવી. પેરા ટ્રૂપર્સ દ્વારા આકાશમાંથી જંપ કરી હોવિત્ઝર તોપથી ફાયરિંગ કરી, સાથે જ આકાશ મિસાઈલ, સમાર મિસાઈલ સિસ્ટમ દ્વારા હવામાં ઘૂસણખોરી કરનાર ટાર્ગેટને ટ્રેક અને શૂટ કરવાની ક્ષમતા પ્રદર્શિત કરી.

ટેક્ટિકલ ઓપરેશનમાં પણ ભારતીય વાયુ સેના આગળ રહ્યું. લોકેડ માર્ટિન C-130J, સુપર હરક્યુલસ દ્વારા એરસ્ટ્રિપ વગર ઉતરાણ, બોઇંગ જહાજ C-17 ગલ્બમાસ્ટર દ્વારા યુદ્ધના મેદાનમાં વિશેષ સાધનો ઉતારવાની ડ્રિલ અને એરબસ C-295 અને AN-32 દ્વારા લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડવાની ડ્રિલ સૌકોઈને યુદ્ધની પરિસ્થિતિમાં તાકાત પૂરી પાડતાં દશ્યો હતાં. એટલું જ નહીં, Mi-17, ચેતક અને હેરોન UAV દ્વારા સર્વેલન્સ ક્ષમતા દર્શાવવામાં આવી.

ભારતીય વાયુસેના માત્ર યુદ્ધમાં જ નહીં, માનવતા બચાવવામાં પણ અગ્રેસર છે. ઓપરેશન કાવેરી અંતર્ગત 1100થી વધુ ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા હતા. પોખરણની ધરતી પર ગુંજતી ગર્જના માત્ર પ્રદર્શન નહોતું, આ સંદેશ હતો ભારત હવે રક્ષણમાં જ નહીં, પ્રહાર ક્ષમતામાં પણ આત્મનિર્ભર છે. વાયુશક્તિ 2026એ સાબિત કર્યું કે ભારતીય વાયુસેના ટેક્નોલોજી, ટેક્ટિકલ કુશળતા અને મનોબળ ત્રણેયમાં વિશ્વસ્તરીય છે.

# દાંડી માર્ગ પરથી 60થી વધુ દબાણો હટાવતા 20 ફૂટ ખુલ્લો થયો, હવે બ્યુટીફિકેશન કરાશે

**આણંદ, તા.25**

આણંદના દાંડી માર્ગ પર લાંભવેલ થી બાકરોલ ટી પોઈન્ટ સુધી કાચાપાકા દબાણો કરીને દુકાનો ,હોટલો અને હાટડીઓ ઉભી કરી દીધી હતી.જેથી વાહનચાલકો માટે અડચણ રૂપ બની ગયા હતા. રોડ સેફટી ધ્યાને લઈને આણંદ મનપાની ટીમોએ મંગળવારે 60થી વધુ દબાણો દૂર કરીને 50 ગુઠા જમીન ખુલ્લી કરવામાં આવી છે. દાંડી માર્ગની શોભા વધારવામાં માટે હવે બંને બાજુ બ્યુટીફિકેશન કામગીરી હાથ ધરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર આણંદના લાંભવેલ થી બાકરોલ ટી પોઈન્ટ સુધીના માર્ગ પર કેટલાંક શખ્સો દ્વારા 50થી વધુ દબાણો કરીને વેપાર કરવામાં આવતો હતો. જેના કારણે રોડ બંને બાજુએ 10 ફૂટ જેટલા દબાણો થઇ ગયા હતા. જેના કારણે વારંવાર અકસ્માતના બનાવો બનતા હતા. જે અંગે આણંદ મનપાને ફરિયાદો મળી હતી. તેને ધ્યાને લઈને કમિશનર સુચનાથી મનપા એસ્ટેટ વિભાગની ટીમો દ્વારા મંગળવાર સવારથી જેસીબી મશીન સહિત ટ્રેકટરો લઈને પહોંચી ગયા હતા.



50થી વધુ કાચાપાકા દબાણો દૂર કરાયા હતા. કેટલીક જગ્યાએ પાકી દુકાનો બાંધી દેવાય હતી.તેને પણ દૂર કરવામાં આવી છે. સરકાર હસ્તકની 50 ગુંઠા જમીન ખુલ્લી કરવામાં આવી છે.આગામી સમયમાં મનપા દ્વારા દાંડી માર્ગની શોભાવધારવા બ્યુટીફિકેશન કરવામાં આવનાર છે.

અગાઉ દાંડી વિભાગ પાસે માર્ગ હોવાથી એક વર્ષ પૂર્વે દબાણો હટાવાયા હતા. જો કે ત્યાર બાદ ધ્યાન નહીં રખાતા ફરી લાગી ગયા હતા. હવે આ રોડની બંને બાજુનો હવાલો મનપાને સોંપાયો છે. આણંદ મનપા ઈનજેર જીગર પટેલ જણાવ્યું હતું કે નડિયાદ તરફ આણંદ શહેરના પ્રવેશવાના દાંડી માર્ગ જોગણી માતા પાસે ખુલ્લી કરાયેલી 50 ગુંઠા જમીનમાં બ્યુટીફિકેશન કરાશે.જેમાં અવનવા વૃક્ષો સાથે ફુલછોડ અને ચિત્રો સહિત આર્ટીફિશિયલ કામગીરી કરીને સજાવવામાં આવશે.

બોરીઆવી થી બાકરોલ ટી પોઈન્ટ સુધી માર્ગ ટુ વે છે. આણંદ અંધારીયા ચોકડી થી કંકાપુર સુધી માર્ગ ટુ વે છે. આમ કુલ 81 કિમી માર્ગ ટુ વે છે. ચાર માસ અગાઉ કેન્દ્રીય સડક પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરી ફોરલેન બનાવવાની સુચના આપીને ડીપીઆર તૈયાર કરવા દાંડી વિભાગને જણાવ્યું હતું તેમ છતાં દાંડી વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ કોઈ કારણસર કામગીરી અટકી ગઈ છે. ત્યારે ફોરલેન માર્ગ બનાવવામાં આવે તો પુનઃ દબાણો ન થાય તેમ સ્થાનિકો જણાવ્યું હતું.

# નડિયાદ મનપા 5થી 15 વર્ષ જૂના 69 વાહનો વેચવા રિ ટેન્ડરીંગ કરશે

**નડિયાદ, તા.25**

નડિયાદ તત્કાલીન મનપા દ્વારા વપરાશમાં લેવામાં આવેલા વાહનો છેલ્લા લાંબા સમયથી ભંગાર હાલતમાં ફેરવાઈ જતા કચેરીના પરિસરમાં જ ખડકી દેવામાં આવ્યા છે. અગાઉ આ વાહનો વેચવા માટે ટેન્ડરિંગ કરવામાં આવ્યું હતું, પરંતુ ઓછી કિંમત મળવાને કારણે ટેન્ડર રદ થયા બાદ હવે મનપા દ્વારા પણ ફરી એકવાર આ બિનઉપયોગી વાહનો વેચવા માટેની તજવીજ હા થ ધરવામાં આવી છે.

5 થી 15 વર્ષ જુના 69 જેટલા વાહનો વેચવા માટે મનપા ફરીથી ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરશે. આ વાહનોમાં ટ્રેક્ટર, જુના પાણીના ટેન્કર, કચરાપેટી ઉપાડવાના વાહનો, કચરાના નાના વાહનો ઉપરાંત અન્ય નાના મોટા વાહનોનો પણ સમાવેશ થાય છે. સમગ્ર મામલે નડિયાદ મનપાના ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે,



આ વખતે સરકારની માર્ગદર્શિકા મુજબ બજાર ભાવની સરખામણીએ યોગ્ય રકમ મળશે તો તમામ વાહનોના વેચાણની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવામાં આવશે અને ટેન્ડર દ્વારા પ્રાપ્ત થતી રકમ મનપાના સ્વભંડોળમાં જમા કરી તેનો ઉપયોગ વિકાસલક્ષી કાર્યોમાં કરવામાં આવશે.

# ટ્રાફિક-પોલીસનાં ધાડાં રસ્તા પર ઊતર્યાં: નિયમ ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી થશે

**અમદાવાદ, તા.25**

જો આજથી તમે હેલ્મેટ વિના, નંબરપ્લેટ વિનાની ગાડી, કાળા કાચવાળી ગાડી અથવા રોંગ સાઈડમાં વાહન ચલાવતા હોય તો પોલીસ તમારી સામે કાર્યવાહી કરશે, કારણ કે આજ(25 ફેબ્રુઆરી)થી 10 માર્ચ સુધી રાજ્યમાં માર્ગ અકસ્માત ઘટાડવા માટે ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવા માટે રાજ્ય પોલીસવડા કે.એલ.એન.રાવ દ્વારા તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસવડાને સૂચના આપવામાં આવી છે, જેથી આજથી ટ્રાફિક-પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમો રોડ ઉપર ઊતરી ટ્રાફિકના નિયમોના ભંગ કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરશે.



રાજ્ય પોલીસવડા ડો. કે. એલ. એન. રાવે રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસવડાને પત્ર લખીને જાણ કરી છે કે રાજ્ય ખાતે માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવવા માટે 25 ફેબ્રુઆરીથી 10 માર્ચ સુધી ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવશે. રાજ્ય પોલીસવડા દ્વારા 'નંબરપ્લેટ વિનાની અને કાળા કાચવાળી ગાડીઓ સામે તેમજ ટ્રાફિકના વિવિધ નિયમો, જેવા કે રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ, પેસેન્જર વાહનોમાં પરમિટ કરતાં વધુ પેસેન્જરો બેસાડવા, ડ્રિંક એન્ડ ડ્રાઈવ સહિત અલગ અલગ નિયમો બદલ કાર્યવાહી કરવા જણાવ્યું છે.

ટ્રાફિક નિયમના ભંગ બદલ કાનૂની કાર્યવાહી કરવા સમયાંતરે ખાસ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન શહેર/જિલ્લાઓ ખાતે કરવામાં આવે છે તેમ છતાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વધારો થયાનું ધ્યાનમાં આવ્યું છે, જે અકસ્માતમાં અંકુશ લાવવા માટે મોટર વાહન અધિનિયમ હેઠળની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ વાહનચાલકો સામે કાયદેસર કાર્યવાહી કરવા માટે શહેર/જિલ્લા ખાતે ખાસ ઝુંબેશ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. શહેર અને જિલ્લામાં પોલીસ દ્વારા કરવામાં આવેલી ડ્રાઈવ દરમિયાન રોજેરોજ કરેલી કામગીરીની વિગતો નિયત પત્રકમાં તારીખવાઈઝ તૈયાર કરી રાજ્ય પોલીસવડાની કચેરીને ઈ-મેઈલથી મોકલી આપવા જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા ક્રાઈમ કોન્ફરન્સમાં 2023થી 2025 એમ ત્રણ વર્ષમાં અમદાવાદમાં ગુનાખોરીની સ્થિતિ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં ડ્રગ્સ અને ટ્રાફિકની સમસ્યાને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી છે, ખાસ કરીને સુભાષબ્રિજ બંધ થવાના કારણે અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક જગ્યાએ કામો ચાલે છે તેના કારણે ટ્રાફિકની સમસ્યા વધી છે.

# નડિયાદ નજીક હાઈવે પર બે ટ્રક અથડાતા ચાલક કેબિનમાં ફસાયો

**નડિયાદ, તા.25**

નડિયાદ નજીક નેશનલ હાઈવે ઉપર સોમવારે મોડી રાત્રે બે ટ્રક વચ્ચે સર્જાયેલાં ગંભીર અકસ્માતમાં એક ટ્રકના ચાલકને ઈજા થઈ હતી. અચાનક ટાયર ફાટતાં ચાલકે ટ્રક રોડની સાઈડમાં ઉભી કરી ને પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રક તેમાં ધડાકાભેર અથડાતાં ટ્રક ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. જેને ભારે જહેમત બાદ બહાર કાઢીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

સોમવારે મોડી રાત્રે વડોદરાથી રાજકોટ જઈ રહેલી ટ્રક નડિયાદ નજીક નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહી હતી તે સમયે અચાનક જ ટાયર ફાટતાં ચાલકે ટ્રકને રોડની સાઈડમાં ઉભી કરી દીધી હતી. આ ઉભેલી ટ્રક પાછળ સાવલીથી અમદાવાદ તરફ જઈ રહેલી ટ્રક ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતને



પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો ઉભા રહી ગયા હતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ટ્રક ચાલક નરેન્દ્રભાઈ કેબિનમાં ફસાઈ જતાં તેમને ભારે જહેમત બાદ બહાર કાઢીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાબતે નરેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, ટ્રક લઈને હાઈવે પરથી જઈ રહ્યો હતો તે સમયે અચાનક આગળ ટ્રક આવી જતાં બ્રેક મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાબુ ખોરવાઈ જતાં ટ્રક સીધી ઉભેલી ટ્રકના પાછળના ભાગે અથડાઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# કેકે નગરમાં પૂરપાટ હોન્ડા સિટી બંગલામાં ધડાકાભેર અથડાઈ: સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર બંગલાનો ગેટ તોડીને અડધી અંદર ઘૂસી.....

**અમદાવાદ, તા.25**

અમદાવાદના કેકે નગર વિસ્તારમાં આવેલા સિવિલ પાર્કમાં એક હોન્ડા સિટી ગાડી પૂર ઝડપે બંગલામાં ઘૂસી ગઈ હતી. કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી બંગલાનો ગેટ તોડીને અડધી અંદર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, ટુવ્હીલર અને ઘરનો મુખ્ય દરવાજો તૂટી ગયો હતો. આસપાસના લોકોએ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત કારચાલકને હોસ્પિટલ ખસેડ્યો છે. બનાવના સીસીટીવી પણ સામે આવ્યા છે.



શહેરના ઘાટલોડિયામાં કે.કે નગર રોડ પર એક હોન્ડા સિટી કાર પૂર ઝડપે આવી રહી હતી, ત્યારે કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર પૂરઝડપે રસ્તાની જમણી તરફ આવેલા ઘરમાં ઘૂસી ગઈ હતી. કારની સ્પીડ અને ટક્કર એટલી જોરદાર હતી કે ઘરની બહાર પડેલા એક્ટિવાનો બુકડો બોલાઈ ગયો હતો. જ્યારે ઘરનો મુખ્ય દરવાજો પણ તૂટીને નીચે પડ્યો હતો. કારમાં ડ્રાઈવરની એરબેગ પણ ખુલી ગઈ હતી. બનાવ બનતા મકાન માલિક પણ બહાર દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં કારચાલકને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સદનસીબે કાર ઘરમાં ઘૂસી હતી જો કાર રસ્તા પર જતી રહેતી તો સામેથી આવી રહેલી બસ સાથે ટકરાતી અને મોટી જાનહાનિ થવાની શક્યતા હતી.

# અમદાવાદીઓને પ્રોપર્ટી ટેક્સમાં 1000એ રૂ.150નો સીધો ફાયદો: રિબેટ યોજનાનો લાભ લેવા એડવાન્સ અને ઓનલાઈન પેમેન્ટ કરશો તો રાહત મળશે

**અમદાવાદ, તા.25**

અમદાવાદના ટેક્સ ભરવા પ્રત્યે જાગૃત નાગરિકો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એડવાન્સ ટેક્સ રિબેટ યોજના જાહેર કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજનામાં ઓનલાઈન પેમેન્ટ સહિત સાથે કુલ 15 ટકા વ્યાજ માફી આપવામાં આવશે. 9 એપ્રિલથી 31 મે સુધી એડવાન્સ ટેક્સ રિબેટ યોજના અમલમાં મૂકવામાં આવી છે. 12 ટકાથી લઈ 15 ટકા સુધી રાહત આપવામાં આવશે. ઓનલાઈન પેમેન્ટ પર એક ટકા જેટલી વધુ રાહત આપવામાં આવશે.

રેવન્યુ કમિટીના ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજના લાગુ કરવામાં આવી છે. ગત વર્ષે એડવાન્સ ટેક્સ રિબેટની યોજનામાં રૂ. 845.35 કરોડની આવક થઈ હતી. જેથી ચાલુ વર્ષે પણ એડવાન્સ ટેક્સ રિબેટ યોજના લાગુ કરવામાં આવી છે. સળંગ ત્રણ વર્ષ સુધી એડવાન્સ ટેક્સ ચૂકવનારને 12 અને 2 ટકા તથા ચાલુ નાણાંકીય વર્ષ માટે



એડવાન્સ ટેક્સ ભરનારને 12 ટકા તેમજ ઓનલાઈન પેમેન્ટ માટે એક ટકાની વધુ રાહત આપવામાં આવશે. આમ કુલ 15 ટકા સુધી રાહત આપવામાં આવશે. 9 એપ્રિલથી 31 મે સુધી આ રિબેટ સ્કીમ ચાલુ રહેશે. આભ જેટલો લાભની યોજનાનો લોકો ફાયદો મેળવી શકે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે અમદાવાદમાં 26 લાખ જેટલા ટેક્સ પેયર્સ છે. જેમાં 6.50 લાખ કોમર્શિયલ અને 19.50 લાખ રહેણાંક પેયર્સ છે. એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો લાભ ગત વર્ષે પણ લોકોએ લીધો હતો. વર્ષ 2025-26ના નાણાકીય વર્ષમાં એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો 6 લાખથી વધુ લોકોએ લાભ લીધો હતો. કુલ 845.35 કરોડની આવક થઈ હતી. રૂ. 89.90 કરોડની રિબેટ આપવામાં આવી હતી. લોકો પોતાનો સમયસર ટેક્સ ભરે અને વધુમાં વધુ આ યોજનાનો લાભ એના માટે આ યોજના જાહેર કરી છે. રેવન્યુ કમિટીના ચેરમેન અનિરુદ્ધસિંહ ઝાલાએ વધુમાં જણાવ્યું હતું કે જે સંસ્થાઓ ચેરીટી કમિશ્નર અથવા રજીસ્ટ્રાર ઓફ કંપનીઝમાં કલમ 8 હેઠળ નોંધાયેલી હોય, જે ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા અબોલ પશુ- પક્ષીઓની નિઃશુલ્ક સેવા, સારવાર અને નિભાવ કરવામાં આવતો હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય તેવી સંસ્થા/ટ્રસ્ટની આ કાર્યમાં ઉપયોગમાં લેવાતી મિલકતોને તેમના રજીસ્ટ્રેશન થયા તારીખથી પ્રોપર્ટી ટેક્ષમાં મુકિત આપવાનું કમિટીમાં ઠરાવવામાં આવ્યું છે.

# RSSના કાર્યક્રમનો વિરોધ કરનારા વિદ્યાર્થીઓનું એડમિશન રદ થશે: પોલીસ ફરિયાદ કરાશે

## વિરોધ કરનારા NSUIના કાર્યકર્તાઓની કેમ્પસમાં પ્રવેશબંધી, ગુજરાત યુનિ.ને RSSનો અડ્ડો બનાવી દીધો: કોંગ્રેસ

**અમદાવાદ, તા.25**

ગત 23 ફેબ્રુઆરી, 2026એ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલા અટલ કલામ સેન્ટરમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. અટલ કલામ સેન્ટરમાં ભારત શોધ સંસ્થાન અને ભારતીય વિચાર મંચના સહયોગથી પ્રમાણભૂત સંશોધન દસ્તાવેજોના પેનલની એક પ્રદર્શની મૂકવામાં આવી હતી. જેનો વિરોધ દર્શાવી NSUIના કાર્યકર્તાઓએ અટલ કલામ સેન્ટરમાં પોસ્ટર ફાડ્યા હતા. જેથી ગુજરાત યુનિવર્સિટીએ NSUIના કાર્યકર્તાઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. તેમજ તોડફોડ કરનારા NSUIના કાર્યકર્તાઓની કેમ્પસમાં પ્રવેશબંધી અને એડમિશન રદ કરવાની કુલપતિએ સૂચના આપી છે.

RSSના પ્રભાવથી વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો NSUIએ આક્ષેપ કર્યો હતો. જેને લઈને પોસ્ટર ફાડી વિરોધ નોંધાવતા પોલીસે અટકાયત પણ કરી હતી. પોસ્ટર ફાડી વિરોધ નોંધાવતા ગુજરાત યુનિવર્સિટીએ જ પોલીસ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. વિરોધ પ્રદર્શનમાં દેખાતા અને તપાસમાં મળી આવતા તમામ લોકોને ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશબંધીનો કુલપતિ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. તેમજ તમામ વિદ્યાર્થીઓનું એડમિશન રદ કરવાનો કુલપતિ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીએ એક પત્ર પણ જાહેર કર્યો છે. જેમાં લખ્યું છે કે ગત 23 તારીખે અટલ કલામ ખાતે ભારત માતા, ડૉ. બાબા સાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી, સરદાર પટેલ તેમજ વીર સાવરકર વગેરે ભારતના વીર પુરુષોની પ્રદર્શની હતી. આ ઘટનાથી વીર પુરુષોનું અપમાન તથા હિન્દુઓની લાગણી દુભાય તેવી ઘટના હોવાથી તાકીદે વિરોધમાં સંડોવાયેલા તમામની અટકાયત સહિત જે પણ ગુનાનું આચરણ કરવામાં આવ્યું હોય તે તમામ સામે કડક કાર્યવાહી કરવા પણ કુલપતિએ જણાવ્યું છે.

ચિરાગ દરજી, નારાયણ ભરવાડ, યશરાજસિંહ ખેર, શિવરાજસિંહ બારડ, સંજય સોલંકી, મીત પનારા, કશિશ ડામોર, હર્ષ ચૌહાણ, પૃથ્વી દેસાઈ સહિત તપાસમાં મળી આવે એવા તમામ વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં પ્રવેશબંધીનો નિર્ણય ગુજરાત યુનિવર્સિટીએ લીધો છે. તેમજ હવે ગુજરાત યુનિવર્સિટીમાં



આઈડેન્ટિકાર્ડ ચેક કર્યા સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવશે નહીં.

ગુજરાત NSUIના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા ગુજરાત યુનિવર્સિટીમાં RSSના પ્રોગ્રામમાં દેશનો ખોટો ઈતિહાસ બતાવી વિદ્યાર્થીઓને ભ્રમિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો હતો ત્યારે NSUIના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો.

તેમજ દબાણના કારણે જે વિદ્યાર્થીઓ વિરોધ નોંધાવ્યો હતો તેમના એડમિશન રદ કરી કુલપતિ ભાજપનો હાથો બની કામ કરી રહ્યા છે.

વધુમાં નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના નામે ચરી ખાતા લોકોએ કેમ્પસમાં CCTV સાથે છેડછાડ કરી છે. ત્યારે તેમના સામે કુલપતિએ એકપણ પ્રકારનું નિવેદન આપ્યું નથી. જ્યારે NSUIના કાર્યકર્તાઓ વિદ્યાર્થી હિતની વાત કરતા હોય ત્યારે RSSના દબાણથી કુલપતિ એડમિશન રદ કરી ખોટી ફરિયાદ કરી રહ્યા છે. જો પોલીસ ફરિયાદ પરત ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. રાજકીય કિન્નાખોરી રાખવાના બદલે દારૂ અને ડ્રગ્સના દૂષણને કેમ્પસમાં બંધ કરવાનું કામ કરો તેવી અમારી માંગણી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીને RSSનો અડ્ડો બનાવી દીધો છે. વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવાની વાત કરવામાં આવી છે તે ખૂબ જ દુઃખદ છે. શિવરાજસિંહ બારડ આંદોલન ચાલી રહ્યું હતું ત્યારે તે પોતાના વર્ગખંડમાં અભ્યાસ કરી રહ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી પોતે પણ CCTV ચેક કરી શકે છે. યશરાજસિંહ ખેર તે સમયે પોતાના ઘરે હતો તો તેનું નામ ક્યાંથી આવી ગયું. કિન્નાખોરી રાખીને તેમના એડમિશન રદ કરવાની વાત દર્શાવે છે કે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ભાજપ અને સંઘના માણસ છે. સત્તાધીશો કહે છે કે હિન્દુ-ધર્મની લાગણી દુભાઈ છે પરંતુ જેના નામ આવ્યા તે તમામ સનાતન ધર્મમાંથી આવે છે. આદિવાસી વિદ્યાર્થીઓએ શું બાબા સાહેબનું અપમાન કર્યું હતું?

જે વિદ્યાર્થીઓએ ગોડસેનો વિરોધ કર્યો હતો તે શું ગાંધીજીનું અપમાન કરી શકે ખરા? ગોડસેની વિચારધારાના લોકો ગુજરાત યુનિવર્સિટીમાં બેઠા છે, તેમના પેટમાં તેલ ત્યારે રેડાયું, જ્યારે વિદ્યાર્થીઓએ ગાંધીજીના પક્ષમાં વાત કરી હતી અને ગોડસેનો વિરોધ કર્યો હતો. કુલપતિને ફરી કુલપતિ થવું છે અને રજીસ્ટરને ફરી રિપીટ થવું છે તે માટે સરકારની ગુલામી કરી રહ્યા છે. નિર્દોષ વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે અને તેમના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવે છે. આગામી સમયમાં કોંગ્રેસ અને NSUI કાર્યક્રમ કરશે.

ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ શાહનવાઝ શેખે જણાવ્યું હતું કે, કુલપતિ અને રજીસ્ટ્રાર સરકારને વહાલા થવા માટે આ પ્રકારનું કૃત્ય કરી રહ્યા છે. સુતરીયા 75 લાખની ખંડણીમાં પકડાયા છતાં ફરિયાદ ન નોંધાઈ, મંત્રીની હાજરીમાં દારૂની બોટલો મળી છતાં ફરિયાદ ન નોંધાઈ, CCTV તોડી નાખવામાં આવ્યા છતાં કોઈ ફરિયાદ નોંધાઈ નહીં.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અમેરિકામાં બરફીલા તોફાનને કારણે 11 હજાર ફ્લાઈટ્સ રદ: 5 લાખ ઘરોમાં વીજળી ગુલ, 153 વર્ષમાં પહેલીવાર ન્યૂઝપેપર છપાયા નહીં....







**વોશિંગ્ટન, તા.25**

અમેરિકામાં ભયંકર તેજ પવનો અને ભારે હિમવર્ષાને કારણે એરપોર્ટ પર રનવે બંધ કરવા પડ્યા અને ઘણી જગ્યાએ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવો પડ્યો છે. અહીં રવિવારથી મંગળવારની વચ્ચે 11,055થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી.

માત્ર સોમવારે જ લગભગ 5,600 થી 5,700 ફ્લાઈટ્સ રદ થઈ, જે દેશભરની ફ્લાઈટ્સના લગભગ 20% હતી. આ માહિતી ફ્લાઈટ ટ્રેકિંગ કંપની ફ્લાઈટઅવેર દ્વારા આપવામાં આવી. નેશનલ વેધર સર્વિસ અનુસાર, રોડ આઈલેન્ડ અને મેસેચ્યુસેટ્સના કેટલાક ભાગોમાં લગભગ 37 ઈંચ સુધી બરફ પડ્યો.

હિમવર્ષાને કારણે ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં 6 લાખથી વધુ ઘરોની વીજળી ગુલ થઈ ગઈ. સોમવાર સાંજ સુધીમાં 5 લાખ 19 હજાર 232 ઘર અને ઓફિસો વીજળી વગરના હતા. ભારે હિમવર્ષાને કારણે ધ બોસ્ટન ગ્લોબ તેના 153 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર અખબાર છાપી શક્યું નહીં કારણ કે કર્મચારીઓ પ્રિન્ટિંગ પ્રેસ સુધી પહોંચી શક્યા ન હતા.

ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં રવિવારથી સોમવારની વચ્ચે લગભગ 20 ઈંચ બરફ નોંધાયો હતો, જ્યારે લોંગ આઈલેન્ડના ઈસ્લિપ વિસ્તારમાં 22 ઈંચથી વધુ બરફ પડ્યો હતો. પ્રોવિડન્સ, રોડ આઈલેન્ડમાં 32.8 ઈંચ બરફવર્ષા થઈ હતી, જેણે 1978ના જૂના રેકોર્ડ 28.6 ઈંચને તોડી નાખ્યો હતો.

પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે ઘણા રાજ્યોમાં કટોકટી જાહેર કરવી પડી. ન્યૂયોર્ક સિટીમાં શાળાઓ, રસ્તાઓ, પુલો અને હાઈવેને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યા હતા. બાદમાં પરિસ્થિતિ સુધરતા મેયર જોહરાન મમદાનીએ આ આદેશ પાછો ખેંચી લીધો અને કહ્યું કે શાળાઓ મંગળવારે ખુલશે.

જ્યારે મેસેચ્યુસેટ્સના ગવર્નર મૌરા હીલીએ કેટલાક વિસ્તારોમાં ટ્રાવેલ બેન લાગુ કર્યો અને લોકોને ઘરમાં રહેવાની અપીલ કરી. રોડ આઈલેન્ડના ગવર્નર ડેન મેકીએ પણ સમગ્ર રાજ્યમાં ટ્રાવેલ બેન લગાવી દીધો. ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે પણ સમગ્ર રાજ્યમાં કટોકટીની ઘોષણા કરી અને નેશનલ ગાર્ડને એલર્ટ પર રાખ્યા છે.

વાવાઝોડાની અસર માત્ર રસ્તાઓ અને હવાઈ સેવાઓ સુધી સીમિત નહોતી. ન્યૂયોર્ક અને બોસ્ટન વચ્ચેની ટ્રેન સેવા સોમવાર રાત સુધી સ્થગિત રહી. થિયેટર બ્રોડવેના તમામ શો રવિવાર સાંજ રદ કરવામાં આવ્યા.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે આ છેલ્લા લગભગ એક દાયકાનું સૌથી શક્તિશાળી નોરઈસ્ટર વાવાઝોડું છે. ઘણા વિસ્તારોમાં પ્રતિ કલાક 2 થી 3 ઈંચ સુધી બરફ પડવાની ચેતવણી આપવામાં આવી છે અને પવનની ગતિ કેટલીક જગ્યાએ 110 માઈલ પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ.

નોરઈસ્ટર એક પ્રકારનું તીવ્ર વાવાઝોડું છે જે અમેરિકાના પૂર્વીય કિનારે આવે છે. તેને નોરઈસ્ટર એટલા માટે કહેવાય છે કારણ કે તેમાં પવનો સામાન્ય રીતે ઉત્તર-પૂર્વ (નોર્થ-ઈસ્ટ) દિશામાંથી ફૂંકાય છે.

અમેરિકાના ઉત્તર-પૂર્વમાં આવતું આ શિયાળુ વાવાઝોડું એટલા માટે બને છે કારણ કે ત્યાં હવામાનની કેટલીક ખાસ પરિસ્થિતિઓ એકસાથે સર્જાય છે. શિયાળામાં કેનેડા તરફથી ખૂબ ઠંડી હવા નીચેની તરફ આવે છે.

તે જ સમયે, સમુદ્ર તરફથી હળવી ગરમ અને ભેજવાળી હવા ઉપર ઉઠે છે. જ્યારે આ બંને સામસામે આવે છે, ત્યારે હવામાન અચાનક બગડી જાય છે અને તીવ્ર બર્ફીલું વાવાઝોડું બની જાય છે.

સમુદ્ર પણ આમાં મોટી ભૂમિકા ભજવે છે. એટલાન્ટિક મહાસાગરનું પાણી ઠંડીની સરખામણીમાં થોડું ગરમ રહે છે. જેનાથી હવામાં ભેજ વધે છે. જ્યારે આ ભેજ ઠંડી હવા સાથે મળે છે, ત્યારે ભારે બરફ પડવા લાગે છે.

આકાશમાં તેજ ગતિથી ચાલતા પવનો પણ આ સિસ્ટમને વધુ તાકાત આપે છે. આ પવનોને જેટ સ્ટ્રીમ કહેવાય છે.

# અમેરિકાના ન્યુક્લિયર એરક્રાફ્ટ કેરિયરના શૌચાલય જામ: 45 મિનિટ લાઈનમાં ઊભા રહેવું પડે છે, સમારકામ મુદ્દે ટેકનિશિયન અને સૈનિકો વચ્ચે ઝપાઝપી...

**તેલ અવીવ, તા.25**

ઈરાન તરફ આગળ વધી રહેલું અમેરિકી ન્યુક્લિયર એરક્રાફ્ટ કેરિયર USS જેરાલ્ડ ફોર્ડ એક અલગ જ સંકટનો સામનો કરી રહ્યું છે. જહાજના મોટાભાગના શૌચાલય જામ થઈ ગયા છે. આના કારણે 4,500થી વધુ નૌસૈનિકોને રોજ 45 મિનિટ સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે.

સાંકડી પાઈપલાઈન અને વેક્યુમ-આધારિત સિસ્ટમની ડિઝાઈનમાં ખામીને કારણે શૌચાલય વારંવાર જામ થઈ રહ્યા છે. જહાજ વેક્યુમ-આધારિત સીવેજ સિસ્ટમ પર ચાલે છે, જેમાં એક વાલ્વ ખરાબ થવાથી આખા વિભાગની શૌચાલય સિસ્ટમ બંધ થઈ જાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેકનિશિયન અને સૈનિકો વચ્ચે ઝપાઝપીના પણ સમાચાર છે, કારણ કે રિપેરિંગ કરનારા એન્જિનિયરો રોજ લગભગ 19 કલાક કામ કરી રહ્યા છે. ગયા વર્ષે માર્ચમાં પણ ચાર દિવસમાં 205 શૌચાલય ખરાબ થવાની ફરિયાદ સામે આવી હતી.

USS જેરાલ્ડ ફોર્ડ પર 600થી વધુ ટોયલેટ હાજર છે, જે 10 અલગ-અલગ ઝોનમાં વહેંચાયેલા છે. આ એરક્રાફ્ટ કેરિયર છેલ્લા આઠ મહિનાથી સમુદ્રમાં છે, સતત ઓપરેશનલ મૂવમેન્ટને કારણે



રૂટિન મેન્ટેનન્સ થઈ શક્યું નથી.

લગભગ 13 બિલિયન ડોલરના ખર્ચે બનેલું આ યુદ્ધ જહાજ દુનિયાનું સૌથી મોંઘું માનવામાં આવે છે. આ એરક્રાફ્ટ કેરિયરને 2017 માં કમિશન કરવામાં આવ્યું હતું. સીવેજ સમસ્યા પાછળ જે ટેકનિકનો ઉલ્લેખ થઈ રહ્યો છે, તેને વેક્યુમ-બેઝ્ડ VCHT સિસ્ટમ કહેવાય છે. આ સામાન્ય ઘરોમાં ઉપયોગમાં લેવાતી ટોઈલેટ સિસ્ટમથી બિલકુલ અલગ રીતે કામ કરે છે. VCHTનું પૂરું નામ વેક્યુમ કલેક્શન, હોલ્ડિંગ એન્ડ ટ્રાન્સફર સિસ્ટમ છે. આ ખાસ પ્રકારની સીવેજ મેનેજમેન્ટ સિસ્ટમ હોય છે, જે મોટા જહાજો અને ક્રુઝ શિપમાં લગાવવામાં આવે છે. તેનો હેતુ ઓછા પાણીમાં ટોઈલેટ વેસ્ટને એકઠો કરવો અને સુરક્ષિત રીતે સ્ટોર તથા ટ્રાન્સફર કરવાનો હોય છે. ઘરના ટોઈલેટમાં ફ્લશ કરવા પર પાણીના દબાણ અને ગુરુત્વાકર્ષણ (ગ્રેવિટી)થી ગંદકી નીચે સીવરમાં જતી રહે છે. પરંતુ સમુદ્રમાં ચાલતા જહાજો પર આવી સિસ્ટમ સંપૂર્ણપણે કારગર હોતી નથી. VCHT સિસ્ટમમાં ફ્લશ દબાવતા જ પાઈપમાં વેક્યુમ (સક્શન) બને છે. આ સક્શન ગંદકીને ખેંચીને પાઈપ દ્વારા એક મોટા ટેન્ક સુધી પહોંચાડી દે છે. બાદમાં તે વેસ્ટને પ્રોસેસ કે ડિસ્પોઝ કરવામાં આવે છે. તેને એમ સમજો કે જેમ વેક્યુમ ક્લીનર ધૂળને ખેંચી લે છે. અહીં પણ તે જ ટેકનિક ટોઈલેટ સિસ્ટમમાં લાગુ પડે છે.

વિમાનવાહક જહાજ પર હજારોથી વધુ લોકો મહિનાઓ સુધી સમુદ્રમાં રહે છે. આવી સ્થિતિમાં પાણી મર્યાદિત હોય છે, જગ્યા ઓછી હોય છે. સાથે જ પાઈપલાઈન સીધી નથી હોતી, ઘણી દિશામાં જાય છે. તેથી ઓછા પાણીમાં કામ કરનાર અને લવચીક સિસ્ટમ લગાવવામાં આવે છે. VCHT સિસ્ટમ ઓછા પાણીમાં ફ્લશ કરી દે છે, જેનાથી પાણીની બચત થાય છે.

જેરાલ્ડ આર. ફોર્ડ ગયા વર્ષના જૂન મહિનાથી સતત સમુદ્રમાં તૈનાત છે. સામાન્ય રીતે એરક્રાફ્ટ કેરિયરની તૈનાતી નવ મહિનાની હોય છે, પરંતુ સૈન્ય ગતિવિધિ વધવા પર તેને લંબાવવામાં પણ આવે છે. ફોર્ડ પરમાણુ રિએક્ટરથી સંચાલિત છે અને તેમાં 75થી વધુ સૈન્ય વિમાનો તૈનાત કરી શકાય છે. તેમાં F-18 સુપર હોર્નેટ ફાઈટર જેટ અને E-2 હોકઆઈ જેવા અર્લી વોર્નિંગ વિમાનો સામેલ છે. તેમાં અત્યાધુનિક રડાર સિસ્ટમ પણ લગાવવામાં આવી છે, જે હવાઈ ટ્રાફિક અને નેવિગેશનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. અમેરિકાએ મિડલ ઈસ્ટમાં 2003ના ઈરાક યુદ્ધ પછી પોતાની સૌથી મોટી એરફોર્સ તૈનાત કરી છે. રિપોર્ટ્સ અનુસાર, અમેરિકાએ મિડલ ઈસ્ટમાં F-35, F-22, F-15 અને F-16 જેવા એડવાન્સ્ડ ફાઈટર જેટ્સની ઘણી સ્ક્વોડ્રન તૈનાત કરી છે. મોટા પાયે એર ઓપરેશન માટે જરૂરી કમાન્ડ એન્ડ કંટ્રોલ એરક્રાફ્ટ પણ મોકલવામાં આવી રહ્યા છે. તાજેતરના અઠવાડિયામાં એર ડિફેન્સ સિસ્ટમ પણ વિસ્તારમાં ગોઠવવામાં આવી છે. અમેરિકી ન્યૂઝ એજન્સી એક્સિયોસના રિપોર્ટ અનુસાર, જો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરશે તો તે ઘણા અઠવાડિયા સુધી ચાલનારું મોટું ઓપરેશન હશે. રિપોર્ટમાં જણાવાયું છે કે આ ઓપરેશન ગયા મહિને વેનેઝુએલામાં થયેલી મર્યાદિત કાર્યવાહી કરતાં ઘણું મોટું હશે અને શક્ય છે કે તેને ઈઝરાયેલ સાથે મળીને અંજામ આપવામાં આવે. તેનું નિશાન ઈરાનનું પરમાણુ અને મિસાઈલ માળખું હોઈ શકે છે. અમેરિકી યુદ્ધ જહાજ USS અબ્રાહમ લિંકન પહેલેથી જ અરબ સાગરમાં તૈનાત છે. ઈરાનના ઘણા શહેરો તેની સ્ટ્રાઈક રેન્જમાં છે. USS અબ્રાહમ લિંકન પહેલા સાઉથ ચાઈના સીમાં તૈનાત હતું. 18 જાન્યુઆરીએ તે મલક્કા સ્ટ્રેટ પાર કરીને હિંદ મહાસાગરમાં દાખલ થયું. આ ઉપરાંત અમેરિકાએ USS થિયોડોર રૂઝવેલ્ટ અને ઘણા મિસાઈલ વિધ્વંસક યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે.

# 'હું વચ્ચે પડ્યો ન હોત તો પાકિસ્તાની PM માર્યા જાત': ભારત-પાક યુદ્ધ પર ટ્રમ્પનો ઘટસ્ફોટ....

## કહ્યું- મેં પરમાણુ યુદ્ધ રોકાવ્યું અને કરોડો લોકોના જીવ બચાવ્યા

**વોશિંગ્ટન, તા.25**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી સંસદ (કોંગ્રેસ)માં પોતાના બીજા કાર્યકાળનું બીજું 'સ્ટેટ ઑફ ધ યુનિયન' સંબોધન આપ્યું. આ દરમિયાન તેમણે દાવો કર્યો છે કે 2025ના ભારત-પાકિસ્તાન લશ્કરી તણાવ દરમિયાન તેમના રાજદ્વારી હસ્તક્ષેપથી પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફનો જીવ બચ્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે જો તેમણે દરમિયાનગીરી ન કરી હોત તો પરિસ્થિતિ અત્યંત ગંભીર બની શકી હોત. તેમનો દાવો છે કે એ સમયે પરિસ્થિતિ પરમાણુ સંઘર્ષ તરફ આગળ વધી રહી હતી અને તેમની વાટાઘાટોથી 35 મિલિયન લોકોના જીવ બચી ગયા હતા.

આ પછી તેમણે ઈરાન પર 32 હજાર પ્રદર્શનકારીને મારવાનો આરોપ લગાવ્યો. ઈરાનમાં 28 ડિસેમ્બરથી 14 જાન્યુઆરી સુધી મોંઘવારી વિરુદ્ધ પ્રદર્શનો થયાં હતાં, જે દરમિયાન ટ્રમ્પે ઈરાનને કાર્યવાહીની ધમકી આપી હતી.

આ સાથે જ ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ ગયા વર્ષે ઈરાનના ન્યૂક્લિયર ફેસિલિટી (પરમાણુ મથકો) પર હુમલો કરીને તેનો ન્યૂક્લિયર પ્રોગ્રામ સંપૂર્ણપણે ખતમ કરી દીધો છે. ટ્રમ્પે ઉમેર્યું કે તેઓ પહેલાં કૂટનીતિથી સમસ્યા



ઉકેલવા માગતા હતા, પરંતુ ઈરાને એવું વચન ન આપ્યું કે તે પરમાણુ હથિયાર નહીં બનાવે. અમેરિકામાં રાષ્ટ્રપતિ દર વર્ષે જાન્યુઆરી કે ફેબ્રુઆરીમાં કોંગ્રેસને સંબોધિત કરે છે, જેને 'સ્ટેટ ઓફ ધ યુનિયન' કહેવામાં આવે છે. સ્ટેટ ઓફ ધ યુનિયનના દિવસે સંસદની પ્રતિનિધિ સભા અને સેનેટના સભ્યો હાઉસ ચેમ્બરમાં એકઠા થાય છે. હાઉસના સ્પીકર અને ઉપરાષ્ટ્રપતિ, જેઓ સેનેટના અધ્યક્ષ પણ હોય છે, રાષ્ટ્રપતિની પાછળ ઊંચા મંચ પર બેસે છે. જ્યારે રાષ્ટ્રપતિ સંસદમાં પહોંચે છે ત્યારે હાઉસના સાર્જન્ટ-એટ-આર્મ્સ તેમના આગમનની ઘોષણા કરે છે. આ પછી સ્પીકર રાષ્ટ્રપતિનો પરિચય કરાવે છે અને રાષ્ટ્રપતિ કોંગ્રેસને પોતાનું ભાષણ આપે છે.

ભારત-પાકિસ્તાન યુદ્ધ: ટ્રમ્પે દાવો કર્યો કે તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચેના પરમાણુ સંઘર્ષને અટકાવ્યો. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાની પીએમ શહબાઝ શરીફે તેમને જણાવ્યું હતું કે જો યુદ્ધ થયું હોત તો 3.5 કરોડ લોકો માર્યા ગયા હોત. ઈરાન મિસાઈલ અને પ્રદર્શનકારી: ટ્રમ્પે ચેતવણી આપી કે ઈરાન અમેરિકા સુધી પહોંચી શકે એવી મિસાઈલો વિકસાવી રહ્યું છે, સાથે જ તેમણે આરોપ લગાવ્યો કે ઈરાન સરકારે 32,000 પ્રદર્શનકારીની હત્યા કરી છે.

ઈરાન ન્યૂક્લિયર પ્રોગ્રામ: ટ્રમ્પે મોટો દાવો કર્યો કે અમેરિકાએ ગયા વર્ષે ઈરાનની પરમાણુ સુવિધાઓ પર હુમલો કરીને તેનો પરમાણુ હથિયાર પ્રોગ્રામ સંપૂર્ણપણે ખતમ કરી દીધો છે. ગાઝા સંઘર્ષ વિરામ: ટ્રમ્પે ગાઝામાં ઈઝરાયલ-હમાસ વચ્ચેના સીઝફાયરને સફળ ગણાવ્યું અને દાવો કર્યો કે આ ડીલને કારણે જ તમામ ઈઝરાયેલી બંધકો મુક્ત થયા છે. મોંઘવારી અને કિંમતો: ટ્રમ્પે મોંઘવારી માટે ડેમોક્રેટ્સને જવાબદાર ઠેરવ્યા અને દાવો કર્યો કે તેમની નીતિઓને કારણે ચીજવસ્તુઓની કિંમતો હવે ઝડપથી નીચે આવી રહી છે. સોમાલી સમુદાય અને છેતરપિંડી: તેમણે મિનેસોટામાં સોમાલી સમુદાયના કેટલાક લોકો પર લાંચ, ભ્રષ્ટાચાર અને અરાજકતા દ્વારા રાજ્યને બરબાદ કરવાનો અને અબજો ડોલરની છેતરપિંડીનો આરોપ લગાવ્યો. ઓઈલ પ્રોડક્શન: ટ્રમ્પે ઊર્જાક્ષેત્રે સફળતાનો દાવો કરતાં કહ્યું કે અમેરિકામાં તેલનું ઉત્પાદન દરરોજ 6 લાખ બેરલથી વધુ વધ્યું છે.

# ભારતીય સોલર પેનલ પર અમેરિકાએ 126% ડ્યુટી લગાવી: કહ્યું- ચીન ભારત દ્વાર સસ્તા ઉત્પાદનો મોકલી રહ્યું છે, ઈન્ડોનેશિયા પર 143% ટેક્સ લગાવ્યો....

**વોશિંગ્ટન, તા.25**

અમેરિકાએ ભારતથી આવતા સોલર પેનલો અને સેલ પર 126% ની પ્રારંભિક ડ્યુટી લગાવી દીધી છે. અમેરિકી વાણિજ્ય વિભાગનું કહેવું છે કે ભારત પોતાના મેન્યુફેક્ચરર્સને ખોટી રીતે સબસિડી આપી રહ્યું છે, જેનાથી અમેરિકી ઘરેલુ કંપનીઓને નુકસાન થઈ રહ્યું છે.

ભારત ઉપરાંત લાઓસ અને ઈન્ડોનેશિયા પર પણ 81% થી 143% સુધીનો ટેક્સ લગાવવામાં આવ્યો છે. પ્રારંભિક તપાસના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તપાસ પર અંતિમ નિર્ણય 6 જુલાઈના રોજ આવશે. એટલે કે જો સબસિડીની વાત સાબિત થઈ જાય છે, તો આ ટેક્સ કાયમી થઈ જશે. આ નિર્ણયથી ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકી બજારમાં ટકી રહેવું મુશ્કેલ બની શકે છે. 126% ડ્યુટી લાગવાનો અર્થ છે કે આ પેનલોની કિંમત અમેરિકામાં બમણીથી પણ વધુ થઈ જશે. આવી સ્થિતિમાં અમેરિકી ખરીદદારો ભારતીય માલને બદલે સ્થાનિક કંપનીઓ અથવા અન્ય દેશોમાંથી પેનલ ખરીદવાનું પસંદ કરશે કારણ કે ભારતીય પ્રોડક્ટ્સ



હવે સ્પર્ધામાંથી બહાર થઈ જશે.

આ ટેક્સ તે 10% ગ્લોબલ ટેરિફથી અલગ છે, જેની જાહેરાત ટ્રમ્પે તાજેતરમાં કરી હતી. અમેરિકી સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે ટ્રમ્પના જૂના ટેરિફ પ્લાનને રદ કરી દીધો હતો જેના પછી તેમણે નવેસરથી ટેરિફ લગાવ્યા હતા. હવે આ નવા નિર્ણયે ઈન્ડસ્ટ્રીની ચિંતા વધારી દીધી છે. બ્લૂમબર્ગ એનઈએફ અનુસાર, 2025ના પ્રથમ છ મહિનામાં અમેરિકામાં થતી કુલ સોલર મોડ્યુલ આયાતનો 57% હિસ્સો ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસમાંથી આવ્યો હતો.

ભારતીય નિકાસની વાત કરીએ તો, 2024માં અમેરિકાને 792.6 મિલિયન ડોલર (લગભગ 7,200 કરોડ રૂપિયા)ના સોલર ઉત્પાદનો મોકલવામાં આવ્યા હતા, જે 2022ની સરખામણીમાં 9 ગણા વધુ છે. અમેરિકી સોલર મેન્યુફેક્ચરર્સનો આરોપ છે કે ચીની કંપનીઓ અમેરિકી ટેરિફથી બચવા માટે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસ જેવા દેશોના માર્ગે પોતાનો માલ મોકલી રહી છે.

પહેલા ચીને વિયેતનામ, મલેશિયા અને થાઈલેન્ડનો ઉપયોગ કર્યો હતો, પરંતુ જ્યારે ત્યાં કડકાઈ થઈ ત્યારે તેમણે ભારત અને અન્ય એશિયન દેશોમાં પ્રોડક્શન શિફ્ટ કરી દીધું. સિટીગ્રુપ ઈન્કના એનાલિસ્ટ વિક્રમ બાગરીનું કહેવું છે કે આટલા ઊંચા ટેરિફ લાગુ થયા પછી અમેરિકી બજાર હવે ભારતીય સોલર મેન્યુફેક્ચરર્સ માટે લગભગ બંધ થઈ જશે. અમેરિકન સોલર ગ્રુપ 'એલાયન્સ ફોર અમેરિકન સોલર મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેડ' એ વાણિજ્ય વિભાગને સબસિડીની તપાસ કરવા અપીલ કરી હતી. ગ્રુપનું કહેવું હતું કે અમેરિકન મેન્યુફેક્ચરિંગને બચાવવા માટે આ તપાસ જરૂરી છે. તેમણે હવે ટેરિફના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. એલાયન્સના મુખ્ય વકીલ ટિમ બ્રાઈટબિલે કહ્યું કે આજનો નિર્ણય અમેરિકન સોલર માર્કેટમાં નિષ્પક્ષ સ્પર્ધાને ફરીથી સ્થાપિત કરવાની દિશામાં એક મોટું પગલું છે.

# દાવો- નોર્વેના પૂર્વ PMએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો: એપસ્ટીન ફાઈલ્સમાં નામ આવ્યું હતું, ભ્રષ્ટાચાર કેસમાં 10 વર્ષની જેલ થઈ શકે છે

**ઓસ્લો, તા.25**

નોર્વેના પૂર્વ વડાપ્રધાન થોર્બજોર્ન જગલેન્ડને કથિત રીતે આત્મહત્યાનો પ્રયાસ કર્યા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ઘટના ગયા અઠવાડિયે બની હતી. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે નોર્વેજીયન એડિટર્સ એસોસિએશને તેમના વકીલ સાથે મળીને આ મામલાને સાર્વજનિક ન કરવા પર સહમતિ દર્શાવી હતી. જોકે, કેટલાક મીડિયા પ્લેટફોર્મ્સ પર તેમની ગંભીર હાલતનો હવાલો આપતા આ સમાચાર સામે આવ્યા.

આ સમગ્ર મામલો યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથેના તેમના સંબંધોને લઈને ચાલી રહેલી તપાસ સાથે જોડાયેલો છે. જગલેન્ડ પર 'એગ્રેવેટેડ કરપ્શન' એટલે કે ગંભીર ભ્રષ્ટાચારનો પણ આરોપ છે, જેમાં મહત્તમ 10 વર્ષની જેલ થઈ શકે છે. તેમના વકીલની ફર્મ એલ્ડેન લો ફર્મે CNN ને પુષ્ટિ કરી કે તેમના પર ગંભીર ભ્રષ્ટાચારનો આરોપ નક્કી થયો છે, પરંતુ તેમણે તમામ આરોપોનો ઈનકાર કર્યો છે.

નોર્વેની આર્થિક ગુના તપાસ એજન્સી 'ઓકોક્રિમ' આ મામલાની તપાસ કરી રહી છે. એજન્સીના ડાયરેક્ટર પોલ લોનસેથે કહ્યું કે તેમની વિરુદ્ધ તપાસ માટે મજબૂત કારણ મળ્યું છે. તપાસ હેઠળ ઓસ્લો સ્થિત તેમના ઘર અને અન્ય બે પ્રોપર્ટીની તલાશી લેવામાં આવી. એજન્સીએ એમ પણ કહ્યું કે તે આ વાતની તપાસ કરી રહી છે કે શું તેમને પોતાના પદ દરમિયાન ભેટ, યાત્રાઓ, લોન કે અન્ય ફાયદા મળ્યા હતા. તલાશી પછી તેમને ઔપચારિક રીતે શંકાસ્પદનો દરજ્જો આપવામાં આવ્યો છે અને હવે તેમની પૂછપરછ કરવામાં આવશે. જગલેન્ડ 1996-1997 દરમિયાન નોર્વેના વડાપ્રધાન રહ્યા હતા. આ ઉપરાંત, તેઓ વિદેશ મંત્રી, નોર્વેજીયન નોબેલ કમિટીના અધ્યક્ષ (2009-2015) અને યુરોપની માનવાધિકાર સંસ્થા કાઉન્સિલ ઓફ યુરોપના મહાસચિવ (2009-2019) પણ રહી ચૂક્યા છે. જગલેન્ડે કહ્યું છે કે એપસ્ટીન સાથેના તેમના સંબંધો



'ખોટા નિર્ણય' અથવા 'ખરાબ સમજણ'નું પરિણામ હતા, પરંતુ તેમણે કોઈ ગેરકાયદેસર કામ કર્યું નથી. તેમણે કહ્યું કે તેઓ તપાસમાં સંપૂર્ણ સહયોગ કરશે અને ઈચ્છે છે કે સત્ય સંપૂર્ણપણે બહાર આવે.

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા 30 જાન્યુઆરીએ જાહેર કરાયેલા દસ્તાવેજો પરથી જાણવા મળ્યું કે જગલેન્ડ અને તેમનો પરિવાર ઘણી વખત એપસ્ટીનની પેરિસ, ન્યૂયોર્ક અને પામ બીચ સ્થિત પ્રોપર્ટી પર ગયા હતા.

એ પણ સામે આવ્યું કે એપસ્ટીને તેમની પાસેથી મોટા નેતાઓ, જેમ કે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરાવવામાં મદદ માંગી હતી. સાથે જ તે પોતાના કેટલાક વ્યવસાયિક અને નાણાકીય યોજનાઓને આગળ વધારવા માટે પણ મદદ ઈચ્છતો હતો. દસ્તાવેજોમાં જગલેન્ડને 'નોબેલ બિગ શોટ' કહેવામાં આવ્યા હતા. તેમાં એ પણ લખવામાં આવ્યું હતું કે બંનેના સંબંધો એવા હતા જેમાં એક તરફ જગલેન્ડનો પ્રભાવ અને ઓળખ કામ આવી રહી હતી, તો બીજી તરફ એપસ્ટીન તેમને લક્ઝરી ટ્રિપ, ભેટો અને અન્ય સુવિધાઓ આપી રહ્યો હતો. જોકે, તપાસ એજન્સીઓએ સ્પષ્ટ કરી દીધું છે કે જગલેન્ડનું નામ એપસ્ટીનના યૌન અપરાધો સાથે જોડાયેલું નથી. તપાસ ફક્ત એ વાત પર થઈ રહી છે કે શું તેમને પોતાના પદનો ઉપયોગ કરીને કોઈ ખોટો ફાયદો મળ્યો હતો. આ તપાસ તે સમય સાથે સંબંધિત છે જ્યારે જગલેન્ડ 2009 થી 2015 સુધી નોર્વેજિયન નોબેલ કમિટીના અધ્યક્ષ હતા અને 2009 થી 2019 સુધી કાઉન્સિલ ઓફ યુરોપના મહાસચિવ રહ્યા હતા. તપાસ યોગ્ય રીતે થઈ શકે તે માટે, તેમની રાજદ્વારી છૂટછાટ હટાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી હતી. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે લગભગ 30 લાખ પાનાના દસ્તાવેજો 30 જાન્યુઆરીએ જાહેર કર્યા છે. ત્યારબાદ 10 દેશોમાં 15 થી વધુ મોટા અધિકારીઓને પદ છોડવું પડ્યું છે. 80 થી વધુ શક્તિશાળી લોકો પર તપાસ ચાલી રહી છે. આ ફાઈલોમાં નેતાઓ, રાજદૂતો, અબજોપતિઓ અને શાહી પરિવારોના નામ સામેલ છે. ઘણા કિસ્સાઓમાં સગીર છોકરીઓના જાતીય શોષણના આરોપો પણ છે. દસ્તાવેજોમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટન જેવા હાઈ-પ્રોફાઈલ નામો અલગ-અલગ સંદર્ભોમાં સામે આવ્યા છે. એપસ્ટીનના ખુલાસા બાદ સૌથી વધુ ખળભળાટ યુરોપમાં છે. લગભગ 10 દેશોમાં રાજીનામાનો દોર શરૂ થઈ ગયો છે. સૌથી વધુ બ્રિટનમાં 3 અધિકારીઓને પદ છોડવું પડ્યું. પૂર્વ રાજદૂત પીટર મેન્ડેલસન, સલાહકાર એડમ પેરી અને પીએમ કીર સ્ટાર્મરના ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેક્સ્વીનીએ રાજીનામું આપ્યું.

## તંત્રી લેખ

# ભક્ત પ્રહલાદને આઠ દિવસ આપેલી યાતના એટલે હોળાષ્ટક

ગઈકાલે મંગળવારથી હોળાષ્ટક બેસી ગયા છે. આપણે ત્યાં સામી હોળીએ કોઇ શુભ કામ નહીં કરવાનો રિવાજ આજે પણ જોવા મળે છે. હોળીના આઠ દિવસ પહેલાં હોળાષ્ટક બેસે છે. વેપારી વર્ગ સામી હોળીએ નાના મોટા સોદાથી દૂર રહે છે. ૨૪ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી હોળાષ્ટક છે. આ સમય જપ,તપ, દાનનો છે.

હોળાષ્ટકના આઠ દિવસ ભક્ત પ્રહલાદને અપાયેલી યાતના સાથે જોડાયેલા છે. જ્યારે યાતના અસહ્ય બનાવવા તેને હોળીકાના ખોળામાં બેસાડીને જીવતો સળગાવવાનો પ્રયાસ થાય છે ત્યારે પણ પ્રહલાદ ભગવાન વિષ્ણુની ભક્તિ છોડવા તૈયાર નથી થતો. અંતે સ્થંભમાંથી મનુષ્યના દેહવાળા અને સિંહ જેવા મુખ વાળા નૃસિંહ ભગવાન પ્રગટ થયા હતા અને હિરણ્યકશ્યપને પોતાના ઘૂંટણ પર બેસાડીને હાથના નખોથી તેની છાતી ચીરીને ભોંય પર પટકી દીધો હતો.

ભક્ત પ્રહલાદ ભગવાન વિષ્ણુનો ભક્ત હતો. તેના પિતા રાક્ષસ હિરણ્યકશ્યપ હતા. તેમને વિવધ વરદાન હતા જેનાથી તેને મારવો અશક્ય હતો. એટલેજ ભગવાને નૃસિંહ અવતાર ધારણ કર્યો અને હિરણ્યકશ્યપનો અંત લાવી દીધો હતો.પરંતુ તેમના પુત્ર પ્રહલાદને ભગવાન વિષ્ણુ પર પુરો ભરોસો હતો. પુત્રને વિષ્ણુ ભગવાનની ભક્તિમાંથી તે તે છોડાવવા માંગતા હતા. તેને સખત યાતના આપવાની શરૂ કરી હતી જેથી તે ભગવાન વિષ્ણુને ભૂલી જાય.

હોળાષ્ટકમાં શુભકામથી આઠ દિવસ દૂર રહેવા પાછળ ભક્ત પ્રહલાદની ભક્તિ રહેલી છે. હોળી સાથે ભક્ત પ્રહલાદની ભક્તિ અને ભગવાનમાં રહેલો વિશ્વાસ સંકળાયેલો છે. હોળી-ધૂળેટીના ધાર્મિક મર્મથી લોકોને દુર રખાયા છે એમ કહી શકાય. હોળી ધૂળેટી પર્વને રંગોની સાથે અને હોળી પ્રગટાવવાની સાથે જ્યારે ધૂળેટીને એકબીજાને રંગવા સાથે જોડી દેવાયો છે. નાના ગામડાથી મેટ્રો સિટી સુધીના યુવાનો-યવતીઓ ગુલાલથી રંગાઇ જાય છે તો ક્ટલાક જાહેર રજાનો આનંદ ઉછાવે છે.

ડાકોરમાંરણછોડરાય,શ્રીનાથજી મદિર,દ્વારકાના મંદિર વગેરે વૈષ્ણવ મંદિરો ખાતે ફૂલડોળના દર્શન માટે લાખો શ્રધ્ધાળુઓ ઉમટશે. વિદેશથી આવેલા ગુજરાતીઓ હોળાષ્ટકમાં પણ લગ્ન જેવા શુભ કામો કરીને એમ બતાવે છે કે અમને ગ્રહો કે અશુભ દિવસો નડતા નથી પરંતુ હકીકત એ છે કે તેમની પાસે સમયનો અભાવ હોય છે અને તેમને જોબમાં બહુ લાંબી રજાઓ નથી મળતી હોતી. આવા લોકો સગવડીયા ધાર્મિક લોકોની યાદીમાં આવે છે. નોન રેસીડેન્ટ ઈન્ડિયન હોળીના દિવસોમાં વિવાહ અને લગ્ન પણ ધામધૂમથી કરતા હોય છે.

હિરણ્યકશ્યપના મોત પછી દેવતાઓએ પ્રહલાદને કહ્યું કે નૃસિંહ ભગવાનનો ક્રોધ શાંત પાડવા તું તેમની પાસે બેસ. પ્રહલાદે કરેલી સ્તુતિથી ભગવાન ખુશ થયા હતા અને તેને વરદાન માંગવા કહ્યું હતું. ત્યારે તે જવાબ દિવંગત પૂજ્ય ડોંગરેજી મહારાજ તેમની કથામાં ગળે ઉતરી જાય તેવી રીતે સમજાવતા હતા. ભક્ત પ્રહલાદે કહ્યું હતું કે ભગવાન તમે સંસાર એટલો સુંદર બનાવ્યો છે કે ભલભલા તેની માયામાં લપસી પડે છે. પ્રહલાદે કહ્યું કે ભગવાન પાસે માંગવાની ઈચ્છા થઈ એટલે ભગવાન પરથી દ્રષ્ટિ ખસી ગઈ. તેમના પરથી વિશ્વાસ જતો રહ્યો. પ્રહલાદે કહ્યું હતું કે ભગવાન તમે સંસારમાં માયા નામનું આકર્ષણ એવી રીતે ઉમેર્યું છે કે તેમાં ઈન્દ્રીયો લલચાયા વિના રહેતી નથી.

પ્રહલાદે કહ્યું હતું કે ભગવાન સંસારને સુંદર બનાવીને તમે ગોટાળો કર્યો છે. ત્યારે ભગવાને કહ્યું કે મેં સંસાર સુંદર એટલા માટે બનાવ્યો છે કે મારા બાળકો સુખી થાય. પૃથ્વી પરના તમામ જીવોને સુખી કરવા મેં સંસાર સુંદર બનાવ્યો છે. માણસ આ કુદરતે આપેલી સુંદરતાનો દુરૂપયોગ કરે છે. ભગવાને કહ્યું હતું કે સંસારને ભોગ દ્રષ્ટિથી નહીં પણ ભાગવદ્ દ્રષ્ટીથી જોવામાં આવે અને દરેક કામમાં વિવેક બતાવે તો તે સુખી થાય.

**ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કનેક્ટિકટ, મેસેચ્યુસેટ્સ, ડેલવેર, રોડ આઈલેન્ડ અને મેરિલેન્ડ જેવા રાજ્યોમાં સ્ટેટ ઓફ ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. આ તમામ રાજ્યોમાં લોકોને ઘરમાં પુરાઈ રહેવાના આદેશ અપાયા. અત્યાર સુધીમાં 30 ઈંચ જેટલો બરફ પડી ગયો છે. જાણકારોના મતે દાયકાઓ બાદ અમેરિકામાં આવું ભયાનક તોફાન આવ્યું છે : હવામાન ખાતાના મતે ન્યૂયોર્કની તમામ ૨૯ કાઉન્ટીઓમાં એક સાથે બોમ્બ સાઈક્લોનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, 1996માં આવેલા ઐતિહાસિક બ્લિઝાર્ડ બાદ પહેલી વખત બે દાયકા પછી ન્યૂયોર્કની આવી સ્થિતિ થઈ છે**

# બોમ્બ સાઈક્લોન : અમેરિકાને ભીંસમાં લેનારો સફેદ દૈત્ય

### અમેરિકાના ઉત્તર-પૂર્વમાં આવેલા બરફના ભયાનક તોફાનને પગલે સાત રાજ્યોમાં સ્ટેટ ઓફ ઈમર્જન્સી જાહેર કરવાની ફરજ પડી, કરોડો લોકો ઘરમાં કેદ





અમેરિકી પ્રમુખ ભલે અત્યારે તેમના તુંડમીજાજ અને અવિચારી નિર્ણયોના કારણે દુનિયાભરમાં આતંક મચાવતા હોય પણ બીજી તરફ કુદરતે અમેરિકામાં જે તાંડવ શરૂ કર્યું છે તેનાથી અમેરિકનો ગભરાયા છે. અમેરિકાના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં ભયાનક હિમ તોફાન એટલે કે સ્નો સ્ટોર્મ આવ્યું છે. તેના કારણે મોટાભાગના વિસ્તારોમાં જીનજીવન ખોરવાઈ ગયું છે. જાણકારો દ્વારા તેને બોમ્બ સાઈક્લોન નામ આપવામાં આવ્યું છે. આ એવું વાવાઝોડું છે જેણે વર્જિનિયાથી માંડીને મેન સુધી તમામ વિસ્તારોને બરફની ચાદરમાં લેપટી દીધા છે. ન્યૂયોર્ક સિટીના સ્કાઈલાઈપ પણ બરફથી ઢંકાયેલા જોવા મળે છે. જાણકારોના મતે આ તોફાન એટલું ભયાનક છે કે, અનેક વિસ્તારોને પોતાના ઝપેટમાં લઈ લીધા છે. હાલમાં અનેક રાજ્યોના મોટાભાગના શહેરોમાં રોડ-રસ્તા, હાઈવે, એરપોર્ટ, રેલવે નેટવર્ક ખોટકાઈ ગયા છે. જાહેર સ્થળો, બગીચા, અન્ય જગ્યાઓ બધું જ બરફ હેઠળ દબાઈ ગયું છે.

ગંભીર બાબત એ છે કે, આ વાવાઝોડાએ અત્યાર સુધીમાં સાત રાજ્યોને પોતાની ઝપેટમાં લીધા છે. હવામાન ખાતાના અહેવાલો પ્રમાણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કનેક્ટિકટ, મેસેચ્યુસેટ્સ, ડેલવેર, રોડ આઈલેન્ડ અને મેરિલેન્ડ જેવા રાજ્યોમાં સ્ટેટ ઓફ ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. આ તમામ રાજ્યોમાં લોકોને ઘરમાં પુરાઈ રહેવા અને અત્યંત ઈમર્જન્સી ન હોય તો ઘરની બહાર ન નીકળવાના આદેશ આપી દેવાયા છે. સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ માધ્યમોમાં આ વાવાઝોડાના દ્રશ્યો દુનિયાભરમાં ફરતા થયા છે. ટાઈમ્સ સ્ક્વેર ઉપર અત્યારે મોટી સંખ્યામાં બરફ છે. બગીચાઓ, ફન પાર્ક અને અન્ય એમ્યુઝમેન્ટ પાર્કમાં બરફ છવાઈ ગયો છે. લોકો બરફમાં રમવા ઉમટી પડયા છે. જો કે, તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવાની ચેતવણી અપાઈ છે.

અત્યાર સુધીમાં ૩૦ ઈંચ જેટલો બરફ પડી ગયો છે. જાણકારોના મતે દાયકાઓ બાદ અમેરિકામાં આવું ભયાનક તોફાન આવ્યું છે જેમે સાતથી વધુ રાજ્યોને ઘરમોળી કાઢયા છે.

ઉલ્લેખનીય છે કે, આ બોમ્બ સાઈક્લોન ઘણી વખત અમેરિકાને શકંજામાં લેતું હોય છે. મોટાભાગે શિયાળામાં એકાદ હિમ તોફાન અમેરિકાને ઘમરોળતું જ હોય છે. આ વખતનું આ તોફાન દાયકાઓ બાદ આટલું ભયાનક આવ્યું હોવાનો અંદાજ છે. જે વાવાઝોડું ખૂબ જ ઓછા સમયમાં ભયાનક સ્થિતિમાં આવી જાય અને વિસ્ફોટક બની જાય છે તેને બોમ્બ સાઈક્લોન કહેવાય છે. આવા વાવાઝોડાના કેન્દ્રમાં એરપ્રેશર ૨૪ કલાકમાં જ ૨૪ મિલીબાર જેટલું ઘટી જાય છે અને તેથી જ તેને બોમ્બ સાઈક્લોનની કેટેગરીમાં રાખવામાં આવે છે. જાણકારોના મતે એરપ્રેશર જેટલું ઝડપથી ઘટે છે વાવાઝોડું તેટલું જ વધારે શક્તિશાળી થતું જાય છે.

સરળભાષામાં કહીએ તો, આવા વાવાઝોડાને શિયાળાના હરિકેન પણ કહી શકાય છે. અત્યંત ઝડપથી ગોળ ફરતી લોઅર પ્રેશર સિસ્ટમ જે આર્કટિકની ઠંડી હવાને ખેંચી લે છે. ત્યારબાદ હિમ ચક્રવાત જેવી ઠંડી હવાનું જોર ઉત્પન્ન કરે છે અને એટલી વ્યાપક બરફવર્ષા કરે છે કે, શહેરોના શહેરોમાં બધું જ ઘમરોળાઈ જાય છે અને વ્યવસ્થા ખોરવાઈ જાય છે. કોઈપણ ચક્રવાતને બ્લિઝાર્ડ જાહેર કરવા માટે ઓછમાં ઓછી ૫૬ કિ.મી પ્રતિ કલાકની ઝડપ હોવી જોઈએ. તે ઉપરાંત અત્યંત ભારે બરફવર્ષા અને ઓછામાં ઓછો ત્રણ કલાક સુધી આ ચક્રવાત ચાલવું જોઈએ અને વિઝિબિલિટી એક માઈલના ચોથા ભાગ સુધીની હોવી જોઈએ.

હાલમાં જે સાઈક્લોન અમેરિકા ઉપર ત્રાટક્યું છે તેમાં આ તમામ માપદંડો પૂરા થયેલા જોવાય છે. તેથી જ તેને બ્લિઝાર્ડ કહેવાયું છે.

ચિંતાજનક બાબત એ છે કે, આ બોમ્બ સાઈક્લોનના કારણે ન્યૂયોર્ક સિટી, લોન્ગ આઈલેન્ડ, લોઅર હડસન વેલી, ન્યૂ જર્સીના મોટાભાગના વિસ્તારો તથા સાઉથ કનેક્ટિકટમાં ભયાનક હિમ ચક્રવાત છે. ત્રણેય રાજ્યોના કિનારાઓ ઉપર પૂરની ચેતવણી પણ આપવામાં આવી છે. ઘણા વિસ્તારોમાં એક ફૂટ કરતા વધારે બરફ પડી ગયો છે. પરિસ્થિતિ અત્યંત વિકટ થઈ રહી છે. હવામાન ખાતાના મતે ન્યૂયોર્કના તમામ ૨૯ કાઉન્ટીઓમાં એક સાથે બોમ્બ સાઈક્લોનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૯૬માં આવેલા ઐતિહાસિક બ્લિઝાર્ડ બાદ પહેલી વખત બે દાયકા પછી ન્યૂયોર્કની આવી સ્થિતિ થઈ છે. અહીંયાના મેયર જોહરાન મમદાની દ્વારા ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. રવિવાર રાતથી સોમવાર રાત સુધી તમામ રસ્તા, હાઈવે, પુલ બંધ કરી દેવાયા હતા. માત્ર ઈમર્જન્સી સેવાઓને જ રાહત અપાઈ હતી. આજે મંગળવારે પણ સ્થિતિમાં કોઈ સુધારો નથી.

ચિંતાજનક બાબત એવી છે કે, રોડ આઈલેન્ડ, પેન્સિલવેનિયા, કનેક્ટિકટ, મેરિલેન્ડ, મેસાચુસેટ્સ દ્વારા પણ ઈમર્જન્સી જાહેર કરીને પગલાં લેવાઈ રહ્યા છે. ન્યૂયોર્ક અને મેસાચ્યુસેટ્સમાં તો નેશનલ ગાર્ડ સજ્જ કરી દેવાયા છે. ન્યૂયોર્ક સિટીના ત્રણ મુખ્ય એરપોર્ટ લાગાર્ડિયા એરપોર્ટ, જોન એફ કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નેવાર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એક હજાર કરતા વધારે ઉડાણો રદ કરવામાં આવી છે. જેકેફની તો ત્રીજા ભાગની તમામ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. સ્થાનિક રેલવે સેવાઓ પણ અટકાવી દેવામાં આવી છે. ઉત્તર-પૂર્વ અમેરિકામાં એક લાખ કરતા વધારે લોકો અંધારપટ હેઠળ રહેવા મજબૂર બન્યા છે. જાણકારોના મતે હાલમાં કરોડો લોકો ઉપર આફત છે અને હજી આગળ વધી શકે છે.

ઉલ્લેખનીય છે કે, વૈજ્ઞાનિકો અને સંશોધકો દ્વારા આ વાવાઝોડાની સેટેલાઈટ તસવીરો જારી કરવામાં આવી છે. અવકાશમાંથી આ બોમ્બ સાઈક્લોનની તસવીરો લેવાઈ હતી.

જાણકારોના મતે અવકાશમાંથી જોવામાં આવ્યું ત્યારે સમજાયું કે, આ વાવાઝોડું એક વિશાળ વાદળ જેવું છે જે સર્પાકારે નીચે જતું જાય છે. તેની આંખની અંદર અત્યંત પ્રેશર છે. આ આંખનો ભાલ હાલમાં ન્યૂજર્સી પાસે દેખાઈ રહ્યો છે. હવામાન ખાતાએ જણાવ્યું કે, બોમ્બ સાઈક્લોન તેની આદત પ્રમાણે અત્યંત ઝડપથી શક્તિશાળી થયું છે. હાલમાં આ વાવાઝોડાના કેન્દ્રમાં રહેલું એરપ્રેશર ૯૭૨ મિલીબાર જેટલું ઘટી ગયું છે. તેના કારણે જ આ વાવાઝોડું અત્યંત શક્તિશાળી થઈ ગયું છે. કેટલાક વિસ્તારોમાં હવાની ઝડપ ૧૨૦ કિ.મી. પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ છે. બીજી તરફ કેટલાક સ્થળે પવનના જે સુસવાટા આવી રહ્યા છે તેની ઝડપ તો ૧૪૫ કિ.મી સુધી પહોંચી ગઈ છે.

જાણકારોના મતે આ હરિકેન નથી જે ગરમ સમુદ્ર ઉપરથી પાણીની ઉર્જા મેળવીને ચક્રાકાર રીતે જમીન ઉપર ટકરાય છે. આ આર્કટિક ઉપરના ઠંડા પવનો છે જે એકાએક ગરમ પ્રદેશો તરફ ખેંચાયા છે. તેથી તેને કાયદેસર રીતે હરિકેન કહી શકાય નહીં પણ છતાં તેના જેવું જ કહી શકાય. વાવાઝોડાના કારણે ન્યૂજર્સી અને અન્ય વિસ્તારોના કિનારાઓમાં પવનનું જોર અસાધારણ રીતે વધ્યું છે. તેના કારણે સમગ્ર પણ કાબુ બહાર જવા લાગ્યા છે. ન્યૂયોર્કસિટી અને આસપાસના વિસ્તારોમાં પણ તોફાની વરસાદ અને કિનારાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરની ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. સમુદ્રમાં સફર નહીં ખેડવા અને હવાઈ યાત્રા પણ રદ કરવાના આદેશ અપાયા છે. જાણકારોના મતે વાવાઝોડું જમીન સાથે ટકરાશે ત્યારબાદ નબળું પડવા લાગશે.

હાલમાં તો તેના કોઈ વરતારા જણાતા નથી. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, બોમ્બ સાઈક્લોને આ વખતે અમેરકાની સૌથી વધુ વસતી ધરાવતા રાજ્યો ઉપર કેર વર્તાવ્યો છે અને જો સ્થિતિ કાબુમાં નહીં આવી અને અઘટીત ઘટના બની તો મૃતાંક મોટો થશે.

ગંભીર બાબત એ છે કે, ક્લાઈટમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ અંગે વૈજ્ઞાનિકો દ્વારા કેટલાય વખતથી સતત ચેતવણી ઉચ્ચારવામાં આવી રહી છે. દુનિયાભરના દેશો અને લોકો દ્વારા તેના વિશે ચર્ચા કરાય છે પણ તેને અટકાવવા નક્કર અને સચોટ પગલાં લેવામાં આવતા નથી. તેના વિશે લેવાતા પગલાંમાં સાતત્યતા પણ જળવાતી નથી. તેના કારણે ઈચ્છિત પરિણામ મળતું નથી. વૈજ્ઞાનિક લાંબા સમયથી ચેતવણી આપતા હતા કે, ભલે દુનિયાનું તાપમાન વધી રહ્યું હોય અને તેના કારણે હિમ ચક્રવાતની સંખ્યામાં ઘટાડો થયો હોય છતાં એક બાબત સ્પષ્ટ છે કે, જે હિમ તોફાન આવશે તે વિનાશક અને ભયાનક હશે. પોરલ વોર્ટેક્સની સ્થિતિ પણ તેના કારણે જ વકરી રહી છે. આર્કટિક ઉપરની ઠંડી હવાના પડમાં ગરબડ થઈ રહી છે અને તેનું કારણ પણ ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ છે.

ઠંડી હવાનું આ લેયર નબળું પડતાં જ હાડ થીજાવતા ઠંડા પવનો સીધા જ અમેરિકાના વધારે વસતી ધરાવતા રાજ્યોને પોતાની ઝપેટમાં લઈ લે છે. તેના કારણે ભયાનક વાવાઝોડાની સ્થિતિ સર્જાય છે. ચિંતાજનક બાબત એ છે કે, હાલમાં આવેલું આ બોમ્બ સાઈક્લોન એટલા માટે વધારે ઘાતક છે કે થોડા સમય પહેલાં જ અમેરિકા એક કુદરતી આપત્તીનો ભોગ બનીને સ્થિતિ સંભાળી રહ્યું હતું. થોડા સમય પહેલાં જ આવેલી કુદરતી આપત્તીમાં ૧૦૦થી વધુ લોકોનાં મોત થયા હતા. ત્યાં હવે આ બોમ્બ સાઈક્લોન આવ્યું છે જેણે બધું જ ઘમરોળી કાઢયું.

# ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ મુદ્દે બબાલ

૨૦૨૪માં એનડીએને હરાવવા માટે વિવિધ પક્ષોએ ભેગા મળીને ઈન્ડિયા ગઠબંધનની સ્થાપના કરી હતી. ત્યાર પછી વિવિધ રાજ્યોની ચૂંટણી દરમિયાન ઈન્ડિયા ગઠબંધનના પક્ષો એકબીજા સામે લડયા હતા. મહારાષ્ટ્રમાં તો મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં પણ ઈન્ડિયા ગઠબંધનના પક્ષો પોતાની રીતે ચૂંઠણી લડયા હતા. ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ મુદ્દે ખેંચતાણ ચાલી રહી છે. મમતા બેનર્જી રાહુલ ગાંધીનું નેતૃત્વ સ્વિકારવા તૈયાર નથી. અરવિંદ કેજરીવાલ મગનું નામ મરી પાડતા નથી. કોંગ્રેસના નેતા મણીશંકર ઐયરએ ગઠબંધનના સંયોજક તરીકે તામિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીનને યોગ્ય ગણાવ્યા છે. બીજી તરફ ઓમર અબ્દુલ્લા એવું માને છે કે હમણાના તબક્કે રાહુલ ગાંધી જ નેતા તરીકે યોગ્ય છે. જોકે અત્યાર સુધી ઈન્ડિયા ગઠબંધનની જેટલી બેઠકો થઈ છે એમા નેતૃત્વ મુદ્દે કોઈ વાતચીત થઈ નથી.

બાંગ્લાદેશના વડાપ્રધાન બન્યા પછી તારીક રહેમાનએ સૌથી પહેલા સૈન્યમાં મોટાપાયે ફેરફાર કર્યા છે. ઓપરેશનલ અને ઈન્ટેલિજન્સના હોદ્દાઓ પર નવી નિમણૂકો કરવામાં આવી છે. ભારતસ્થિત રક્ષાસલાહકાર બ્રિગેડિયર જનરલ એમ ડી હાફીજુર રહેમાનને મેજર જનરલ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. એમને બાંગ્લાદેશ પાછા બોલાવીને ૫૫મી ઈન્ફેન્ટ્રી ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડીંગ બનાવવામાં આવ્યા છે. લેફ્ટનન્ટ જનરલ મોહમદ મેનુર રહેમાનને સૈન્યના ચીફ ઓફ જનરલ સ્ટાફ બનાવાવમાં આવ્યા છે. આ પહેલા તેઓ આર્મી ટ્રેનિંગ એન્ડ ડોક્ટ્રીન કમાન્ડના પ્રમુખ હતા. તેઓ લેફ્ટનન્ટ જનરલ મીઝાનુર રહેમાન સમીમની જગ્યાએ આવ્યા છે. મીઝાનુરને રજા પર ઉતારી દેવામાં આવ્યા છે. નિરિક્ષકો એમ માની રહ્યા છે કે અગાઉ લશ્કરમાં જે ટોચના હોદ્દાઓ ઉપર હતા એમાંથી કેટલાક નવી સરકારને વફાદાર નહીં રહે. પાકિસ્તાનની માફક બાંગ્લાદેશમાં પણ હવે રાજકારણમાં લશ્કરની ચંચુપાત વધી ગઈ છે એટલે નવા વડાપ્રધાન કોઈ જોખમ લેવા માંગતા નહોતા.

મહારાષ્ટ્ર ભાજપના દેખાવથી હાઈકમાન્ડ ખુશ છે એમાં શંકા નથી. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે બધી સત્તા છે. આમ છતાં મહારાષ્ટ્ર ભાજપના સંગઠનમાં મોટા ફેરફાર થયા છે. પહેલીવાર બીએમસીના કોર્પોરેટર બનેલા નવનાથ બાનને પક્ષે મુખ્ય પ્રવકતા બનાવ્યા છે. નવનાથ બાન આ પહેલા પક્ષના પ્રદેશ મીડિયા પ્રમુખ હતા. હવે તેઓ કેશવ ઉપાધ્યાયની જગ્યા લેશે. પ્રદેશ પ્રમુખએ મુખ્ય પ્રવક્તા, મહામંત્રી, મંત્રી, ઉપાધ્યક્ષ, કોષાધ્યક્ષ અને યુવા મોરચાના પ્રમુખના નામો જાહેર કર્યા હતા. પ્રદેશ પ્રમુખના જણાવ્યા પ્રમાણે થોડા મહિના પહેલા ભાજપ હાઈકમાન્ડે એમને પ્રદેશ પ્રમુખ બનાવ્યા હતા. જોકે ત્યાર પછી આચાર સંહિતા અને સ્થાનિક ચૂંટણીઓને કારણે સંગઠનમાં ફેરફાર થઈ શક્યા નહોતા. આ તમામ નિર્ણય ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, બી એલ સંતોષ, શીવપ્રકાશ, દેવેન્દ્ર ફડણવીસને વિશ્વાસમાં લઈને કરવામાં આવ્યા છે.

તામિલનાડુ વિધાનસભાની ચૂંટણી નજીક છે એટલે તામિલનાડુના રાજકારણમાં ગરમી આવી ગઈ છે. એઆઈએડીએમકેમાંથી હાંકી કઢાયેલા વી કે શશીકલાએ કહ્યું છે કે અમ્મા એટલે જયલલીતાના જન્મ દિવસે ખુશખબર આપશે. આનો રાજકીય મતલબ એમ થાય કે હવે શશીકલા નવો પક્ષ બનાવશે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલીતાની જન્મજયંતી પરના કાર્યક્રમ સાથે આ જાહેરાત જોડવાથી એવા સંકેતો જશે કે જયલલીતા પણ આ નિર્ણયથી ખુશ થાત. શશીકલાએ



પહેલા એઆઈએડીએમકેના સ્થાપક એમ જી રામચંદ્રન અને જયલલીતાને પુષ્પાંજલી અર્પિત કરી હતી. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે શશીકલા ૨૦૨૬ની વિધાનસભાની ચૂંટણી પહેલા નવી પાર્ટીનું ગઠન કરશે. એ જ રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ જયલલીતાની ૭૮મી જન્મજયંતી પર એમને શ્રદ્ધાંજલી આપી હતી. મોદીએ જયલલીતાના ભરપેટ વખાણ કર્યા હતા અને એમને શ્રે શાસક ગણાવ્યા હતા.

એઆઇ સમિટમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ દેખાવો કર્યા હતા એને કારણે ભાજપ સિવાય કેટલાક સાથી પક્ષોએ પણ જે રીતે ટીકા કરી હતી એનાથી એમ લાગતું હતું કે, યુથ કોંગ્રેસના નેતાઓએ પોતાની રીતે જ આ દેખાવોનું આયોજન કર્યુ હશે. યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચીબની ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધી શાંત રહેલા રાહુલ ગાંધી આ ધરપકડથી અકળાયા છે. એમણે કહ્યું છે કે, ઉદય ભાનુની ધરપકડ સરકારની સરમુખત્યારશાહી અને કાયરતાનો પુરાવો છે. રાહુલ ગાંધીએ એક્સ હેન્ડલ પર લખ્યું છે કે, 'અમે હંમેશા શાંતિપૂર્ણ વિરોધ કર્યો છે. એ અમારા લોહીમાં છે. વિરોધ કરવાનો હક દરેક ભારતીયને છે. મને યુવા કોંગ્રેસના મારા બબ્બરશેર સાથીદારો માટે ગૌરવ છે. એમણે ડર્યા વગર દેશહીતમાં અવાજ ઉઠાવ્યો છે. અમેરિકા સાથે થયેલા ટ્રેડ ડીલમાં દેશનું હીત જોવામાં આવ્યું નથી.'

કેરળ વિધાનસભામાં નેટીવીટી કાર્ડ બીલ ૨૦૨૬ પસાર કરવામાં આવ્યું છે. વિરોધપક્ષોના ભારે વિરોધ વચ્ચે અને બહિષ્કાર છતા સામ્યવાદી સરકારે આ બીલ પસાર કર્યું છે. સરકારે આ કાયદાને કેરળવાસીઓની ઓળખ અને હકોની સુરક્ષા માટે લેવાયેલું ઐતિહાસીક પગલુ ગણાવ્યું છે. જોકે કોંગ્રેસ અને યુડીએફની ગેરહાજરીમાં બીલ ચર્ચા વગર પસાર કરવામાં આવ્યું હતું. સ્પીકર એ એન શમસીરએ કહ્યું હતું કે, ગૃહની કાર્યવાહી નક્કી થયા પ્રમાણે ચલાવવી શક્ય નહોતી. કોંગ્રેસ તેમજ યુડીએફએ શબરીમાલા મંદિરના સોના પ્રકરણને લઈને ગૃહની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. નેટીવીટી કાર્ડ બીલ ૨૦૨૬નો ઉદ્દેશ રાજ્યના લોકોને સ્થાયી અને ફોટોગ્રાફ સાથેની ઓળખ આપવાનો છે. સરકારનું કહેવું છે કે નેટીવીટી કાર્ડને કારણે કેરળ રાજ્યની કોઈપણ વ્યક્તિને પોતાની ઓળખ સાબિત કરવામાં તકલીફ પડશે નહીં.

ઈટાલીમાં આજકાલ વિંટર ઓલ્મપિકનું આયોજન થયું છે. ઓલ્મપિકનું લાઈવ રીપોર્ટીંગ કરતી વખતે એક મહિલા પત્રકારની જીભ થોથવાતી હતી અને તેઓ લથડિયા ખાતા હતા એવો વિડિયો વાયરલ થયો છે. આ મહિલા પત્રકાર ઓસ્ટ્રેલિયાના છે. મહિલા પત્રકારે જોકે પોતે દારૂ પીધો હોવાનું કબુલ કરીને માફી માંગી લીધી છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાને પણ ઝાઝી લપ્પનછપ્પન કરવાને બદલે એવી ટીપ્પણી કરી હતી કે મહિલા પત્રકારે કઈ ખોટુ નથી કર્યું, બની શકે કે જેટલેગને કારણે એમની તબિયત બગડી હોય. મહિલા પત્રકાર ડેનિકાએ આખો દિવસ રીપોર્ટીંગ કર્યા પછી કોફીની કિંમત વિશે ચર્ચા કરી હતી. મહિલા પત્રકારે વિવાદ પછી કહ્યું હતું કે, આગલા દિવસે મે કંઈ ખાધુ નહોતું અને ભુખા પેટે મે થોડો દારૂ પીધો હતો એ મારી ભૂલ હતી. જોકે સોશ્યલ મીડિયા પર આ મહિલા પત્રકારની ટીકા કરવાને બદલે યુરોપમાં એને ટેકો આપનાર વધારે છે.

# ક્યાંક વાંચ્યું અને ગમ્યું પણ ખરું કે,શબ્દોની રેન્જ સારી હોય તો માણસોના નેટવર્ક ક્યારે પણ તૂટતાં નથી



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ એસએસસી અને ધો.૧૨ એચએસસીની પરીક્ષાઓ શરૂ થશે ત્યારે પરીક્ષાર્થીઓને શુભકામના સાથે આજના ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો રાકેશ આમતેમ ફરતો હતો, થોડો ચિંતિત દેખાતો હતો. તેને અસ્વસ્થ જોઈને મંજુએ કહ્યું, 'તું કેમ ચિંતિત છે?તેને આવવા દો,જોઈએ કે તે શું કહે છે.' રાકેશે કહ્યું,'મને પહેલેથી જ ખબર હતી કે આવું થવાનું છે. લગ્નને પંદર દિવસ બાકી છે,અને હું ખોટમાં છું. તારે સંધ્યાને પૂછવું જોઈએ કે શું તેણે અમિત સાથે વાત કરી છે.' મંજુએ સંધ્યાને બોલાવી.તેણે પણ રાકેશને દિલાસો આપતા કહ્યું, 'શાંત થાઓ, બધું સારું થઈ જશે.'સંધ્યા ઝડપથી અંદર આવી, 'શું વાત છે, મમ્મી? પપ્પા આટલા ચિંતિત કેમ છે?' 'કંઈ નહીં,પ્રિય.શું તમે અમિત સાથે વાત કરી?'મંજુએ ઝડપથી પૂછ્યું. રાકેશે તેની સામે જોયું અને કહ્યું, 'તમે તેને કેમ નથી કહ્યું?સાંભળો દીકરી.તને ખબર છે કે લગ્ન નક્કી થયાને ત્રણ મહિના થઈ ગયા છે. તે સમયે, અમે સ્પષ્ટપણે તારા ભાવિ સાસુ સસરા અને અમિતને પૂછ્યું કે શું તારી કોઈ માંગણી છે.તે સમયે તેઓએ કંઈ કહ્યું નહીં.પણ આજે સવારે,મને મારા સાળાનો ફોન આવ્યો,જેમાં કહ્યું કે તેને કંઈક મહત્વપૂર્ણ ચર્ચા કરવાની છે.તે તારા ઘરે આવી રહ્યો છે. શું અમિતે તને કંઈ કહ્યું છે? તેણે કઈ માંગણીઓ કરી છે? મને અગાઉથી કહો. મારું હૃદય ડૂબી રહ્યું છે.' સંધ્યાએ કહ્યું,'ના,પપ્પા,મેં અમિત સાથે આ વિશે વાત કરી નથી.અને હા,જો તે ઘણી બધી માંગણીઓ કરે છે,તો તમે સંબંધ તોડી શકો છો.' રાકેશજીએ કહ્યું -'આજકાલ લોકો ખુલીને બોલતા નથી, તેઓ સંબંધ કન્ફર્મ થાય ત્યારે જ ખુલીને વાત કરે છે.મને કંઈ સમજાતું નથી. લગ્નને હવે ફક્ત પંદર દિવસ બાકી છે અને કાર્ડ વહેંચાઈ ગયા છે.છોકરાનો પરિવાર આ તકનો લાભ લે છે.' 'ઓહ,તમે પણ,તમે આટલી ઊંચાઈએ પહોંચો છો.તેમને પહેલા આવવા દો,આપણે વાત કરીશું.જો આપણે તેમની માંગણીઓ પૂરી કરી શકીએ, તો આપણે હા કહીશું.નહીં તો, આપણે ના પાડીશું.'મંજુબેને સમજાવતા કહ્યું.એટલામાં જ ડોરબેલ વાગી,બધા ચોંકી ગયા. રાકેશે દરવાજો ખોલ્યો ત્યારે તેનો સાળો કિશોરીલાલ ત્યાં ઊભો હતો.રાકેશે તેનું સ્વાગત કર્યું અને તેને સોફા પર બેસાડ્યો એટલામાં જ મંજુબેન પાણી લાવ્યો.રાકેશે અચકાતા કહ્યું, 'ભાઈ, જો તારે કોઈ કામ હોત તો તું મને ફોન કરી શક્યો હોત. ચિંતા કરવાની શું જરૂર છે?' કિશોરીલાલે જવાબ આપ્યો, 'ઓહ,ભાઈ,મારે કંઈક મહત્વ પૂર્ણ ચર્ચા કરવી હતી.મેં પણ વિચાર્યું કે હું મારી દીકરીને મળીશ.'તે હસ્યો. તેના હાસ્ય સાથે હળવું સ્મિત ભેળવીને રાકેશે કહ્યું,'સંધ્યા,અહીં આવ.' સંધ્યા આવી અને તેના પગે લાગી. કિશોરીલાલે તેને મીઠાઈ ઓ અને ફળ આપતા કહ્યું, 'દીકરી,આ લઈ જા. તારી સાસુ એ મોકલ્યા છે.'સંધ્યા શરમાઈને અંદર ગઈ,પણ રૂમમાંથી બહાર નીકળતાં જ તેણે પણ ધ્યાનથી સાંભળવાનો પ્રયાસ કર્યો. મંજુબેને થોડીવારમાં નાસ્તો પીરસો.ચાની ચૂસકી લેતા કિશોરીલાલજીએ કહ્યું,'વાહ, વેવાણ, ચા તો એકદમ પરફેક્ટ છે. હા, ભાઈ,મારે તમને કંઈક મહત્વ પૂર્ણ કહેવું હતું.તમે લગ્નની તૈયારીઓ કરી લીધી હશે.' રાકેશજીની ધીરજ તૂટી ગઈ અને તેમણે કહ્યું,'હા,ભાઈ, બધી તૈયારીઓ થઈ ગઈ છે. કાર્ડ પણ વહેંચાઈ ગયા છે. જો તમને બીજું કંઈ જોઈતું હોય,તો મને કહો.'કિશોરીલાલજીએ હસતાં હસતાં કહ્યું,'હા, ભાઈ. 'એક માંગ છે,એટલે જ મારે આવવું પડ્યું.'આ સાંભળીને બધાના ચહેરા ફિક્કા પડી ગયા. રાકેશે હિંમત ભેગી કરી અનેકહ્યું 'હા,મને કહો.' 'વાત એ છે કે ભાઈ,અમે તમને કહ્યું હતું કે અમને ફક્ત એક છોકરી જોઈએ છે,પણ તમે જાણો છો કે લગ્નમાં સંબંધીઓ હંમેશા દહેજ પર નજર રાખે છે: કેટલી વસ્તુઓ આવે છે,કેટલી રોકડ આપવામાં આવે છે. તેઓ ક્યારેય મોં બંધ નહીં કરે.મારી ફક્ત એક વિનંતી છે:કોઈ દહેજ કે રોકડ ન આપો.આપણે ફક્ત એક રૂપિયામાં લગ્ન કરીશું.' કિશોરીલાલજીએ ગંભીરતાથી કહ્યું. રાકેશે કહ્યું,'ભાઈ,એ ઠીક છે, પણ મારી પણ કેટલીક ઈચ્છા ઓ છે.હું જે કરી શકું તે કરીશ.' કિશોરીલાલજીએ કહ્યું,'તમે તમારી દીકરી આપી રહ્યા છો.હું મારા બધા સંબંધીઓને,પછી ભલે તે તમારી હોય કે મારી,આ સંદેશ મોકલવા માંગુ છું કે લગ્ન દહેજ વિના પણ થઈ શકે છે. તમારા માટે,આ પૈસા તમારા વૃદ્ધાવસ્થા માટે બચાવો.મેં મારી દીકરીના રૂમમાં એક મહિના પહેલા જ દહેજનો બધો સામાન ગોઠવી દીધો હતો.'તું અને હું સાથે મળીને આ દહેજના દુષણ ને નાબૂદ કરીશું.' રાકેશની આંખો ભીની હતી; તેમને વિશ્વાસ નહોતો આવતો કે તેઓ શું વિચારી રહ્યા છે અને આ બધું સાંભળી રહ્યા છે.ત્યારે જ, કિશોરીલાલજીએ તેમની બેગમાંથી દસલાખરૂપિયા કાઢ્યા અને ટેબલ પર મૂક્યા. પછી તેમણે કહ્યું, 'અમિતે સંધ્યાને કહ્યું કે લગ્નના મંડપ અને ભોજન સમારંભનો કુલ ખર્ચ વીસ લાખ રૂપિયા છે.આપણે એક જ કાર્યક્રમ કરીશું અને હું અડધો ખર્ચ ઉઠાવીશ. તમે આ પૈસા રાખો.હું લગ્નની સવારે આવીશ.હું બધી વ્યવસ્થા કરીશ તેથી ચિંતા કરશો નહીં.' હવે,રાકેશને પોતાને કાબૂમાં રાખવો મુશ્કેલ લાગ્યું, તેની આંખોમાં આંસુ આવી ગયા. તેમણે કહ્યું,'વેવાઈ,ચિંતા કરશો નહીં,મેં બધી વ્યવસ્થા કરી લીધી છે. તમે આ પૈસા રાખી શકો છો.''ના,વેવાઈ, તમારી દીકરીના લગ્ન છે,અને મારા દીકરાના લગ્ન પણ આવી રહ્યાછે તમે આ પૈસા રાખો.જો તમને મારા માટે કંઈ જોઈતું હોય,તો કૃપા કરીને મને જણાવો 'આટલું કહીને તેઓ ઉભા થયા. મંજુબેન અને સંધ્યા બંને રડી રહ્યા હતા. જ્યારે સંધ્યા આવી અને તેમના પગે લાગી,ત્યારે કિશોરીલાલજીએ સંધ્યાને એક પરબિડીયું આપ્યું.તેના ગયાપછી સંધ્યાએ પરબિડીયું ખોલ્યું અને તેમાં પાંચ હજાર રૂપિયા અને એક પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું, 'દીકરી,તારા પિતાનું ધ્યાન રાખજે, તેઓ બિલકુલ ચિંતા ન કરવી જોઈએ.જો તને કોઈ સમસ્યા હોય,તો મને ફોન કરજે. 'યશોદા દોડતાં થાકી ગયાં.કનૈયો હાથમાં આવતો નથી. ખૂબ થાકી ગયાં એટલે લાકડી ભારરૂપ બની ગઈ. હવે યશોદાએ લાકડી ફેંકી દીધી.લાલાને એટલું જ જોઈતું હતું.માએ લાકડી ફેંકી દીધી એટલે કનૈયો ઊભો રહી ગયો અને સામો દોડતો આવ્યો. યશોદા શ્રીકૃષ્ણ સન્મુખ જુએ છે એટલે લાલો પકડાય છે.લાલાનું મુખ જોઈને દોડે તો જ લાલો પકડાય.કારણ કે લાલાના મુખમાં ધર્મ છે. યશોદાજીએ લાકડી ફેંકી દીધી.અભિમાન દૂર કર્યું. નિઃસાધન બન્યાં એટલે શ્રીકૃષ્ણ ભગવાન પકડાયા.તે બતાવે છે કે, ભક્તિમાં દૈન્યભાવ જોઇએ. જીવ અહંતા-મમતા ન છોડે ત્યાં સુધી ભગવાન મળતા નથી.જ્યાં સુધી 'હું' છે ત્યાં સુધી ભગવાન મળતા નથી.

## જિલ્લાના 173 પરીક્ષા કેન્દ્રોમાં ધો. 10 અને 12 ના 47,611 પરીક્ષાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે

# કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને બોર્ડ પરીક્ષાની સુચારું આયોજનબદ્ધ કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ....

### 169 દિવ્યાંગ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે વિશેષ સુવિધાઓના ભાગરૂપે 40 લહિયાની જોગવાઈ દિવ્યાંગોને દર કલાકે 20 મીનિટની રીશેષ અપાશે

**નડિયાદ, તા.25**

સમગ્ર ગુજરાત સહિત ખેડા જિલ્લામાં આવતીકાલ તા. ૨૬-૦૨-૨૦૨૬ થી ૧૮-૦૩-૨૦૨૬ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ યોજાશે. કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને ખેડા જિલ્લામાં બોર્ડ પરીક્ષાની આયોજનબદ્ધ કામગીરી અને સુચારું આયોજન સુનિશ્ચિત કરવા કલેક્ટર કચેરી ખાતે આજરોજ સમીક્ષા બેઠક યોજાઈ હતી.



કલેક્ટરએ પરીક્ષા સંદર્ભે પરિક્ષકો, નિરીક્ષકો તેમજ આચાર્યો અને સંબંધિત સર્વ અધિકારીઓને સરળતાથી સુચારુ રીતે પરીક્ષા પુર્ણ થાય એ શુભકામનાઓ આપતા પરીક્ષામાં કોઈ ગેરરીતિ કે પરીક્ષાર્થીઓને કોઈ અગવડ ના પડે તે માટે જરુરી સુચનો આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી કલ્પેશ રાવલે પરીક્ષાની તૈયારીની વિગતો પુરી પાડતા જણાવ્યું હતુ કે ," જિલ્લામાં પરીક્ષાના સુચારું આયોજન માટે ૧૭૩૦ બ્લોક સુપરવાઈઝર, ૧૭૩ સ્થળ સંચાલકો, ૧૭૩ વહીવટી કર્મચારીઓ અને ૧૭૩ ઝોનલ પ્રતિનિધિઓની નિમણૂક કરવામાં આવી છે. જિલ્લા સંકલન સમિતિના વર્ગ ૦૧ અને વર્ગ ૦૨ અધિકારીઓ સહિત કુલ ૨૫૬૦ થી વધુ કર્મયોગીઓને પરીક્ષામાં કાર્યરત કરવામાં આવ્યા છે તે અંગે.

સમગ્ર પરીક્ષાનું ચુસ્ત મોનિટરિંગ કરવા માટે તમામ ૧૭૩ પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે. જેનું સીસીટીવી ફૂટેજ નિરીક્ષણ ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધાઓના ભાગરૂપે ૪૦ લહિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે. દર કલાકે દિવ્યાંગોને ૨૦ મીનિટ નો બ્રેક આપવામાં આવશે.

આ ઉપરાંત બોર્ડની પરીક્ષા સંદર્ભમાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો માટે શિક્ષણ વિભાગ દ્વારા આજથી તા. ૨૫-૦૨-૨૦૨૬ થી ૧૯-૦૩-૨૦૨૬ સુધી સવારે ૦૭ થી રાત્રે ૦૮ કલાક સુધી કંટ્રોલરૂમ અને હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમ પાળી સવારે ૦૭ થી બપોરે ૦૨ કલાક સુધી નિકુંજભાઈ પ્રજાપતિને મોબાઈલ નંબર ૯૬૬૨૬૯૦૧૪૩ ઉપર તથા દ્વિતીય પાળી બપોરે ૦૨ કલાક થી સાંજે ૦૮ કલાક સુધી નરેન્દ્ર પટેલને મોબાઈલ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત સારથી હેલ્પલાઇન વ્હોટસએપ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર (૨૪*૭) કલાક સંપર્ક કરી શકાશે એની પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના માનસિક તણાવના સંદર્ભમાં વિશેષ રૂપે કાઉન્સેલિંગ આપવામાં આવશે. જેના માટે આર.પી સુમેરાને ૮૧૬૦૧૨૭૨૧૧, ડો. રીતેશ પટેલને ૯૭૨૭૬૨૨૯૭૦, ભૂમિબેન જોશીને ૯૭૩૭૯૦૧૭૧૩ અને ડો. ધર્મેશ મોદીને ૯૪૨૬૫૭૯૯૭૦ ઉપર સંપર્ક કરી શકાશે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ બોર્ડના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦, જીવન આસ્થા હેલ્પલાઇન નંબર ૧૮૦૦૨૩૩૩૩૩૦, સ્ટેટ કંટ્રોલરૂમ નંબર ૯૯૦૯૦૩૮૭૬૮ અને જિલ્લા કંટ્રોલરૂમ નંબર ૮૧૬૦૦૭૫૩૨૦ ઉપર સંપર્ક કરી શકાશે.

ઉલ્લેખનીય છેકે જિલ્લાના ૧૭૩ પરીક્ષા સ્થળોના ૬૯ પરીક્ષા કેન્દ્રોમાં રહેલા ૧૭૧૧ બ્લોક ખાતે કુલ ૪૭,૬૧૧ પરીક્ષાર્થીઓ બોર્ડની પરીક્ષા આપનાર છે. જેમાં, ધોરણ ૧૦માં ૪૫ કેન્દ્રો ખાતે ૨૯,૭૨૪ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૮ કેન્દ્રો ખાતે ૧૫,૪૪૫ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૦૬ કેન્દ્રો ખાતે ૨૪૪૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.૧૬૯ દિવ્યાંગ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે. તેમની માટે વિશેષ સુવિધાઓના ભાગરૂપે ૪૦ લહિયાની જોગવાઈ કરવામાં આવી છે. દિવ્યાંગોને દર કલાકે ૨૦ મીનિટની રીશેષ અપાશે.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર જે.બી દેસાઈ, નાયબ પોલીસ અધિક્ષક ડૉ.દિવ્યાબેન જાડેજા, પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. પરેશ વાઘેલા, સંબંધિત અધિકારીસર્વઓ સહિત પરીક્ષા સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ડાકોર ફાગણી પૂનમના મેળા અંતર્ગત મહેમદાવાદના ખાત્રજ ચોકડી ખાતે કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો

### કોઈ પણ તાકીદની કે આકસ્મિક ધ્યાનાકર્ષક ઘટના બને તો સંપર્ક નંબર ૦૨૬૯૪-૨૪૪૩૬૬ પર તાત્કાલિક જાણ કરવી

**નડિયાદ, તા.25**

ફાગણોત્સવ નિમિત્તે ડાકોર જતા પદયાત્રિઓની સુવિધા અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની સૂચના અનુસાર મહેમદાવાદ તાલુકાના ખાત્રજ ચોકડી ખાતે આવેલ વિશ્રામ ગૃહ (રેસ્ટ હાઉસ) ખાતે વિશેષ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.

આ વર્ષે તા.૨૭/૦૨/૨૦૨૬ થી તા. ૦૪/૦૩/૨૦૨૬ દરમિયાન રાસ્કાથી ખાત્રજ, મહુધા, અલીણા થઈ ડાકોર સુધીના મુખ્ય માર્ગોમાં ફાગણી પૂનમના ડાકોર ફાગણોત્સવ નિમિત્તે ડાકોર મુકામે દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ મહેમદાવાદ તાલુકાના મુખ્ય રાજ્યમાર્ગો અને પેટા માર્ગો પરથી મોટી સંખ્યામાં પસાર થનાર છે. આ માટે વિશ્રામ ગૃહ (રેસ્ટ હાઉસ), ખાત્રજ ચોકડી, તા. મહેમદાવાદ ખાતે ચોવીસ કલાક માટે કંટ્રોલ રૂમ શરુ કરેલ છે. તેમાં નિયુક્ત કરવામાં આવેલ તમામ કર્મચારીશ્રીઓએ કંટ્રોલ રૂમ પર હાજર રહી ફરજિયાત સતત મોનિટરીંગ કરવામાં આવનાર છે.

ફરજ દરમિયાન કોઈ પણ તાકીદની કે આકસ્મિક ધ્યાનાકર્ષક ઘટના બને તો આ સંપર્ક નંબર ૦૨૬૯૪-૨૪૪૩૬૬ પર તાત્કાલિક જાણ કરવાનું કહેવામાં આવ્યું છે. મામલતદારશ્રી, મહેમદાવાદ: મો. ૭૫૬૭૦ ૦૩૮૦૪ ; તાલુકા વિકાસ અધિકારીશ્રી, મહેમદાવાદ: મો. ૭૫૬૭૦ ૧૩૮૫૭ પર સંપર્ક કરી શકાશે.

યાત્રિકોની સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. તમામ સંબંધિત કર્મચારીઓને સમયસર પોતાની ફરજ પર હાજર થવા પણ આદેશ કરવામાં આવ્યો છે એમ મહેમદાવાદ મામલતદારએ જણાવ્યું છે.

# સરકારી કૉલેજ કઠલાલના વિદ્યાર્થીઓએ પંચામૃત પોષણ કીટનું વિતરણ કર્યું....

### "કહો કુપોષણ, ભારત છોડો!" ના નાદ સાથે દત્તક ગામ અનારા ખાતે 200 થી પણ વધુ પૌષ્ટિક "પંચામૃત" પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું

**નડિયાદ, તા.25**

આજરોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલના IQAC, રાષ્ટ્રીય સેવા યોજના-NSS અને નેશનલ કેડેટ કોર્પ્સ-NCC વિભાગના સંયુક્ત ઉપક્રમે એક્સ્ટેંશન અને આઉટરીચ પ્રોગ્રામ- Extension and Outreach Program અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા 'કહો કુપોષણ, ભારત છોડો!' ના નાદ સાથે દત્તક ગામ અનારા ખાતે સ્થિત તમામ આંગણવાડી તેમજ અનારા પગાર કેન્દ્ર શાળાના બાળકોને ખજૂર, ખારી સીંગ, ખારા ચણા, રાજગરાના લાડુ અને સીંગની ચિક્કી ધરાવતી ૨૦૦ થી પણ વધુ પૌષ્ટિક 'પંચામૃત' પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ.




આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. દિવ્યનાથ શુક્લના માર્ગદર્શન હેઠળ IQAC સંયોજક પ્રા. ડૉ. વૈભવ બરોડિયા, રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. પરેશ પટેલ તેમજ નેશનલ કેડેટ કોર્પ્સના એસોસિયેટ એનસીસી ઓફિસર ડૉ. કેયુર મકવાણા દ્વારા કરવામાં આવી હતી.તેઓશ્રી દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓની પ્રસ્તુત સેવાકીય પ્રવૃતિને બિરદાવતા કુપોષણ મુક્ત ભારતની દિશામાં કૉલેજ દ્વારા ઉપાડાયેલ આ પગલાંની પ્રશંસા કરાઈ હતી.

પોષણ કીટ વિતરણ પ્રસંગે ખેડા લઘુમતી મોરચાના પ્રમુખ શ્રી સોહિલભાઈ મલેક, શાળાના આચાર્ય શ્રી મનીષભાઈ પ્રજાપતિ, આંગણવાડી સુપરવાઈઝર જ્યોતિબેન સોની તેમજ આંગણવાડી કાર્યકર બહેનો, બાળકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડનગર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ: મંડળ રેલ પ્રબંધકે મુસાફર સુવિધાઓ અને નવી લાઇન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી

**અમદાવાદ, તા.25**

અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તા. 25.02.2026ના રોજ વડનગર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે રિલે રૂમ, રૂટ રિલે ઈન્ટરલોકિંગ (RRI), માસ્ટર કેબિન, બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ અને કેફેટેરિયા સહિત વિવિધ મુસાફર સુવિધાઓનું અવલોકન કર્યું હતું તેમજ સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું, જેથી સ્ટેશન પર મુસાફર સુવિધાઓને વધુ સુધારી શકાય.



નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે જણાવ્યું કે વડનગર સ્ટેશન પર રેલ કોચોમાં પાણી ભરવા માટે કોચ વોટરિંગ સિસ્ટમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ સુવિધા શરૂ થયા બાદ ટ્રેનોમાં વડનગર સ્ટેશન પરથી જ પાણી ભરવામાં આવી શકશે, જેના કારણે મુસાફરોને મુસાફરી દરમિયાન પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકશે. આ ઉપરાંત, તેમણે સ્ટેશન પર જનપ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી અને સ્ટેશન નજીક આવેલી રેલવે ક્રોસિંગને પહોળું કરવાની તેમની માંગ પર સકારાત્મક વિચારણા કરવાનો આશ્વાસન આપ્યું.

આ અવસરે મહેસાણા-વરેઠા વિભાગના વરેઠા રેલવે સ્ટેશન પર અંબાજી નવી લાઇન પ્રોજેક્ટ હેઠળ મહત્વપૂર્ણ માળખાગત કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયાની માહિતી આપવામાં આવી. આ કાર્ય આબુરોડ-તારંગા હિલ નવી લાઇન રેલખંડની ભવિષ્યની કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. વરેઠા સ્ટેશન પર મુખ્ય લાઇન પર આવેલો જૂનો ડેડ એન્ડ ટ્રેક દૂર કરીને તેને નવી એલાઇનમેન્ટ પર સ્થાનાંતરિત કરવામાં આવ્યો અને નવી બિછાવવામાં આવેલી લાઇન સાથે જોડવામાં આવ્યો. સુધારેલા યાર્ડ લેઆઉટ મુજબ નવી ડેડ એન્ડ લાઇનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, જેના કારણે ભવિષ્યમાં તારંગા હિલ દિશામાં મુખ્ય લાઇનના વિસ્તરણનો માર્ગ સુગમ બનશે.

આ સમગ્ર કાર્ય બે દિવસના બ્લોક દરમિયાન સુરક્ષિત અને આયોજનબદ્ધ રીતે પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રેલ કટિંગ, ડેડ એન્ડ ટ્રેક દૂર કરવું અને શિફ્ટિંગ, નવી લાઇન સાથે લિંકિંગ, ગ્લૂડ જૉઇન્ટનું નિર્માણ, વેલ્ડિંગ, બેલાસ્ટિંગ, પેકિંગ, ક્રોસઓવરનું મશીન ટેમ્પિંગ તેમજ અન્ય જરૂરી ટ્રેક સમાયોજનના કાર્યો કરવામાં આવ્યા. વિદ્યુત (TRD) વિભાગ દ્વારા OHE વાયરિંગ દૂર કરવું અને પુનઃ વાયરિંગ, ATD શિફ્ટિંગ/કટિંગ, બોન્ડિંગ કાર્ય તેમજ ટાવર વેગન દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટર્નઆઉટ વિસ્તાર ક્લિયર થયા બાદ સિગ્નલ અને દૂર સંચાર (S&T) વિભાગ દ્વારા પોઇન્ટ ટેસ્ટિંગ, પુનઃ જોડાણ અને કમિશનિંગનું કાર્ય પ્રગતિ પર છે.

આ પ્રોજેક્ટ થી ભવિષ્યમાં આબુરોડ-તારંગા હિલ રેલખંડની મજબૂત કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે, જેના કારણે મુસાફરોને સુરક્ષિત, સુગમ અને વધુ સુવિધાજનક મુસાફરી ઉપલબ્ધ થશે. સાથે જ અંબાજી અને તારંગા હિલ વિસ્તારના પર્યટનને પ્રોત્સાહન મળશે તથા સ્થાનિક વેપાર અને રોજગારના અવસરોમાં વધારો થશે. સુધારેલી યાર્ડ રચના અને તકનીકી સુધારાઓના કારણે ટ્રેનોના સંચાલનમાં સુગમતા આવશે તેમજ સમયપાલનમાં પણ સુધારો થશે.

# ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ અંતર્ગત કપડવંજ તાલુકાના ૫૫ પ્રગતિશીલ ખેડૂતોનો હાલોલ ખાતે નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીમાં જિલ્લા બહારનો પ્રેરણા પ્રવાસ સંપન્ન કર્યો

**નડિયાદ, તા.25**

ખેતીમાં રસાયણોનો વપરાશ ઘટાડી સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદન મેળવવાના હેતુથી કપડવંજ તાલુકાના ૫૫ ખેડૂતોએ પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે આવેલી નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીનો જિલ્લા બહારનો પ્રેરણા પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસમાં ખેડૂતોએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓનું જીવંત નિદર્શન નિહાળ્યું હતું. જીવામૃત અને ઘન જીવામૃતની બનાવટ વિશે યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા ખેડૂતોને ગાયના છાણ અને



ગૌમૂત્રમાંથી બનાવવામાં આવતા જીવામૃતના વૈજ્ઞાનિક ફાયદાઓ અને તેને બનાવવાની સાચી રીત સમજાવવામાં આવી હતી. ઝેરમુક્ત ખેતીનું મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતુ. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના કારણે જમીનની ફળદ્રુપતામાં થતો ઘટાડો અટકાવી, જમીનને ફરી જીવંત કરવા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

એક જ જમીનમાં એકસાથે અનેક પાકો કેવી રીતે લેવા અને જમીનમાં ભેજ જાળવી રાખવા 'મલ્ચિંગ' (આચ્છાદન) પદ્ધતિનું મહત્વ સમજાવ્યું હતુ. ખેડૂતોએ અનુભવ્યું કે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ખેતીના ખર્ચમાં ધરખમ ઘટાડો થાય છે અને ઉત્પાદનનું બજારમૂલ્ય પણ સારું મળે છે. પ્રવાસમાં જોડાયેલા ખેડૂતોએ પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, 'આવા પ્રવાસથી અમને નવી પદ્ધતિઓ પ્રત્યક્ષ જોવાની તક મળે છે, જે માત્ર પુસ્તકીય જ્ઞાન કરતા વધુ અસરકારક રહે છે. હવે અમે પણ અમારા ખેતરમાં નવા પ્રયોગો કરવા માટે ઉત્સાહિત છીએ.'

આ પ્રવાસના સફળ આયોજન બદલ ખેડૂતોએ સરકાર અને કૃષિ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય કપડવંજ તાલુકાના ખેડૂતોને 'ઝેરમુક્ત ખેતી - સમૃદ્ધ ખેડૂત' ના અભિયાનમાં જોડવાનો અને તેમને આધુનિક ટેક્નોલોજીની સાથે પ્રાકૃતિક વારસા તરફ વાળવાનો છે. તાલુકાના એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ શ્રીબાબુભાઈ બારીયા અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભુમિકાબેન પટેલ પણ ખેડુતો અને પશુપાલકો સાથે હાજર રહ્યા હતા એમ ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ ના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર -ડીપીએમશ્રી આરીફ શેખે જણાવ્યું હતુ.

# ગોરવા આધેડ હત્યા કેસમાં વધુ એક આરોપી ઝડપાયો: બનેવી વકીલને મળવા જતો હતો ને પોલીસે દબોચ્યો...

**વડોદરા, તા.25**

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં અપના પાન સેન્ટર પાસે નાની બાબતે થયેલી માથાકૂટની ઘટના હત્યામાં પરિણમી હતી. ફરિયાદી અમીજી ઉર્ફે અબ્દુલ ઘાંચી ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા જઈ રહ્યા હતા ત્યારે સાળા-બનેવી બાઈક પર આવીને તેમને માથાના ભાગે લાકડાના હથિયાર વડે હુમલો કર્યો હતો, જેના કારણે ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. ગોરવા પોલીસે મર્ડરનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આજે બંને આરોપીઓને દિવાળીપુરા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા બાદ નામદાર કોર્ટે તેમને 5 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ત્યારબાદ ગોરવા પોલીસ સ્ટેશનના પી.આઈ. કીરીટ લાઠીયા અને સ્ટાફની હાજરીમાં બંને આરોપીઓ સાથે ઘટનાસ્થળે રિ-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. પી.આઈ. કીરીટ લાઠીયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે અને તપાસ હાલ ચાલુ છે.

આજે 25 ફેબ્રુઆરીએ બીજા આરોપી સંદીપ વાઘેલાની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આરોપી પંચવટીથી બાજવા રોડ વકીલને મળવા જઈ રહ્યો હતો અને બાતમીના આધારે પોલીસે તે ને રસ્તામાં જ દબોચી લેવામાં આવ્યો હતો. હત્યા કર્યા બાદ બંને આ રોપીઓએ પોલીસ સામે કાન ૫ કડીને માફી માંગી હતી.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા આરીફ ઘાંચીએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મૃતક અમીજી ઉર્ફે અબ્દુલ ઈબ્રાહિમભાઈ ઘાંચી (ઉંમર.45 વર્ષ, રહે. ગોરવા, વડોદરા) ગોરવા ગામ ઈદગાહ શોપિંગ સેન્ટર ખાતે કે. જી.એન. ફર્નીચર નામની દુકાનમાં હાજર હતાં.

# સુરતમાં સામૂહિક આપઘાત: પતિ-પત્ની અને દીકરીનાં મોત

### ઘરમાં કલ્પાંત-શોકના માહોલ વચ્ચે આરોપી સોફા પર બેઠો રહ્યો; જાણો પત્નીએ લખેલી સુસાઇડ નોટમાં શું છે?

**સુરત, તા.25**

સુરતના વેસુ વિસ્તારમાં આવેલા હેપી એલિગન્સ બિલ્ડિંગમાં બાલમુકુંદ ખૈતાન નામની વ્યક્તિએ ગઈકાલે(24 ફેબ્રુઆરી) સાંજે પરિવાર સાથે સામૂહિક આપઘાત કર્યો હતો. વૈભવ રુંગટા નામના શખસની ઉઘરાણીથી ત્રાસીને પરિવારે ઝેરી દવા પી લેતાં બાલમુકુંદ ખૈતાનનું ઘટનાસ્થળે મોત થઈ ગયું હતું, જ્યારે પત્ની અને એક માસૂમ દીકરીનું આજે સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું, જ્યારે બીજી દીકરીનો સદનસીબે બચાવ થયો છે. પોલીસ તપાસમાં ઘટનાસ્થળેથી એક સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં વૈભવ રુંગટા નામના શખસની ઉઘરાણીથી ત્રાસી આપઘાત કર્યાનો ઉલ્લેખ કર્યો હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આ સુસાઇડ નોટ પત્નીએ લખી હતી.

સામૂહિક આપઘાતની ઘટના વચ્ચે ઘરમાં કલ્પાંત અને શોકનો માહોલ હતો, તેમ છતાં વૈભવની નિર્લજ્જતા એવી હતી કે તે બાલમુકુંદના સસરા સંજય અગ્રવાલની સાથે સોફા પર આરામથી બેસી રહ્યો હતો. જાણે કંઈ બન્યું જ ન હોય એવો ડોળ કરીને તે ત્યાં હાજર રહ્યો અને સમગ્ર સ્થિતિનો તાગ મેળવતો રહ્યો. મૂળ બિહારના વતની અને છેલ્લાં બે વર્ષથી ઘેરબેઠાં શેરબજારનું કામ કરતા બાલમુકુન્દ ખૈતાને પોતાના પરિવાર સાથે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરી લીધી છે. પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ પાનાંની એક સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં આ અંતિમ પગલું ભરવા પાછળનાં ગંભીર કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. આપઘાત પહેલાં જે ત્રણ પાનાંની સુસાઇડ નોટ લખવામાં આવી છે એ હિન્દીમાં લખાયેલી છે. આ સુસાઇડ નોટ બાલમુકુંદ ખૈતાન દ્વારા નહીં, પરંતુ તેની પત્ની પ્રિયંકા ખૈતાને લખી હતી. હેન્ડરાઈટિંગ (હસ્તાક્ષર) પરથી પોલીસને જાણવા મળ્યું છે કે સુસાઇડ નોટ લખનાર પ્રિયંકા છે.

# બાળકો ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા દેખાય તો તરત જ...ડાયલ કરો 1098

### નડિયાદ શહેરમાં બાળ ભિક્ષાવૃત્તિ નિવારણ માટે સંકલિત કાર્યવાહી – વિવિધ વિભાગોની સંકલન બેઠક યોજાઈ

**નડિયાદ, તા.25**

જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને યોજાયેલ ગત જિલ્લા સંકલન બેઠકમાં થયેલ માર્ગદર્શન તથા સૂચનાઓના અનુસંધાને નડિયાદ શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તાર સહિત વિવિધ જાહેર સ્થળોએ બાળ ભિક્ષાવૃત્તિની પ્રવૃત્તિઓ અંગે ગંભીર નોંધ લેવામાં આવી છે. બાળકોના સર્વાંગી વિકાસ અને ભવિષ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખી તેમને ભિક્ષાવૃત્તિમાંથી મુક્ત કરી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાના હેતુસર સઘન અને સંકલિત કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં છે. સરદાર પટેલ ભવન,



જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ ખાતે વિવિધ વિભાગોની સંકલન બેઠક આ સંદર્ભે યોજાઈ હતી. બેઠકમાં નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સંતરામ બજાર, વાણીયાવાડ સર્કલ, મહાગુજરાત સર્કલ, પારસ સર્કલ તથા મીલ રોડ જેવા વિસ્તારોમાં ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને રેસ્ક્યુ કરી તેમને શૈક્ષણિક પુનઃસ્થાપન સાથે જોડવા તેમજ તેમના પરિવારજનોને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના નિર્ણય અનુસાર વિવિધ વિભાગોના કર્મચારીઓની સંયુક્ત ટીમ રચી ઉપરોક્ત વિસ્તારોમાં સઘન રેડ આયોજન કરવામાં આવશે. ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી તેમને શિક્ષણ, સંરક્ષણ અને પુનઃસ્થાપનની વ્યવસ્થા સાથે જોડવામાં આવશે તથા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં નાગરિકોના પણ વિશેષ સહયોગ અપેક્ષિત છે. આપને આ વિસ્તારો પાસે બાળકો ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા દેખાય તો તરત જ તેની ફરિયાદ ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ પર કરો અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ તથા નજીકના પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરી શકો છો.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, શાસન અધિકારી, પ્રોજેક્ટ ઓફિસરશ્રી મહાનગરપાલિકા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મિસિંગ સેલ), સરકારી શ્રમ અધિકારી, પી.આઈ. રેલ્વે પોલીસ (RPF), એ.એસ.આઈ. રેલ્વે પોલીસ (GRP) તેમજ ચાઈલ્ડલાઈનના અધિકારી/કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# 'અમે એના કારણે હાર્યા...', ઈંગ્લેન્ડ સામે હાર બાદ પાકિસ્તાની કેપ્ટનનું દર્દ છલકાયું



**નવી દિલ્હી, તા.25**

પાકિસ્તાનને મંગળવારે (24 ફેબ્રુઆરી) રાત્રે ઈંગ્લેન્ડ સામેના સુપર-8 મેચમાં 2 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર સાથે પાકિસ્તાનની સેમીફાઈનલમાં પહોંચવાની આશાઓને મોટો ફટકો પડ્યો છે, કારણ કે હવે તેનું આગળ વધવું અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર છે. પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા સાહિબજાદા ફરહાનની 63 રનની અર્ધશતકીય ઈનિંગની મદદથી 164 રન બનાવ્યા હતા. આ લક્ષ્યનો પીછો કરતા ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે શાનદાર સદી ફટકારી ટીમને જીત અપાવી હતી. હેરી બ્રુક ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સદી ફટકારનાર પ્રથમ કેપ્ટન બન્યો છે.

હાર બાદ કેપ્ટન સલમાન આગાનું નિવેદન સામે આવ્યું છે. હાર બાદ પાકિસ્તાની કેપ્ટન સલમાન આગાએ મેચનું વિશ્લેષણ કરતા હેરી બ્રુકના વખાણ કર્યા અને ટીમના પ્રદર્શન પર વાત કરી હતી. આગાએ કહ્યું કે, 'બેટિંગમાં શરૂઆત સારી રહી હતી, પરંતુ અમે જેવું ધારતા હતા તેવું ફિનિશ કરી શક્યા નહીં. ક્યારેક તમારે વિરોધી ટીમને ક્રેડિટ આપવી પડે છે. હેરી બ્રુકે જે રીતે બેટિંગ કરી તે અદ્ભુત હતી - તેણે ગેમ પૂરી રીતે અમારી પાસેથી છીનવી લીધી.' 'હવે અમારે રાહ જોવી પડશે અને જોવું પડશે કે બીજા પરિણામો કેવા આવે છે. અમે આશા રાખીએ છીએ કે તે અમારા પક્ષમાં હોય, અને પછી અમે જાણીએ છીએ કે અમારે શ્રીલંકા સામે જીતવું જ પડશે.'

જ્યારે પણ અમે હારીએ છીએ, ત્યારે લાગે છે કે હેરી બ્રુક જ તફાવત ઉભો કરે છે! તે મેદાનની ચારે બાજુ (360 ડિગ્રી) શૉટ્સ રમે છે, જેના કારણે ફિલ્ડ સેટ કરવી અને પ્લાન મુજબ બોલિંગ કરવી ખૂબ મુશ્કેલ બની જાય છે.

ફરહાને આ વર્લ્ડ કપની દરેક મેચમાં અને છેલ્લા છ-સાત મહિનાથી સતત સારું પ્રદર્શન કર્યું છે. કમનસીબે, બીજા બેટ્સમેન અપેક્ષા મુજબ રમી શક્યા નહીં. બીજી તરફ શાહીને શાનદાર બોલિંગ કરી, અમે તેની પાસે જે અપેક્ષા રાખીએ છીએ - શરૂઆતમાં વિકેટ લેવાની - તેણે આજે તે કરી બતાવ્યું.

તારિકે સ્માર્ટ બોલિંગ કરી અને જરૂરી સમયે બે વિકેટ ઝડપી. જ્યારે મોહમ્મદ નવાઝે સેકન્ડ-લાસ્ટ (19મી) ઓવર નાખી, ત્યારે મને લાગ્યું કે કદાચ કંઈક ચમત્કાર થઈ શકે છે. ક્રિકેટ એક અલગ રમત છે - અહીં કંઈ પણ શક્ય છે. એક ટીમ તરીકે અમે હંમેશા વિશ્વાસ રાખતા રહીશું.

# અભિષેક કે તિલક વર્મા નહીં પણ ટીમ ઈન્ડિયા માટે આ ખેલાડી માથાનો દુઃખાવો! 5 મેચમાં 24 રન કર્યા



**નવી દિલ્હી, તા.25**

ભારતીય ક્રિકેટ ટીમનો હવે પછીનો મુકાબલો ટી20 વર્લ્ડ કપના સુપર-6 માં ઝિમ્બાબ્વે સામે ગુરુવારે (26 ફેબ્રુઆરી) છે. આ મેચ ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાવાની છે, જ્યાં ભારતીય ટીમની પ્લેઈંગ 11માં કેટલાક મોટા ફેરફારો થવા લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યા છે.

હાલમાં દેશભરના ક્રિકેટ ચાહકોમાં સૌથી વધુ ટીકા અભિષેક શર્માની થઈ રહી છે. તેણે ટી20 વર્લ્ડ કપ 2026ની 4 મેચોમાં માત્ર 15 રન બનાવ્યા છે. ખાસ વાત એ છે કે આ 15 રન તો તેની દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં આવ્યા હતા, જ્યારે શરૂઆતની ત્રણ મેચોમાં તે શૂન્ય (ડક) પર આઉટ થયો હતો.

બીજા નંબરે જે ખેલાડી ભારતીય ટીમ માટે નબળી કડી સાબિત થઈ રહ્યા છે, તે છે તિલક વર્મા. તે અત્યાર સુધી અપેક્ષાઓ પર ખરો ઉતર્યો નથી. તેણે 5 ઈનિંગ્સમાં 21.40ની એવરેજ અને 118.88ના સ્ટ્રાઈક રેટથી માત્ર 107 રન બનાવ્યા છે. નંબર 3 ના બેટ્સમેન માટે આ પ્રદર્શન યોગ્ય નથી.

દક્ષિણ આફ્રિકા સામે જે રીતે તે આગળ વધીને શોટ મારવાના ચક્કરમાં આઉટ થયો, ત્યારબાદ સુનિલ ગાવસ્કર જેવા દિગ્ગજોએ પણ તેની આકરી ઝાટકણી કાઢી છે. બીજી તરફ, અભિષેક શર્મા પણ આ વર્લ્ડ કપમાં ઘણી વખત બેદરકારીભર્યા શોટ રમીને આઉટ થયો છે.

ટી20 વર્લ્ડ કપ 2026માં ફિનિશર તરીકે જાણીતો રિંકુ સિંહે અત્યાર સુધી રમાયેલી 5 મેચોમાં માત્ર 29 બોલ રમ્યો છે અને માત્ર 24 રન બનાવ્યા છે. આ આંકડા તેની ફિનિશર તરીકેની ભૂમિકા સાથે મેળ ખાતા નથી.

# રિંકુ સિંહના પિતાને લિવર કેન્સરનું નિદાન, સ્ટાર ક્રિકેટર T20 વર્લ્ડ કપની બાકી મેચ ગુમાવશે...?



**નવી દિલ્હી, તા.25**

ટીમ ઈન્ડિયાના આક્રમક બેટ્સમેન રિંકુ સિંહ (Rinku Singh) ને પારિવારિક કારણોસર ટી20 વર્લ્ડ કપ 2026ની વચ્ચે જ સ્વદેશ પરત ફરવું પડ્યું હતું. તેનું મુખ્ય કારણ તેમના પિતા ખાનચંદ્ર સિંહ (Khanchandra Singh) ની તબિયત લથડી હતી. તેઓ હાલમાં ગ્રેટર નોઈડાની એક હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર છે.

અહેવાલ મુજબ, રિંકુ સિંહના પિતા લિવર કેન્સરથી પીડાઈ રહ્યા છે. હાલત વધુ બગડતા તેમને વેન્ટિલેટર પર છે. આ સમાચાર મળતા જ રિંકુ 24 ફેબ્રુઆરીએ ચેન્નાઈથી દિલ્હી પહોંચ્યો હતો અને ત્યાંથી સીધો હોસ્પિટલ જઈ પિતાની મુલાકાત લીધી હતી.

પરિવાર સાથે સમય વિતાવ્યા બાદ, રિંકુ હવે ફરીથી ટીમ સાથે જોડાવા તૈયાર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તે 25 ફેબ્રુઆરી (બુધવાર) ના રોજ ચેન્નાઈ પરત ફરશે અને ગુરુવારે (26 ફેબ્રુઆરી) ઝિમ્બાબ્વે સામે રમાનારી મહત્ત્વની સુપર-8 મેચ માટે સિલેક્શન માટે ઉપલબ્ધ રહેશે.

પિતાની તબિયતને કારણે રિંકુ ચેન્નાઈમાં ટીમ ઈન્ડિયાના ટ્રેનિંગ સેશનમાં ભાગ લઈ શક્યો નથી. તેના રમવા પરનો અંતિમ નિર્ણય ટીમ મેનેજમેન્ટ લેશે. આ ઉપરાંત રિંકુ માટે આ વર્લ્ડ કપ અત્યાર સુધી ખાસ રહ્યો નથી. 5 ઈનિંગ્સમાં તેણે માત્ર 24 રન બનાવ્યા છે, જેમાં દક્ષિણ આફ્રિકા સામે તે શૂન્ય રને આઉટ થયો હતો. જો રિંકુ મેચ ફિટ ન હોય અથવા ટીમ મેનેજમેન્ટ તેને આરામ આપવા માંગતું હોય, તો તેના સ્થાને સંજુ સેમસન (Sanju Samson) ને તક મળી શકે છે.

ભારતીય ટીમમાં ડાબા હાથના બેટ્સમેનોની સંખ્યા વધુ હોવાથી વિરોધી ટીમો ઑફ-સ્પિનર્સનો વધુ ઉપયોગ કરી રહી છે. આથી ટીમ કોમ્બિનેશનમાં ફેરફાર થવાની પૂરી સંભાવના છે.

# ભારતીય ટીમ માટે રાહતના સમાચાર! ઈજાગ્રસ્ત થતાં બચી ગયો શિવમ દુબે



**નવી દિલ્હી, તા.25**

ટી20 વર્લ્ડ કપ 2026માં સાઉથ આફ્રિકા સામેની હાર બાદ હવે ટીમ ઈન્ડિયા માટે દરેક મેચ ખૂબ જ મહત્ત્વની બની ગઈ છે. સેમીફાઈનલની રેસમાં ટકી રહેવા માટે ભારતે હવે ઝિમ્બાબ્વે સામેની આગામી મેચ મોટા અંતરથી જીતવી અનિવાર્ય છે. આ નિર્ણાયક મુકાબલ પહેલા ચેન્નાઈમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર અને આ ટૂર્નામેન્ટના અત્યાર સુધીના MVP શિવમ દુબે એક મોટી ઈજામાંથી સહેજમાં બચ્યા હતા.

બાઉન્ડ્રી પાસે કેચની પ્રેક્ટિસ કરી રહેલા શિવમ દુબેના હાથે એક કેચ છૂટી ગયો હતો અને બોલ સીધો તેની આંગળી પર વાગ્યો હતો. તે સમયે તે ખૂબ જ પીડામાં હોય તેવું જણાયું હતું, પરંતુ સદનસીબે આ ઈજા ગંભીર ન હોવાથી તેણે તરત જ પ્રેક્ટિસ ફરી શરૂ કરી દીધી હતી. આગામી મેચોમાં જીત મેળવવા માટે ટીમ ઈન્ડિયા માટે દુબેની હાજરી અત્યંત મહત્ત્વની છે, તેથી તેની ફિટનેસના આ સમાચાર ચાહકો અને ટીમ મેનેજમેન્ટ માટે મોટી રાહત સમાન છે.

બીજી તરફ, ઝિમ્બાબ્વે સામેની મેચ પહેલા ભારતીય પ્લેઈંગ-11માં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે. અંગત કારણોસર રિન્કુ સિંહ આ મેચમાં ઉપલબ્ધ નહીં હોય તેવી શક્યતા છે, જેમના સ્થાને સંજુ સેમસનને તક મળી શકે છે. સેમસને નેટ્સમાં કલાકો સુધી પરસેવો પાડીને જે રીતે આક્રમક બેટિંગ કરી છે, તે જોતા 26 ફેબ્રુઆરીની મેચમાં તે મધ્યમ ક્રમમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સાઉથ આફ્રિકા સામેની હાર બાદ હવે શક્તિશાળી ગણાતી ટીમ ઈન્ડિયા પર જીતનું દબાણ છે અને ફેન્સને આશા છે કે આ નવા ફેરફારો સાથે ભારત ફરી વિજયી લય પ્રાપ્ત કરશે.

# VIROSHના લગ્નમાં આવનારા મહેમાનોનું લિસ્ટ! સાઉથ અને બોલિવૂડની સેલિબ્રિટીઓ પણ ઉમટશે



**મુંબઈ, તા.25**

સાઉથ સિનેમાના સૌથી પોપ્યુલર કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાના લગ્નનું પ્રી-વેડિંગ સેલિબ્રેશન ઝીલોના શહેર ઉદયપુરમાં શરૂ થઈ ગયું છે. લાંબા સમયની રાહ બાદ ચાહકોનું આ પ્રિય કપલ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યું છે. આ દરમિયાન કપલને ચાહકોએ આપેલું નામ VIROSH સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યું છે. વિજય અને રશ્મિકા પોતાના પરિવાર અને નજીકના મિત્રો સાથે 'ડેસ્ટિનેશન વેડિંગ' માટે રાજસ્થાન પહોંચી ચૂક્યા છે. અહીં ચાલી રહેલા 'ઈન્ટીમેટ' ફંક્શનની ઝલક પણ સામે આવી છે, જેમાં પૂલ સાઈડ મસ્તીથી લઈને આલીશાન જાપાનીઝ ડિનર સુધી બધું જ સામેલ છે. સામે આવી રહેલી માહિતી પ્રમાણે લગ્નમાં આવનારા મહેમાનોનું લિસ્ટ પણ ખૂબ સ્પેશિયલ રહેશે.

રશ્મિકાની આગામી ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ના ડાયરેક્ટર રાહુલ રવિન્દ્રન અને એક્ટ્રેસ આશિકા રંગનાથ પણ આ ખાસ લગ્નમાં ભાગ લેવા ઉદયપુર પહોંચ્યા છે. વિજય સાથે ફિલ્મ 'પેલી ચુપુલુ'માં કામ કરી ચૂકેલા ડાયરેક્ટર તરુણ ભાસ્કર અને એક્ટ્રેસ ઈશા રેબ્બા પણ આ લિસ્ટમાં સામેલ છે. આ ઉપરાંત આ કપલની નજીકની મિત્ર અને સ્ટાઈલિસ્ટ શ્રવ્યા વર્મા પણ વેડિંગ વેન્યૂ પર નજર આવી. આ ઉપરાંત આ લગ્નમાં કબીર સિંહ અને એનિમલ જેવી ફિલ્મો બનાવનારા ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા, અલ્લુ અર્જુન, સલમાન ખાન, કરણ જોહર, વિકી કૌશલ, કૃતિ સેનન અને રણબીર કપૂર પણ આ લગ્નમાં સામેલ થઈ શકે તેવી માહિતી મળી રહી છે.

ચાહકો સોશિયલ મીડિયા પર સતત આ સેલેબ્સની એક્ટિવિટી પર નજર રાખી રહ્યા છે. લગ્નના ઓફિશિયલ એલાન પહેલા જ હૈદરાબાદમાં વિજય દેવરકોંડાનું ઘર રોશનીથી શણગારી દેવાયું હતું. મંગળવારે સવારે વિજય અને રશ્મિકા હૈદરાબાદ એરપોર્ટ પર જોવા મળ્યા હતા, જ્યાં તેઓ વિજયના ભાઈ આનંદ દેવરકોંડા અને કેટલાક બાળપણના મિત્રો સાથે ઉદયપુર જવા રવાના થયા હતા. આ સાથે જ સ્ટાર્સ પણ ઉદયપુર પહોંચવા લાગ્યા હતા. આ લગ્નને ઓક્ટોબર 2025માં કપલની સગાઈની જેમ જ ખૂબ પ્રાઈવેટ રાખવામાં આવ્યા છે, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના આ જાણીતા ચહેરાઓની હાજરીએ આ અવસરને વધુ ખાસ બનાવી દીધો છે.

ઉદયપુરમાં ચાલી રહેલા પ્રી-વેડિંગ ઈવેન્ટ્સને ખૂબ જ મોર્ડન અને રિલેક્સ્ડ રાખવામાં આવ્યું છે. દિવસની શરૂઆત એક એનર્જેટિક પૂલ પાર્ટી અને મજેદાર ગેમ્સ સાથે થઈ હતી, જ્યાં વિજય અને તેના મિત્રો બોન્ડિંગ કરતા દેખાયા હતા. બીજી તરફ સાંજે એક સુંદર અને પર્સનલાઈઝ્ડ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેમાનો માટે ખાસ જાપાનીઝ ક્યુઝિન મેનુ તૈયાર કરવામાં આવ્યું હતું. આ ફંક્શનની પ્રાઈવેસીનો અંદાજ એ જ વાત પરથી લગાવી શકાય છે કે, આ લગ્નમાં માત્ર એ જ લોકોને આમંત્રણ આપવામા આવ્યું છે જે કપલની ખૂબ જ નજીક રહ્યા છે.

# પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા પહોંચી પૂનમ પાંડે, વૃંદાવનમાં બાંકે બિહારીના કર્યા દર્શન



**મુંબઈ, તા.25**

મોડલ અને અભિનેત્રી પૂનમ પાંડેનું નામ વિવાદમાં ઉછળતું રહે છે. તે ક્યારેક પોતાના મોતની અફવા ઉડાવી દે છે તો ક્યારેક કોઈ ક્રિકેટર પર નિવેદન આપી વિવાદ વકરાવે છે. પરંતુ આ વખતે તેનું અલગ રૂપ જોવા મળ્યું, હોળી પહેલા પૂનમ પાંડે વૃંદાવનમાં કૃષ્ણ ભક્તિમાં લીન દેખાઈ. તેને પ્રેમાનંદ મહારાજના સત્સંગનો લાભ લઈ આશીર્વાદ લીધા.

પૂનમ પાંડે ચાહકોને સરપ્રાઈઝ આપવાનો કોઈ મોકો છોડતી નથી. આ વખતે તે પોતાની ધાર્મિક યાત્રા માટે વૃંદાવન પહોંચી ગઈ. સોશિયલ મીડિયામાં તેની ઘણી તસવીરો અને વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એક ફોટોમાં તે પ્રેમાનંદ મહારાજનો સત્સંગ સાંભળતી દેખાઈ આવે છે. તે દરમિયાન તેના હાવભાવ ભાવુક હતા અને રડી પડી હતી.

પૂનમ પાંડે પ્રેમાનંદ મહારાજને મળી તેમના આશીર્વાદ લીધા હતા. જે બાદ તેને બાંકે બિહારીના દર્શન કર્યા હતા. ત્યાં પણ મંદિરની અંદર પ્રવેશ કરતાં જ તે ભાવુક થઈ ગઈ અને બાંકે બિહારીના દરબારમાં હાથ જોડીને માનતા માંગતી દેખાઈ. આ વીડિયો અને ફોટો વાઈરલ થતાં એવી ચર્ચાઓ થઈ રહી છે કે પૂનમ પાંડે ઘણા સમયથી દર્દમાં હતી. જે વૃંદાવન પહોંચતા જ ખતમ થઈ ગયું.

પ્રેમાનંદ મહારાજનો સત્સંગ અને બાંકે બિહારીના દર્શન બાદ તેના મોઢા પર શાંતિ દેખાતી હતી. તેને વૃંદાવનમાં ઈ રિક્શા પકડી ત્યાંની સંસ્કૃતિને નજીકથી માણી, પૂનમ પાંડેની આ વૃંદાવન યાત્રા જોઈ ઘણા ચાહકો અને લોકો હેરાન છે. એક ચાહકે લખ્યું કે સલવાર-સૂટ અને મેકઅપ વગર કેટલી સુંદર લાગી રહી છે. બીજાએ લખ્યું કે 'સો ચૂહે ખાકર બિલ્લી હજ પે ચલી', તો કોઈએ કહ્યું કે ભક્તિ વસ્તુ જ એવી છે કે ભલભલાને બદલી નાખે. હવે જોઈ રહ્યું કે વૃંદાવનથી પરત ફર્યા બાદ પૂનમ પાંડેની જિંદગીમાં કેટલો બદલાવ આવે છે.

# તમે રણવીર હો કે ગમે તે હો તમને કોઈની લાગણી દૂભવવાનો હક્ક નથી

## જોકે, રણવીર સામે કોઈ પગલાં નહિ લેવા જણાવી રાહત પણ આપી : હવે આવતાં સપ્તાહે વધુ સુનાવણી

**મુંબઈ, તા.25**

તમે રણવીર સિંહ હો કે ગમે તે હો પરંતુ તેથી તમને કોઈની લાગણી દૂભાવવાની કે ગમે તેમ વર્તવાની છૂટ નથી મળી જતી. તમારે જવાબદાર રીતે વર્તવું જોઈએ એમ કહી કર્ણાટક હાઈકોર્ટે 'કાંતારા ચેપ્ટર વન' ફિલ્મના દેવતાની મીમીક્રી કરવાના વિવાદમાં થયેલી ફરિયાદ સંદર્ભમાં રણવીર સિંહની આકરી ઝાટકણી કાઢી હતી. જોકે, હાઈકોર્ટે રણવીરને વચગાળાની રાહત પણ આપી હતી. તેમણે કર્ણાટક સરકારને હાલ તુરત રણવીર સામે કોઈ દંડનાત્મક કાર્યવાહી નહીં કરવાની સૂચના પણ આપી હતી. અદાલતે આ કેસમાં વધુ સુનાવણી તા. બીજી માર્ચ પર મુલત્વી રાખી છે.



કેસની સુનાવણી વખતે કર્ણાટક સરકારે એવી પણ દલીલ કરી હતી કે રણવીર સિંહની પત્ની દીપિકા તો મૂળ કર્ણાટકની જ છે. આથી તેને સ્થાનિક લાગણીઓનો ખ્યાલ હોવો જોઈતો હતો.

ગોવામાં ગઈ તા. ૨૮મી નવેમ્બરે ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન રણવીર સિંહે 'કાંતારા ચેપ્ટર વન' ફિલ્મમાંથી દેવતાની મીમીક્રી કરતાં કર્ણાટકમાં ભારે વિરોધ થયો હતો. રણવીર સામે એફઆઈઆર પણ થઈ હતી. રણવીરે આ એફઆઈઆર રદ કરાવવા માટે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી કરી છે. રણવીરે કોર્ટમાં એવી દલીલ કરી હતી કે તેનો ઈરાદો કોઈની લાગણી દૂભવવાનો ન હતો પરંતુ તે તો અભિનેતા ઋષભ શેટ્ટીનાં પરફોર્મન્સની પ્રશંસા કરી રહ્યો હતો. જોકે, કોર્ટ આ દલીલ સાથે સંમત થઈ ન હતી. અદાલતે જણાવ્યું હતું કે એક સુપરસ્ટાર તરીકે તમારા લાખો ચાહકો હોય છે. તમે આવી બિનસંવેદનશીલ રીતે વર્તી શકો નહિ. લોકો કદાચ આ વાત ભૂલી જશે પરંતુ ઈન્ટરનેટ પર તો તે કાયમ રહેશે.

# જે ગીતથી વિજય-રશ્મિકાની લવ સ્ટોરી શરૂ થઇ હતી એના પર સંગીતમાં કરશે ડાન્સ

**મુંબઈ, તા.25**

રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા ફાઈનલી લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. ઉદયપુરમાં કપલના પ્રી-વેડિંગ ફંક્શન શરૂ થઈ ગયા છે. આ કપલ 26 ફેબ્રુઆરીના રોજ એક પ્રાઈવેટ સેરેમનીમાં લગ્નના બંધનમાં બંધાશે. પરંતુ તે પહેલા સંગીત સેરેમનીને લઈને એક એવી જાણકારી સામે આવી છે, જેણે ચાહકોની જૂની યાદો તાજા કરી દીધી છે. એક રિપોર્ટ પ્રમાણે રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા પોતાની સંગીત સેરેમનીમાં એ જ રોમાન્ટિક સોન્ગ પર ડાન્સ કરશે, જેના કારણે તેમની જોડીને પબ્લિકની નજરમાં એક ખાસ ઓળખ મળી હતી અને બંનેની લવ સ્ટોરી પણ શરૂ થઈ હતી.



એક રિપોર્ટ પ્રમાણેરશ્મિકા અને વિજય પોતાની સંગીત સેરેમનીમાં એક ખાસ કોરિયોગ્રાફ્ડ કપલ ડાન્સ કરશે. આ ડાન્સ તેમની 2018ની બ્લોકબસ્ટર ફિલ્મ 'ગીતા ગોવિંદમ'ના સુપરહિટ ગીત 'ઈનકેમ ઈનકેમ ઈનકેમ કાવાલે' (Inkem Inkem Inkem Kaavaale) પર કરશે. આ એ જ રોમેન્ટિક ટ્રેક છે જેણે વિજય અને રશ્મિકાની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રીને હંમેશા માટે યાદગાર બનાવી દીધી હતી. હવે વર્ષો પછી આ ગીત તેમની રિયલ-લાઈફ લવ સ્ટોરીના સૌથી મોટા સેલિબ્રેશનનો હિસ્સો બનશે.

વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંદાનાએ હંમેશા જ પોતાના ચાહકોને ખૂબ મહત્વ આપ્યું છે. આ વાત ફરી એકવાર સ્પષ્ટ થઈ ગઈ, કારણ કે કપલે પોતાના પ્રી-વેડિંગ ફંક્શનમાં દરેક જગ્યાએ એ જ નામ (VIROSH) લખ્યું છે, જે ચાહકોએ આ કપલને આપ્યું હતું. રશ્મિકા અને વિજયે પોતાના લગ્નને ઓફિશિયલી 'ધ વેડિંગ ઓફ વિરોશ' આપ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશનલ પોસ્ટમાં તેમણે લખ્યું હતું કે, 'તમે અમને ખૂબ પ્રેમ અને એક નામ (VIROSH) આપ્યું છે. તેથી આજે અમે અમારા એક થવા દરમિયામ તમારા સન્માનમાં આ નામ સમર્પિત કરીએ છીએ.'

ઉદયપુરમાં 26 ફેબ્રુઆરીના રોજ સાત ફેરા લીધા બાદ આ કપલ હૈદરાબાદમાં પોતાની નવી લાઈફ સેલિબ્રેટ કરશે. 4 માર્ચના રોજ હૈદરાબાદના લક્ઝરી હોટલ 'તાજ કૃષ્ણા'માં એક ગ્રાન્ડ રિસેપ્શન આયોજિત કરશે તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. આ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટમાં તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેમસ સેલેબ્સ અને રાજકીય હસ્તીઓ સામેલ થાય તેવી શક્યતા છે, જેઓ નવદંપતીને આશીર્વાદ આપવા પહોંચશે.

# સેન્સેક્સ 700 પોઈન્ટના વધારા પછી 82,276 પર ફ્લેટ બંધ: નિફ્ટી 58 પોઈન્ટ વધ્યો, આઈટી અને ઓટો શેરોમાં ખરીદી

મુંબઈ, તા.25

25 ફેબ્રુઆરી શેરબજાર ફ્લેટ બંધ થયું. 25 ફેબ્રુઆરી બુધવારના રોજ સેન્સેક્સ 50 પોઈન્ટ વધીને 82,276 પર બંધ થયો. નિફ્ટી 58 પોઈન્ટ વધીને 25,483 પર બંધ થયો.

જોકે દિવસના ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સમાં 700 પોઈન્ટ અને નિફ્ટી 250 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. આજના ટ્રેડિંગમાં ફાર્મા, ઓટો અને આઈટી શેરોમાં ભારે ખરીદી જોવા મળી.




જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 2.20% વધીને 58,583 પર બંધ થયો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.91% વધીને 6,083 પર બંધ થયો.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.66% વધીને 26,765 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.72% વધીને 4,147 પર બંધ થયો.

ડાઉ જોન્સ 370 અંક (0.76%) ચઢીને 49,174 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 1.04% ચઢીને 22,863 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 52 અંક (0.77%) ચઢીને 6,890 પર બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 23 ફેબ્રુઆરીના રોજ 102 કરોડ રૂપિયાના શેર વેચ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 3,161 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 1,370 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 15,980 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

રિન્યુએબલ એનર્જી કંપની ક્લીન મેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સના IPOનો આજે છેલ્લો દિવસ છે. આ 24 ફેબ્રુઆરી સુધીમાં 0.47 ગણો સબસ્ક્રાઈબ થયો છે.

કંપની આ IPO દ્વારા 3,100 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. કંપની આ ઈશ્યૂ દ્વારા ફ્રેશ શેર અને ઓફર ફોર સેલ (OFS) બંને લઈને આવી છે.

સેન્સેક્સમાં ગઈકાલે એટલે કે મંગળવાર, 24 ફેબ્રુઆરીએ ઘટાડો જોવા મળ્યો. તે 1069 પોઈન્ટ (1.28%) ઘટીને 82,226 પર બંધ થયો. નિફ્ટીમાં પણ લગભગ 288 પોઈન્ટ (1.12%) નો ઘટાડો જોવા મળ્યો. તે 25,425 ના સ્તર પર આવી ગયો છે. ગઈકાલના કારોબારમાં IT અને ઓટો શેરોમાં વેચવાલી જોવા મળી.

# સોનું 3 દિવસમાં ₹5 હજાર મોંઘું થયું: 10 ગ્રામનો ભાવ ₹1.60 લાખ પર પહોંચ્યો, ચાંદી 6,455 વધીને ₹2.69 લાખ પ્રતિ કિલો થઈ.....

નવી દિલ્હી, તા.25

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 25 ફેબ્રુઆરીએ તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 582 રૂપિયા વધીને 1,59,823 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તે 1,59,241 રૂપિયા પર હતો.

સોનામાં આ સતત ત્રીજા કારોબારી દિવસે વધારો જોવા મળ્યો છે. ત્રણ દિવસમાં તે 5,000 વધી ચૂક્યો છે. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત આજે 6,455 રૂપિયા વધીને 2,69,367 રૂપિયા પર પહોંચી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,62,912 રૂપિયા પ્રતિ કિલો હતી.



આ વર્ષે સોનું 27,000 રૂપિયા અને ચાંદી 39,000 રૂપિયા મોંઘી થઈ આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 27,000 રૂપિયા અને ચાંદી 39,000 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.

દુનિયાની કેન્દ્રીય બેંકો સતત ખૂબ જ સોનું ખરીદી રહી છે. તેઓ ડોલર પર ઓછું નિર્ભર રહેવા માંગે છે, તેથી સોનાને રિઝર્વમાં ઉમેરી રહ્યા છે.

અમેરિકી ફેડે આ વર્ષે વ્યાજ દરો ઘટાડવાના સંકેત આપ્યા છે. દરો ઓછા થવા પર ગોલ્ડ જેવી વસ્તુઓની માંગ વધી જાય છે.

ભૌગોલિક રાજકીય તણાવ (મિડલ ઈસ્ટ, ઈરાન-અમેરિકા, અન્ય વૈશ્વિક વિવાદો) વધી રહ્યા છે. આવા સમયે લોકો સુરક્ષિત રોકાણ માટે સોના-ચાંદીને અપનાવી રહ્યા છે.

2025માં સોનું 57 હજાર (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76 હજારનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1.33 લાખ રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86 હજારની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2.30 લાખ પ્રતિ કિલો થઈ ગઈ.

સોનું 1.80 લાખ સુધી જઈ શકે છે ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર સોનાની માંગમાં તેજી જળવાઈ રહી છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે, ગોલ્ડ ETF (ETF)માં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે.

UBSને પૂરો વિશ્વાસ છે કે 2026માં સોનાની કિંમતો વધુ ઉપર જશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

# સરકારે 5 OTT પ્લેટફોર્મને બ્લોક કર્યા: અશ્લીલ કન્ટેન્ટ બતાવવા પર કાર્યવાહી, 7 મહિના પહેલા 25 પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો

નવી દિલ્હી, તા.25

કેન્દ્ર સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય (MIB) એ મંગળવારે 5 ઓનલાઈન સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ (OTT) ને બ્લોક કરી દીધા છે. જે પ્લેટફોર્મ પર કાર્યવાહી થઈ તેમાં મૂડએક્સવીઆઈપી, કોયલ પ્લેપ્રો, ડિજી મૂવીપ્લેક્સ, ફીલ અને જુગ્નુનો સમાવેશ થાય છે.



સરકારનું કહેવું છે કે આ પ્લેટફોર્મ પર અશ્લીલ અને વાંધાજનક કન્ટેન્ટ બતાવવામાં આવી રહ્યું હતું. આ કન્ટેન્ટ આઈટી એક્ટ 2000, આઈટી નિયમ 2021, આઈપીસીની કલમ 292 અને મહિલાઓને ખોટી રીતે દર્શાવવા સંબંધિત કાયદાઓનું ઉલ્લંઘન કરતું જણાયું હતું.

આ પહેલીવાર નથી જ્યારે સરકારે OTT પ્લેટફોર્મને બ્લોક કર્યા હોય. ગયા વર્ષે જુલાઈમાં Ullu-ALTT સહિત 25 OTT પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ALTT એપ એપ્રિલ 2017માં ફિલ્મ અને ટીવી પ્રોડ્યુસર એકતા કપૂરે લોન્ચ કરી હતી. જ્યારે ULLu એપ IIT કાનપુરથી ગ્રેજ્યુએટ વિભુ અગ્રવાલે 2018માં બનાવી હતી.

આ પહેલા માર્ચ 2024માં સરકારે અશ્લીલ કન્ટેન્ટને લઈને 18 OTT પ્લેટફોર્મ પર પ્રતિબંધ લગાવ્યો હતો. સાથે જ 19 વેબસાઈટ્સ, 10 એપ્સ અને 57 સોશિયલ મીડિયા હેન્ડલ્સ પણ બ્લોક કરી દીધા હતા.

IT એક્ટ, 2000 (કલમ 67)- ઈન્ટરનેટ પર અશ્લીલ સામગ્રી પ્રકાશિત કરવી કે ફેલાવવી કાનૂની ગુનો છે. IT એક્ટ, 2000 (કલમ 67A)- ઈન્ટરનેટ પર જાતીય પ્રવૃત્તિ સંબંધિત વીડિયો કે સામગ્રી પોસ્ટ કરવી ગેરકાનૂની છે.

BNS 2023 (કલમ 294)- જાહેર સ્થળોએ અશ્લીલ હરકત કરવી કે ગંદા શબ્દોનો ઉપયોગ કરવો દંડનીય ગુનો છે. મહિલાઓનું અશ્લીલ (પ્રતિબંધ) અધિનિયમ 1986 (કલમ 4)- કોઈપણ માધ્યમથી મહિલાઓને અશ્લીલ કે અપમાનજનક સ્વરૂપમાં દર્શાવવી કાનૂની ગુનો છે.

2020ના લોકડાઉન દરમિયાન જ્યારે OTT પ્લેટફોર્મ્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું, ત્યારે ALTT અને Ullu એપ જેવા OTT પ્લેટફોર્મ્સ પર અશ્લીલ કન્ટેન્ટ વધુ પ્રસારિત થવા લાગ્યું.

મીડિયા રિપોર્ટ અનુસાર, જુલાઈ 2020માં એક એડલ્ટ કોમેડી શો માટે સૌથી વધુ સ્ટ્રીમિંગ (1.1 કરોડ) એક દિવસમાં ઓનલાઈન OTT પ્લેટફોર્મ MX પ્લેયર પર કરવામાં આવ્યું હતું.

આ રિપોર્ટ અનુસાર, ALTTની મે 2020ની વ્યુઅરશિપમાં 2019ની સરખામણીમાં 60%નો વધારો થયો. 2020માં તેના માસિક સક્રિય યુઝર્સ પણ 21% વધ્યા. આ OTT પર એડલ્ટ કન્ટેન્ટ વધુ છે.

ભારત સરકારે 2021માં 'ધ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (ઈન્ટરમીડિયરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રૂલ્સ' બનાવ્યા હતા. તેને 6 એપ્રિલ, 2023ના રોજ અપડેટ કરવામાં આવ્યું. 30 પાનાની ગાઈડલાઈનમાં સોશિયલ મીડિયા, ફિલ્મ અને વેબ સિરીઝ માટેના નિયમો જણાવવામાં આવ્યા છે.

પેજ નંબર-28 પર ફિલ્મ, વેબ સિરીઝ અને એન્ટરટેઈનમેન્ટ પ્રોગ્રામ માટે જનરલ ગાઈડલાઈન્સ છે. તેમાં ટાર્ગેટ ઓડિયન્સના આધારે કેટેગરી નક્કી કરવી જરૂરી છે. એ ચેતવણી આપવી પણ જરૂરી છે કે તમે કઈ કન્ટેન્ટ બતાવી રહ્યા છો.

ગાઈડલાઈન્સ મુજબ, OTT અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ગ્રીવાન્સ ઓફિસર રાખવા પડશે. કન્ટેન્ટ કાયદા મુજબ હોવી જોઈએ. તેમાં સેક્સ ન હોય, એન્ટી નેશનલ ન હોય અને બાળકો-મહિલાઓને નુકસાન પહોંચાડનારું ન હોય.

# ટેરિફ અંગે ટ્રમ્પની જાહેરાતોએ કન્ફ્યૂઝન પેદા કર્યું, અમેરિકાના બે વિભાગો વચ્ચે 'માથાકૂટ'

મુંબઈ, તા.25

અમેરિકામાં આયાત શુલ્ક (ટેરિફ) ને લઈને ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ અને સરકારી વિભાગોના અમલીકરણ વચ્ચેના તફાવતને કારણે વોશિંગ્ટનમાં વહીવટી ગૂંચવણ ઊભી થઈ છે, જેની સીધી અસર આંતરરાષ્ટ્રીય વેપાર પર પડી રહી છે.




અમેરિકામાં 10 ટકા ટેરિફ લાગુ થશે કે 15 ટકા, તેને લઈને અંદરખાને ખેંચતાણ જોવા મળી રહી છે. એક તરફ, અમેરિકન કસ્ટમ વિભાગે (CBP) મંગળવારે એક નોટિસ જારી કરીને તમામ આયાતી માલ પર 10 ટકા ટેરિફનો અમલ શરૂ કરી દીધો છે. બીજી તરફ, ટ્રમ્પ પ્રશાસન મક્કમ છે કે તેઓ આ ટેરિફને 15 ટકા સુધી વધારવા પર કામ કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસના અધિકારીએ સ્પષ્ટ કર્યું છે કે 15 ટકા ટેરિફ લાદવાના નિર્ણય પર ટ્રમ્પનો વિચાર બદલાયો નથી.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાની સુપ્રીમ કોર્ટે અગાઉ લાદવામાં આવેલા ઈમરજન્સી ટેરિફને ગેરબંધારણીય ગણાવી રદ કર્યા હતા. આ નિર્ણયથી નારાજ ટ્રમ્પે હવે 'ટ્રેડ એક્ટ 1974' ની કલમ 122 નો સહારો લીધો છે. આ કાયદા હેઠળ પ્રમુખને વધુમાં વધુ 15 ટકા સુધી ડ્યુટી લાદવાની સત્તા મળે છે, જે 150 દિવસ સુધી અમલમાં રહી શકે છે. ટ્રમ્પે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની ટીકા કરતા કહ્યું હતું કે, તેઓ આ ચુકાદાથી અત્યંત શરમીંદા છે અને તેમની પાસે ટેરિફ લાગુ કરવા માટે અન્ય કાયદાકીય વિકલ્પો પણ મોજૂદ છે.

કસ્ટમ વિભાગ દ્વારા જારી કરાયેલી નોટિસમાં 20 ફેબ્રુઆરી, 2026 ના રાષ્ટ્રપતિના આદેશનું માર્ગદર્શન હોવાનું જણાવાયું છે, પરંતુ તેમાં ટેરિફ રેટ માત્ર 10 ટકા જ રાખવામાં આવ્યો છે. આ વિસંગતતાને કારણે અમેરિકન ટ્રેડ પોલિસીમાં ભારે મૂંઝવણ ઊભી થઈ છે. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ હજુ સુધી એ સ્પષ્ટ નથી કર્યું કે 15 ટકાના વધારાની સત્તાવાર સૂચના ક્યારે બહાર પાડવામાં આવશે. હાલમાં, જૂની ટેરિફ વસૂલાત રદ કરી દેવામાં આવી છે અને કસ્ટમ વિભાગે નવી દર (10%) મુજબ વસૂલાત શરૂ કરી દીધી છે.

# માર્ચમાં બેંક 18 દિવસ બંધ રહેશે: 5 રવિવાર અને 2 શનિવાર ઉપરાંત અલગ-અલગ જગ્યાએ 11 દિવસ કામકાજ નહીં થાય

નવી દિલ્હી, તા.25

આવતા મહિને એટલે કે માર્ચમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ 18 દિવસ બેંકોમાં કામકાજ નહીં થાય. RBI દ્વારા જાહેર કરાયેલા કેલેન્ડર મુજબ, આવતા મહિને 5 રવિવાર અને બીજા-ચોથા શનિવાર ઉપરાંત 11 દિવસ અલગ-અલગ જગ્યાએ બેંક બંધ રહેશે.




આવી સ્થિતિમાં જો તમને આવતા મહિને બેંક સંબંધિત કોઈ જરૂરી કામ હોય તો આ રજાઓને ધ્યાનમાં રાખવી પડશે. અહીં જુઓ માર્ચ 2026માં તમારા રાજ્ય અથવા લોકેશનમાં બેંક ક્યારે-ક્યારે બંધ રહેશે.

ઓનલાઈન બેંકિંગ દ્વારા કામ પતાવી શકશો તમે બેંકોની રજા હોવા છતાં ઓનલાઈન બેંકિંગ અને ATM દ્વારા પૈસાની લેવડદેવડ અથવા અન્ય કામ કરી શકો છો. આ સુવિધાઓ પર બેંકોની રજાઓની કોઈ અસર નહીં થાય.

માર્ચમાં શેરબજારમાં 12 દિવસ કારોબાર નહીં માર્ચ 2026માં શેરબજારમાં 12 દિવસ કારોબાર નહીં થાય. તેમાં 9 દિવસ શનિવાર અને રવિવારે કારોબાર નહીં થાય. આ ઉપરાંત, શેરબજાર 3 માર્ચે હોળી, 26 માર્ચે શ્રી રામનવમી અને 31 માર્ચે શ્રી મહાવીર જયંતિ નિમિત્તે પણ બંધ રહેશે.

# IRFCમાં સરકાર 4% હિસ્સેદારી વેચશે, ફ્લોર પ્રાઇસ ₹104 નક્કી:₹ 5,430 કરોડ એકત્ર કરવાનો ટાર્ગેટ...

મુંબઈ, તા.25

સરકાર રેલવેની ફાઈનાન્સ કંપની IRFCમાં પોતાનો 4% સુધીનો હિસ્સો વેચી રહી છે. આ વેચાણ ઓફર ફોર સેલ (OFS) દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ ઓફર નોન-રિટેલ રોકાણકારો માટે આજથી ખુલી ગઈ છે. જ્યારે, રિટેલ રોકાણકારો ગુરુવાર, 26 ફેબ્રુઆરીના રોજ પોતાની બોલી લગાવી શકશે.




આ માટે ફ્લોર પ્રાઈસ 104 પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. મંગળવાર, 24 ફેબ્રુઆરીના રોજ IRFCનો શેર 109.40 પર બંધ થયો હતો. એટલે કે સરકારે રોકાણકારોને વર્તમાન કિંમતથી ડિસ્કાઉન્ટ પર શેર ઓફર કર્યા છે. જોકે આજે આ શેર લગભગ 4% નીચે 105 પર આવી ગયો છે.

IRFCમાં સરકારની કુલ હિસ્સેદારી 86.36% છે. OFS દ્વારા સરકાર 2% હિસ્સેદારી વેચશે, જેમાં 2% વધારાની હિસ્સેદારી વેચવાનો 'ગ્રીન શૂ ઓપ્શન' પણ છે. જો આ પૂરો 4% હિસ્સો વેચાઈ જાય છે, તો કંપનીમાં સરકારી હિસ્સેદારી ઘટીને 82.36% રહી જશે.

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (DIPAM)ના સચિવે જણાવ્યું કે 104 પ્રતિ શેરના ભાવે 4% હિસ્સેદારી (લગભગ 52.26 કરોડ શેર) વેચવાથી સરકારને લગભગ 5,430 કરોડ મળશે. બેઝ ઓફર સાઈઝ 26.13 કરોડ શેરની રાખવામાં આવી છે.

DIPAM સચિવના મતે, આ ઓફર નોન-રિટેલ રોકાણકારો માટે બુધવાર, 25 ફેબ્રુઆરીના રોજ ખુલી ગઈ છે. જ્યારે, રિટેલ રોકાણકારો 26 ફેબ્રુઆરીના રોજ પોતાની બોલી લગાવી શકશે.

જ્યારે કોઈ શેરના વેચાણ (IPO અથવા OFS)માં માગ અપેક્ષા કરતાં વધુ હોય છે, ત્યારે કંપની અથવા સરકારને નિર્ધારિત કોટા કરતાં વધુ શેર વેચવાનો અધિકાર મળે છે.

આને 'ગ્રીન શૂ ઓપ્શન' અથવા 'ઓવર-એલોટમેન્ટ ઓપ્શન' કહેવાય છે. IRFCના કિસ્સામાં, સરકારે 2% વધારાના શેર વેચવાનો વિકલ્પ સુરક્ષિત રાખ્યો છે.

IRFCની શરૂઆત 12 ડિસેમ્બર, 1986ના રોજ થઈ હતી. તે ભારતીય રેલવેની એક ખાસ ફાઈનાન્સ શાખા છે, જેનું કામ દેશ અને વિદેશના કેપિટલ માર્કેટમાંથી ભંડોળ એકત્ર કરવાનું છે.

IRFC ભારત સરકારના રેલ મંત્રાલય હેઠળ આવતી એક નવરત્ન પબ્લિક સેક્ટર કંપની છે. તે ભારતીય રિઝર્વ બેંક (RBI) સાથે એક મહત્વપૂર્ણ નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC) અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની (NBFC-IFC) તરીકે પણ નોંધાયેલ છે.

IRFCએ રેલવે અને તેનાથી સંબંધિત સંસ્થાઓના વિસ્તરણમાં મોટી ભૂમિકા ભજવી છે. રેલવેના વાર્ષિક બજેટ અને યોજનાઓના મોટા ભાગ માટે ભંડોળની વ્યવસ્થા આ કંપની જ કરે છે.

# ભારતીય સોલર ઈન્ડસ્ટ્રીને અમેરિકાનો મોટો ફટકો, સોલર પેનલ્સની આયાત પર 125% ડ્યુટી ઝીંકી

નવી દિલ્હી, તા.25

અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ 125% થી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી (CVD) લાદી દીધી છે. અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે. આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ 125.87% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર 125.87% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર 104.38% અને લાઓસ માટે 80.67% રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે. વર્ષ 2025માં ભારત સહિત આ ત્રણ દેશોમાંથી અમેરિકામાં આશરે 4.5 બિલિયન ડોલરનું સોલર ઈમ્પોર્ટ થયું હતું. અગાઉ જ્યારે અમેરિકાએ વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર ડ્યુટી લગાવી હતી, ત્યારે ઘણી કંપનીઓ ભારત શિફ્ટ થઈ હતી. હવે ભારત પરના આ પ્રતિબંધોને કારણે ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકા જેવું મોટું માર્કેટ મોંઘું થઈ જશે. જોકે, આ નિર્ણય હજુ પ્રાથમિક છે અને અંતિમ ફેંસલો માર્ચમાં લેવામાં આવશે. આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ 125.87% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર 125.87% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર 104.38% અને લાઓસ માટે 80.67% રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.





## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

### રાજકોટ વિભાગ માટે ઈ-હરાજી

રાજકોટ મંડળ માટે નીચેના કેટલોગ માટે ઈ-હરાજી માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ચૂક્યા છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-25-10 | ૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ - ) એપ્લિકેશન આધારિત કેબ / બાઈક સેવાઓ<br>૩) (પે અને યુઝ-લાઉન્જ/વેઈટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ)<br>૪) જાહેરાત - સ્ટેશન પરની જગ્યા (નોન-ડિજિટલ)<br>૫) જાહેરાત - આઉટ ઓફ હોમ | વિવિધ-સ્ટેટિક સેવાઓ જાહેરાત | 03/05 વર્ષ |
| PARKING-RJTBKNG- MX-21-25-1 | ૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ - મિશ્ર) | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ૧૮.૦૩.૨૬ સવારે ૧૦:૦૦ વાગ્યે ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ **WWW.IREPS.GOV.IN** (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 203

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# 1.54 કરોડનું સાયબર ફ્રોડ, મહિલા બેંક મેનેજર સહિત ત્રણ ઝડપાયા: મ્યુલ એકાઉન્ટ ઓપન કરીને સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવતા



**અમદાવાદ, તા.25**

કોઈપણ નાગરિક સાથે સાઈબર ક્રાઈમ કરવા માટે મ્યુઅલ એકાઉન્ટ જરૂરી છે ત્યારે હવે બેંક મેનેજર દ્વારા જ મ્યુઅલ એકાઉન્ટ ખોલી અને સાઈબર ફ્રોડ કર્યું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મહિલા બેંક મેનેજર સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. મહિલા બ્રાન્ચ મેનેજરે મ્યુલ એકાઉન્ટ ખોલાવ્યું, બીજા કર્મચારીએ એકાઉન્ટના કેવાયસીમાં સુધારા કર્યા હતા. અન્ય મહિલા મેનેજરે સાયબર ફ્રોડના રૂપિયામાંથી સોનું ખરીદી સાયબર માફિયાને પહોંચાડ્યું હોવાની વિગતો સામે આવી રહી છે. આ મામલે કુલ પાંચ આરોપીઓની ધરપકડ થઈ ગઈ છે. જ્યારે માસ્ટર માઈન્ડ બે આરોપીઓની ધરપકડ કરવા માટે સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા તપાસ હાથ ધરાઈ છે.

શહેરના એક સિનિયર સિટિઝનને ટાર્ગેટ કરી 15 ડિસેમ્બર 2025થી 4 ફેબ્રુઆરી, 2026 દરમ્યાન સાયબર માફિયાઓ જુદા જુદા રોકાણ કરાવી વધુ નફાની લાલચ આપી રૂપિયા 1.54 કરોડ પડાવી લીધા હતાં. સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા પ્રાથમિક તપાસ શરૂ કરી હતી. પોલીસે અમદાવાદ, સુરત અને ભાવનગર તથા અન્ય શહેરોમાં દરોડા પાડી તપાસ કરતાં આ સાયબર ફ્રોડના 10 લાખ રૂપિયા હરેશ મકવાણા (સુરત) તથા રાજુ મકવાણા (ભાવનગર) ના ખાતામાં જમા થયા હોવાની વિગતો સામે આવી હતી. જેને પગલે પોલીસે તેમની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

વધુ તપાસમાં એવી ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ સાયબર ફ્રોડમાં ખુદ બેંકની બે મહિલા મેનેજર સહિત ત્રણ કર્મચારીઓની સંડોવણી સામે આવી છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર એન. આર. ગામીતની ટીમે ઈન્ડસઈન્ડ બેંક ચાંદખેડા બ્રાંચના બ્રાન્ચ મેનેજર પૂજા ફ્રેડરિક પરીયત, ઈન્ડસઈન્ડ બેંકની ઈસીબીડી મેનેજર હિના દિવ્યમ દરજી તથા ઈન્ડસઈન્ડ બેંક ગોતા બ્રાંચના એકાઉન્ટ મેનેજર મહેશ રાજેશકુમાર તારાણીની ધરપકડ કરી છે.

ત્રણેયની પૂછપરછ કરતાં સામે આવ્યું હતું કે, તેમની વિવાદાસ્પદ કામગીરી બેંકના ધ્યાનમાં આવતાં તેમના એમ્પ્લોય કોડ બંધ કરી તેમની પાસેથી બેંક એકાઉન્ટ ઓપન કરવાના પાવર પણ લઈ લેવામાં આવ્યા હતા. બેંક કર્મચારી મહેશ એકાઉન્ટ ખોલાવવા માટે એજન્ટોના માણસોને બેંકમાં લાવતો હતો. પૂજા પોતે મેનેજર હોવાથી તે એકાઉન્ટ ઓપન કરી આપતી હતી અને બેંકના નિયમ મુજબ એકાઉન્ટ ઓપન થયા બાદ 3 મહિના સુધી ફોન નંબર કે મેઈલ આઈડી ચેન્જ કરી શકાય નહીં. તેમ છતાં તમામ ફેરફાર કરી દેવામાં આવતા હતા.

સાયબર ફ્રોડના રૂપિયા આવે એટલે તેની એફડી કરી દેવામાં આવતી અને હિના આ એફડી લઈ સોનાના શો રૂમમાં જઈ તેના આધારે શિવરંજની વિસ્તારમાં આવેલા તનિષ્કના શોરૂમમાં જઈને સોનું ખરીદી સાયબર માફિયાના એજન્ટને આપતી હતી. તેઓને કમિશન પેટે એક લાખ મળતા હોવાની વિગતો સામે આવી છે.

માસ્ટર માઈન્ડ હરકિશન તથા અકિબ ઉર્ફે કાળુભાઈ લાખેપોટાની ધરપકડ કરવા કવાયત ચાલી રહી છે. તેઓ ચાઈનીઝ ગેંગ માટે મ્યુલ એકાઉન્ટ ભાડે લેતા અને રૂપિયા સાયબર માફિયાને પહોંચાડતા હતા. હવે તેમને ઝડપી લેવા માટેની કવાયત ચાલી રહી છે.

જ્યારે પૂજાએ તેની નોકરી દરમિયાન જે એકાઉન્ટ ખોલાવ્યા છે તેમાં સાયબર ફ્રોડના 400 ગુનાઓ નોંધાયા હોવાની વિગતો પણ સામે આવી રહી છે. માસ્ટર માઈન્ડ પાલીતાણાનો હોવાની વિગતો પણ સામે આવી રહી છે.

## આસારામ આશ્રમની અપીલ પર ચુકાદો અનામત: ચુકાદો ના આવે ત્યાં સુધી આશ્રમ વિરુદ્ધ નકારાત્મક પગલા નહીં લેવા ડબલ જજની બેન્ચનો આદેશ



**અમદાવાદ, તા.25**

આસારામ આશ્રમ દ્વારા કલેકટરના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં સિંગલ જજે કલેકટરના હુકમને યોગ્ય ઠેરવ્યો હતો. તેની સામે આશ્રમ દ્વારા ડબલ જજની બેન્ચ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવી હતી. જેની ઉપર લંબાણપૂર્વક સુનાવણી બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે. જ્યાં સુધી ચુકાદો જાહેર ન થાય ત્યાં સુધી આશ્રમ વિરુદ્ધ નકરાત્મક પગલાં નહીં લેવા કોર્ટે આદેશ કર્યા છે.

અગાઉ ગુજરાત સરકારે આસારામને આશ્રમ બનાવવા જમીન આપી હતી. જમીન આશ્રમશાળા અને બિન નફાકારક હેતુ અને બાંધકામ પહેલા પૂર્વ મંજૂરીની શરતો સાથે આપી હતી. સમયાંતરે આસારામ આજુબાજુની જમીન ઉપર પૂર્વ મંજૂરી વગર બાંધકામ કરીને દબાણ કરતો રહ્યો, પછી રેગ્યુલાઈઝની ફી ભરીને તેને અધિકૃત કરાવતો રહ્યો.

આ બાબતે કલેક્ટરે કહ્યું હતું કે શરતો પૈકી નફાકારક કામ નહીં કરવાની શરત છતાં ત્યાં જુદી જુદી વસ્તુઓનું વેચાણ થતું, બાંધકામ કરવા કોઈ પૂર્વ મંજૂરી લેવાઈ નહોતી. જેથી જમીન આપતી વખતે જે શરતો મુકાઈ હતી તેના ભંગ બદલ જમીન પરત લેવા નિર્ણય કર્યો છે. આ જમીન 33 હજાર સ્ક્વેર મીટર જેટલી છે.

ગઈકાલે(24 ફેબ્રુઆરી) વલસાડ શહેરના સરદાર હાઈટ્સ બિલ્ડિંગ, પાલીહિલ, પ્રમુખ પાર્ક, ભકગડાવાડા, રામજી મંદિર પાછળ, કોસંબા રણછોડજી મંદિર પાછળ સહિતના વિસ્તારોમાં સાધકોનાં ઘરે-ઘરે જઈને આસારામે મુલાકાત લીધી હતી, જોકે, આ દરમિયાન મીડિયાને કવરેજ કરતાં અટકાવવામાં આવ્યા હતા.

## કાંકરિયા અનુપમ બ્રિજ માર્ચમાં 10 દિવસ રાત્રિના બંધ રહેશે: બુલેટ ટ્રેનના સ્ટીલ બ્રિજની કામગીરીને લઈ રાત્રિના 11થી સવારે 6 વાગ્યા સુધી વાહન વ્યવહાર બંધ



**અમદાવાદ, તા.25**

અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. સાબરમતીથી લઈને વટવા સુધી બુલેટ ટ્રેનના પિલ્લરથી લઈ સેગમેન્ટ સહિતના અલગ અલગ કામ ચાલી રહ્યા છે, ત્યારે કાંકરિયા રેલવે યાર્ડ નજીક અનુપમ રેલવે ઓવરબ્રિજ પાસે બુલેટ ટ્રેનની કામગીરી કરવાની હોવાથી માર્ચ મહિનામાં 10 દિવસ અનુપમ રેલવે ઓવરબ્રિજ રાત્રિના સમયે વાહન ચાલકો માટે બંધ કરાશે. વાહન ચાલકોએ બંને તરફ અવર-જવર કરવા વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી સાબરમતીથી વટવા સુધી ચાલી રહી છે. જે અંતર્ગત અનુપમ રેલવે ઓવર બ્રિજ પર સ્ટીલ બ્રિજ બનાવવાનું કામ અને ખસેડવાની કામગીરી માર્ચ મહિનામાં કરવામાં આવશે. જેથી 9થી 11 માર્ચ અને 20, 21 તેમજ 26થી 30 માર્ચ દરમિયાન રાત્રિના 11 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી બંધ રહેશે. જેને કારણે અનુપમ બ્રિજના પૂર્વ અને પશ્ચિમ બંને છેડે વાહનોના અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## ગુજરાતમાં ત્રણેય ઋતુનો એકસાથે અનુભવ: ઉનાળાના આગમન વચ્ચે આગામી 24 કલાક કમોસમી વરસાદની આગાહી



**અમદાવાદ, તા.25**

રાજ્યના હવામાનમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પલટો જોવા મળી રહ્યો છે. એક તરફ શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે, તો બીજી તરફ રાજ્યના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થવાની શક્યતા સેવાઈ રહી છે. હવામાન વિભાગની તાજી આગાહી મુજબ, આગામી 24 કલાક દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે, જેને પગલે ધરતીપુત્રોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ એ.કે.દાસના જણાવ્યા અનુસાર, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ખાસ કરીને અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગાજવીજ સાથે હળવા વરસાદી ઝાપટાં પડી શકે છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત અને પૂર્વ પટ્ટીના જિલ્લાઓ, જેવા કે અરવલ્લી અને સાબરકાંઠામાં પણ છૂટાછવાયા વરસાદની સંભાવના છે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો નર્મદા, તાપી અને ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. આ કમોસમી વરસાદને કારણે ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

વરસાદની આગાહી વચ્ચે રાજ્યનાં મોટા ભાગનાં શહેરોમાં તાપમાનનો પારો ઊંચકાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના હબ ગણાતા રાજકોટમાં મહત્તમ તાપમાન 37.7 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય તાપમાન કરતાં 5 ડિગ્રી જેટલું વધારે છે. રાજકોટવાસીઓ અત્યારથી જ ધોમધખતા ઉનાળાનો અનુભવ કરી રહ્યા છે. બીજી તરફ, રાજ્યના પાટનગર અમદાવાદમાં મહત્તમ તાપમાન 35.7 ડિગ્રી અને લઘુતમ તાપમાન 21.8 ડિગ્રી નોંધાયું છે. દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીને કારણે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, જે સ્વાસ્થ્ય માટે પણ પડકારજનક બની શકે છે.

જોકે હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આ કમોસમી વરસાદની સ્થિતિ લાંબો સમય નહીં ટકે. હવામાન વિભાગના રિપોર્ટ અનુસાર, આવતીકાલે એટલે કે 26 ફેબ્રુઆરીથી 3 માર્ચ દરમિયાન રાજ્યભરમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની શક્યતા છે. આગામી 7 દિવસોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી, એટલે કે ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે, પરંતુ એમાં મોટો ઉછાળો જોવા મળશે નહીં. માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળામાં ખરી ગરમી પડે એવી પૂરેપૂરી શક્યતા છે.

## વસ્ત્રાપુરમાં આતંક મચાવનાર 'ઘુવડ ગેંગ'ની સાન ઠેકાણે લવાઈ: હોર્ન મારવા જેવી બાબતે યુવકની હત્યાનો પ્રયાસ કરાયો



**અમદાવાદ, તા.25**

વસ્ત્રાપુર વિસ્તારમાં બે યુવક પર 10 થી 15 લોકોના ટોળા ભેગા થઈને જીવલેણ હુમલો કર્યો હતો. જેમાંથી એક યુવકને પીઠના ભાગે છરીના ઘા મારવામાં આવ્યા હતા.બનાવ બાદ આરોપી ફરાર થઈ ગયા હતા. જો કે પોલીસે બનાવના 10 દિવસ બાદ પાંચ આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે આરોપીઓને બરાબરનો પાઠ ભણાવી ઘટના સ્થળે લઈ જઈ સરભરા કરી હતી. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ શક્તિ સ્ક્વેર કોમ્પ્લેક્સમાં મહાવીરસિંહ મોરી ગાડી લે વેચનો ધંધો કરે છે.14 ફેબ્રુઆરી 2025ની રાત્રે તેઓ બાંકડા પર બેઠા હતા ત્યારે ઘુવડ ગેંગના 10 થી 15 લોકોએ અગાઉ સરખેજ પોલીસ સ્ટેશનમાં કરેલા એક કેસની અદાવત રાખીને છરા ,લાકડી અને પાઈપ વડે હુમલો કર્યો હતો.હુમલામાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી.

આ બનાવ બાદ સર્વેલન્સ સ્ટાફે બાતમીના આધારે ઘોડાસર તરફથી નંબર પ્લેટ વગરની ક્રેટા કારમાં ભાગી રહેલા આરોપીઓનો પીછો કર્યો હતો.વિશાલા બ્રિજ પાસે પોલીસે કારને કોર્ડન કરી રોકી હતી અને કારમાં બેઠેલા પાંચેય આરોપી પરેશ દેસાઈ ,સુનિલ રબારી ,ટાઈગર દેસાઈ,જયેશ રબારી,મોન્ટુ ભરવાડની ધરપકડ કરી છે.જોકે હજુ ફરાર આરોપીઓની તપાસ ચાલી રહી છે. એસીપી જયેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે ફરિયાદી સિંધુ ભવન રોડ પર જઈ રહ્યા હતા ત્યારે હોર્ન મારવા અને પાર્ક કરવા બાબતે આરોપીઓ સાથે માથાકૂટ થઈ હતી.જે બાદ બંને વચ્ચે સમાધાન પણ થયું હતું.

## પેપરલેસ વિધાનસભા : કરોડોના ખર્ચે NeVA એપ વિકસાવી, છતાં અમૂક મંત્રીઓના નામ જૂના' જ...!

### કાગળ ગયા, ભૂલો રહી ગઈ! પેપરલેસ વિધાનસભામાં મંત્રીઓના નામ અપડેટ કરવામાં આળસ

**ગાંધીનગર તા.25**

ગુજરાત વિધાનસભાને પેપરલેસ - Digital House બનાવવા માટે નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન (NeVA) એપ્લિકેશન પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો, જેની પાછળ સરકારે રૂપિયા ૧૭.૮૧ કરોડનો ખર્ચ કર્યો છે. હવે ટનબંધ કાગળ બચત કરવા પાછળ સરકારે બધા ધારાસભ્યો માટે તેમની બેઠકની સામે સ્માર્ટ ટેબ્લેટ્સ લગાવી દીધેલા છે, જેના થકી તેઓ પ્રશ્નોતરી, બિલ અને અન્ય દસ્તાવેજો ડિજિટલ સ્વરૂપે સારી રીતે જોઈ શકે છે.

ગુજરાત વિધાનસભાને સંપૂર્ણ પેપરલેસ બનાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે 'નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન' (NeVA) કાર્યરત કરવામાં આવી છે. હાલમાં 15મી વિધાનસભાનું આઠમું સત્ર ચાલી રહ્યું છે અને તેની તમામ કાર્યવાહી ડિજિટલ માધ્યમથી NeVA પર મૂકવામાં આવે છે. પરંતુ, આ હાઈટેક સિસ્ટમમાં એક મોટી બેદરકારી સામે આવી છે. મંત્રીમંડળ બદલાયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં, સત્તાવાર ડિજિટલ રેકોર્ડમાં હજુ પણ જૂના મંત્રીઓના નામ જ દર્શાવવામાં આવી રહ્યા છે.

NeVAની વેબસાઈટ પર જઈને 'ડિજિટલ ગ્રંથાલય' પર ક્લિક કરે ત્યારે પ્રશ્નોત્તરીની વિગતો ખુલે છે. આ પ્રશ્નોત્તરીમાં એક કોલમ 'મંત્રાલયના સભ્યોના નામ'ની છે. આશ્ચર્યની વાત એ છે કે, આ કોલમમાં નવા નિમાયેલા મંત્રીઓના નામ અપડેટ કરવાને બદલે હજુ પણ અમૂક જૂના મંત્રીઓના નામ ભૂલના કારણે યથાવત છે.

એક તરફ સરકાર 'ડિજિટલ ઈન્ડિયા' અને 'પેપરલેસ ગવર્નન્સ'ની વાતો કરે છે, બીજી તરફ રાજ્યની સર્વોચ્ચ સંસ્થા ગણાતી વિધાનસભાના સત્તાવાર પોર્ટલ પર આવી પ્રાથમિક ભૂલો જોવા મળી રહી છે. મંત્રીમંડળના ફેરફારને ઘણો સમય થયો હોવા છતાં ટેકનિકલ ટીમ કે મંત્રાલય દ્વારા આ વિગતો સુધારવામાં કેમ નથી આવી તે એક મોટો પ્રશ્ન છે.

હવે જોવાનું એ રહે છે કે, આ ગંભીર છબરડો સામે આવ્યા બાદ તંત્ર સફાળું જાગીને NeVA પોર્ટલ પર નવીનતમ વિગતો ક્યારે અપડેટ કરે છે.

## હોળી પર મુસાફરોના ધસારાને લઈ અમદાવાદ રેલવે મંડળ સજ્જ: મુસાફરો માટે ખાસ વ્યવસ્થા, વિવિધ ડેસ્ટિનેશન પર 684 ટ્રેનનું સંચાલન

**અમદાવાદ, તા.25**

આગામી હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે તૈયારીઓ કરવામાં આવી છે. મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં મુસાફરોના સુગમ અવરજવર માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. આ તહેવાર દરમિયાન મુસાફરોને તકલીફ ન પડે તે માટે રેલવે દ્વારા કેટલીક ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. હોળીના પર્વ દરમિયાન મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ ડેસ્ટિનેશન માટે કુલ 684 ટ્રેન ટ્રિપ્સ સંચાલિત કરવામાં આવશે. એ સિવાય પ્લેટફોર્મ પર બિનજરૂરી ભીડ ટાળવા માટે કાલુપુર અને સારસપુર બંને બાજુ વિશાળ 'હોલ્ડિંગ એરિયા' તૈયાર કરવામાં આવ્યા છે. કાલુપુર સાઈડમાં MMTH બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર અંદાજે 43,056 વર્ગ ફૂટ જેટલો મોટો વિસ્તાર મુસાફરો માટે ફાળવવામાં આવ્યો છે. સારસપુર સાઈડમાં પણ બુકિંગ ઓફિસ પાસે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

સાબરમતી રેલવે સ્ટેશન પર પણ 4,000 થી 5,000 મુસાફરો બેસી શકે તેવી પૂરતી વ્યવસ્થા કરાઈ છે. મોટાભાગની હોળી સ્પેશિયલ ટ્રેનો પ્લેટફોર્મ નંબર 8 પરથી દોડાવવામાં આવશે જેથી ભીડનું યોગ્ય નિયંત્રણ થઈ શકે. મુસાફર માટે હોલ્ડિંગ એરિયામાં પંખા, પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો અને અસ્વસ્થ મુસાફરોને મદદ કરવા માટે સિવિલ ડિફેન્સ ટીમ તૈનાત કરવામાં આવશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**




